અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

10 JANUARY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 190 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

'PM મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને ફોન ન કર્યો અને ડીલ અટકી': ભારત-US વચ્ચે ટ્રેડ ડીલને લઈ અમેરિકાના....

4

મકર સંક્રાંતિ અને ઉત્તરાયણ એ ખગોળીય ઘટનાનું મહાત્મ્ય દર્શાવતો હિન્દુ તહેવાર છે

6

શાર્ક ટેન્ક ઇન્ડિયામાં મેન્સ ઇનરવેર બ્રાન્ડની મજાક ઉડાવવામાં આવી

7

નિફ્ટી પણ 193 પોઈન્ટ ઘટીને 25,683 પર બંધ થયો, ઓટો અને રિયલ્ટી શેરોમાં વેચવાલી

## હિમાચલમાં ખીણમાં ખાબકી બસ, 12નાં મોત

### બાળકી સહિત 33 ઈજાગ્રસ્ત, બસના ફુરચા ઉડી ગયા, છત ચેસિસથી અલગ થઈ ગઈ

**હરિપુરધાર, તા.09**

હિમાચલ પ્રદેશના સિરમૌરમાં શુક્રવારે એક પ્રાઈવેટ બસ 200 મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં 12 લોકોના મોત થયા હતા. 33 મુસાફરો ઘાયલ છે. જેમાં એક બાળકી સહિત 4ની હાલત નાજુક છે. બાળકીને નાહન અને અન્ય ત્રણને IGMC શિમલા રિફર કર્યા છે.



સિરમૌરના DC પ્રિયંકાએ જણાવ્યું કે, પ્રાથમિક માહિતી અનુસાર, અકસ્માત બસ સ્કીડ થવાને કારણે થયો હોવાનું જણાઈ રહ્યું છે. બસમાં 45 મુસાફરો સવાર હતા, જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતા.

પોલીસ આ મામલે તપાસમાં લાગી ગઈ છે. મૃતકોની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. આ અકસ્માત બપોર પછી પોણા 3 વાગ્યે સિરમૌરના હરિપુરધાર બજારથી લગભગ 100 મીટર પહેલા થયો હતો. બસમાં કુપવી (શિમલા) અને હરિપુરધાર વિસ્તાર (સિરમૌર)ના લોકો સવાર હતા.

શિમલાથી કુપવી જઈ રહી હતી પ્રાઈવેટ બસ જીત કોચ બસ શિમલાથી સોલન અને સિરમૌર થઈને કુપવી જઈ રહી હતી. શિમલા શહેરથી સવારે 7:30 વાગ્યે બસ રવાના થઈ હતી. કુપવીથી 28 કિલોમીટર પહેલા જ બસ નીચે ખીણમાં પડી ગઈ. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ કાર્યમાં લાગી ગયા. પોલીસ, પ્રશાસન અને આરોગ્ય વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી.

બસ નીચે 5 લોકો દટાયા હતા બસ નીચે 5થી વધુ મુસાફરો દટાયા હતા. ગ્રામજનોએ બસને પલટાવીને બધાને બહાર કાઢ્યા. તેમાંથી ચાર મુસાફરોનું મોત થયું. ઘાયલોને બહાર કાઢવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. ઘટનાસ્થળ અને હરિપુરધાર હોસ્પિટલની બહાર સેંકડો લોકો એકઠા થયા.

બસના ફુરચા ઉડી ગયા, છત ચેસિસથી અલગ થઈ ગઈ અકસ્માત બાદ બસ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ. બસના ફુરચા ઉડી ગયા. બસની છત ચેસિસથી અલગ થઈ ગઈ. પાછળના બંને ટાયર પણ બસમાંથી નીકળીને દૂર જઈને પડ્યા. ઘટના બાદ સ્થળ પર ચીસાચીસ મચી ગઈ.

નાહનથી પણ મેડિકલ ટીમ હરિપુરધાર હોસ્પિટલ મોકલાઈ સિરમૌરના DC પ્રિયંકાએ જણાવ્યું કે બસમાં 45 મુસાફરો હતા. નાહનથી પણ મેડિકલ ટીમ હરિપુરધાર હોસ્પિટલ માટે મોકલી દેવામાં આવી છે. તેઓ પોતે અને SP પણ ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે.

પ્રાઈવેટ વાહનોમાં ઘાયલોને હોસ્પિટલ પહોંચાડ્યા SHO સંગડાહ પ્રીતમે જણાવ્યું કે ઘટનાસ્થળેથી કેટલાક લોકોએ પોતાના પ્રાઈવેટ વાહનોમાં ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા. કેટલાક ઘાયલોને હરિપુરધાર, રાજગઢ અને નાહનની હોસ્પિટલમાં દાખલ કર્યા છે.

SDMએ કહ્યું- પ્રારંભિક તપાસમાં ધૂમ્મસને કારણે અકસ્માત SDM સંગડાહ સુનીલ કાયથે જણાવ્યું કે જે જગ્યાએથી બસ રોડ પરથી બહાર પલટી છે, ત્યાં ધૂમ્મસ છવાયેલું હતું. તેના પરથી લાગી રહ્યું છે કે બસ ધૂમ્મસને કારણે લપસી ગઈ હશે. પરંતુ હજુ પાક્કાપાયે એવું કહી શકાય નહીં. તેમણે જણાવ્યું કે આ અકસ્માતની મેજિસ્ટ્રેટ તપાસ કરાવવામાં આવશે. તેમાં અકસ્માતના સાચા કારણો જાણી શકશે.

મુખ્યમંત્રીએ અકસ્માત પર દુ:ખ વ્યક્ત કર્યું મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ હરિપુરધાર બસ દુર્ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું. તેમણે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી. મુખ્યમંત્રીએ જિલ્લા તંત્રને નિર્દેશ આપ્યા કે મૃતકોના પરિવારજનોને શક્ય તમામ સહાય પૂરી પાડવામાં આવે અને ઘાયલોની સારવાર સુનિશ્ચિત કરવામાં આવે.

બસની છત પર સવાર મુસાફરોનો વીડિયો વાઈરલ સોશિયલ મીડિયામાં જીત કોચ બસની છત પર સવાર લોકોનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. તેમાં મોટી સંખ્યામાં લોકો છત પર સવાર છે. પરંતુ તંત્રએ તેની સત્તાવાર પુષ્ટિ થઈ રહી નથી કે આ વીડિયો આજનો છે કે પહેલાનો વાઈરલ કરવામાં આવી રહ્યો છે. જોકે, એવું જણાવવામાં આવી રહ્યું છે કે હરિપુરધાર બજાર પહોંચતા પહેલા જ ડ્રાઈવર-કંડક્ટરે 10 લોકોને ચલણના ડરથી ઉતારી દીધા હતા.

પોષ તહેવાર માટે ઘર જઈ રહ્યા હતા શિમલાના કુપવી વિસ્તારમાં પોષ તહેવાર ઉજવવામાં આવે છે, જે સંક્રાંતિ પહેલા આવે છે. આ જ કારણોસર સોલન અને શિમલામાં રહેતા લોકો પોતાના ગામ પરત ફરી રહ્યા હતા.

## મમતાએ કહ્યું- મારી પાસે શાહ વિરુદ્ધ પેન ડ્રાઇવ, પુરાવા છે: જો મને છેડશો તો હું તમને છોડીશ નહીં, EDની રેડ બાદ કોલકાતામાં રેલી કરી

**કોલકાતા, તા.09**



ગુરુવારે પશ્ચિમ બંગાળમાં TMCના IT સેલના ચીફના ઠેકાણાઓ પર ઈડીના દરોડાના વિરોધમાં TMC દિલ્હીથી કોલકાતા સુધી વિરોધ પ્રદર્શન કરી રહી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ED સામે બે FIR નોંધાવી છે અને કોલકાતામાં કૂચ પણ કરી છે.

આ દરમિયાન મમતા બેનર્જીએ દાવો કર્યો કે તેમની પાસે ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ આરોપોવાળી પેન ડ્રાઇવ છે. તેમણે કહ્યું કે કોલસા કૌભાંડની રકમ દિલ્હીના વરિષ્ઠ ભાજપના નેતાઓ સુધી પહોંચે છે. 'મારી પાસે આના પુરાવા છે,' તેમણે કહ્યું. જો જરૂર પડે તો, હું તેમને જનતા સમક્ષ રજૂ કરી શકું છું,"

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું, મેં ગઈકાલે જે કર્યું તે યોગ્ય જ હતું. હું હુમલાઓ સામે ટેવાયેલી છું. ગઈકાલનો દિવસ મારા માટે પુનર્જન્મ જેવો હતો.

આ તરફ, કોલકાતા હાઈકોર્ટે કોર્ટ પરિસરમાં ભારે ભીડ અને હોબાળાને કારણે, EDની અરજી પર સુનાવણી ટળી હતી. અરજીમાં દરોડા દરમિયાન દખલ કરવાના આરોપમાં મમતા બેનર્જી સામે FIR નોંધવાની માંગ કરી હતી.

ચૂંટણી પંચમાં બેઠેલા એક અધિકારીએ અગાઉ અમિત શાહના સહકાર વિભાગના સચિવ તરીકે સેવા આપી હતી. મને આનો કોઈ વ્યક્તિગત વાંધો નથી, પરંતુ ભાજપે હરિયાણા અને બિહારમાં બળજબરીથી સત્તા કબજે કરી હતી, અને હવે બંગાળમાં પણ આ જ પ્રયાસ થઈ રહ્યો છે. SIRના નામે સ્થાનિક લોકોને હેરાન કરવામાં આવી રહ્યા છે, જેમાં વૃદ્ધો અને ગર્ભવતી મહિલાઓનો પણ સમાવેશ થાય છે. બંગાળી ભાષી લોકોને બાંગ્લાદેશી કહેવામાં આવી રહ્યા છે. ભાજપ રોહિંગ્યાઓ વિશે વાત કરે છે, પરંતુ જો આસામમાં રોહિંગ્યા છે, તો ત્યાં SIR કેમ લાગુ કરવામાં આવ્યું નથી?

EDએ દરોડા દરમિયાન પાર્ટીનો ડેટા અને રણનીતિ ચોરી કરવાનો પ્રયાસ કર્યો. EDના દરોડા દરમિયાન હું ગઈકાલે ઘટનાસ્થળે હતી અને મેં કંઈ ખોટું કર્યું નથી.

EDના દરોડાના વિરોધમાં શુક્રવારે TMCએ દિલ્હીથી લઈનો કોલકાત્તા સુધી વિરોધ પ્રદર્શન કર્યું. શુક્રવારે સવારે, પાર્ટીના આઠ સાંસદોએ દિલ્હીમાં ગૃહ મંત્રાલયની બહાર વિરોધ પ્રદર્શન કર્યું. ડેરેક ઓ'બ્રાયન, મહુઆ મોઈત્રા અને કીર્તિ આઝાદે સૂત્રોચ્ચાર કર્યા હતા.

સાંસદોએ બંગાળમાં મોદી-શાહની ગંદી યુક્તિઓ નહીં ચાલેના સૂત્રોચ્ચાર કર્યા. દિલ્હી પોલીસે સાંસદોને હટાવવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન ધક્કામુક્કી થઈ, કેટલાક સાંસદો પડી પણ ગયા. પોલીસે સવારે 10 વાગ્યે સાંસદોની અટકાયત કરી અને બપોરે 12 વાગ્યે છોડી મુક્યા હતા. મહુઆએ કહ્યું- જુઓ, ચૂંટાયેલા સાંસદો સાથે કેવો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે.

## સંસદનું બજેટ સત્ર 28 જાન્યુઆરીથી શરૂ થઈ શકે છે : 1 ફેબ્રુઆરીએ બજેટ, શિયાળુ સત્રમાં VB-G RAM G બિલ સહિત 8 બિલ પસાર થયા

**નવી દિલ્હી, તા.09**

સંસદનું બજેટ સત્ર 28 જાન્યુઆરીથી શરૂ થઈ શકે છે. કેન્દ્રીય બજેટ 1 ફેબ્રુઆરી, રવિવારે રજૂ થઈ શકે છે. સંસદના અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું કે આ સંભવિત કાર્યક્રમ સંસદીય બાબતોની કેબિનેટ કમિટીએ બનાવ્યો છે. તે મુજબ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 28 જાન્યુઆરીએ બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધન કરશે. રાષ્ટ્રપતિનું પરંપરાગત સંબોધન વર્ષના પ્રથમ સંસદ સત્રના પ્રથમ દિવસે હોય છે. બંને ગૃહો 29 જાન્યુઆરીએ મળશે નહીં કારણ કે તે જ દિવસે બીટિંગ રિટ્રીટ સમારોહ યોજાશે. સંસદ 30 જાન્યુઆરીએ બેઠક કરશે. તે દિવસે ઈકોનોમિક સર્વે રજૂ થઈ શકે છે. 31 જાન્યુઆરીએ લોકસભા અને રાજ્યસભા મળશે નહીં. કેન્દ્રીય બજેટ 1 ફેબ્રુઆરી, રવિવારે રજૂ કરવામાં આવશે.



રાષ્ટ્રપતિના સંબોધન અને કેન્દ્રીય બજેટ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા કર્યા પછી, સંસદ 13 ફેબ્રુઆરીથી લગભગ એક મહિનાના રજાના સમયગાળા માટે સ્થગિત થશે. સંસદ 9 માર્ચે ફરીથી બેઠક કરશે અને સત્ર 2 એપ્રિલ, ગુરુવારે સમાપ્ત થશે. અધિકારીઓએ જણાવ્યું કે સામાન્ય રીતે સંસદ શુક્રવારે સ્થગિત કરવામાં આવે છે, પરંતુ 3 એપ્રિલે ગુડ ફ્રાઈડે અને તે પછીના વીકએન્ડને ધ્યાનમાં રાખીને, સત્ર 2 એપ્રિલે સમાપ્ત થઈ શકે છે. બજેટ સત્રમાં રજા સંબંધિત સ્થાયી સમિતિઓને વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોની માંગણીઓની તપાસ કરવાનો સમય મળે છે. સંસદનું શિયાળુ સત્ર 1 ડિસેમ્બરથી 19 ડિસેમ્બર સુધી ચાલ્યું હતું. આ દરમિયાન લોકસભા અને રાજ્યસભામાંથી VB-G RAM G સહિત 8 બિલ પસાર કરવામાં આવ્યા. 2 બિલ સંસદીય સમિતિને મોકલવામાં આવ્યા. કોંગ્રેસ સાંસદ જયરામ રમેશે આરોપ લગાવ્યો હતો કે સત્રની શરૂઆત રવીન્દ્રનાથ ટાગોરના અપમાનથી થઈ અને સમાપ્ત મહાત્મા ગાંધીના અપમાન સાથે થઈ. પીએમ મોદીની રણનીતિ સ્પષ્ટ હતી, જે આધુનિક ભારત બનાવનારા ત્રણ લોકો (ટાગોર, મહાત્મા ગાંધી અને જવાહરલાલ નેહરુ)નું અપમાન કરવાનું હતું. રમેશે કહ્યું- વંદે માતરમ્ પરની ચર્ચા સરકાર દ્વારા નેહરુને બદનામ કરવા અને ઈતિહાસને તોડી-મરોડી રજૂ કરવા પર હતી.

## રખડતા કૂતરાઓ મામલે શર્મિલા ટાગોરના વકીલ સુપ્રીમ કોર્ટ પહોંચ્યા

### ટાગોરના વકીલે કહ્યું- દિલ્હી AIIMSમાં ફરતો કૂતરો કોઈને કરડ્યો નથી, જજે કહ્યું- આ કૂતરાની મહાનતા નથી

**નવી દિલ્હી, તા.09**

શુક્રવારે સતત ત્રીજા દિવસે સુપ્રીમ કોર્ટે રખડતા કૂતરાના કેસની સુનાવણી કરી. અરજદારોમાંની એક અભિનેત્રી શર્મિલા ટાગોરે સમસ્યાના ઉકેલ માટે લેવામાં આવેલા હાલના પગલાંનો વિરોધ કર્યો. તેમના વકીલે કહ્યું કે બધા કૂતરા આક્રમક નથી હોતા. દિલ્હીના AIIMSમાં ગોલ્ડી નામનો એક કૂતરો છે જે વર્ષોથી ત્યાં છે પરંતુ તે ક્યારેય કોઈને કરડ્યું નથી.



આ બાબતે કોર્ટે ટાગોરના વકીલને ઠપકો આપતા કહ્યું, 'શું તે કૂતરાને પણ હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યો હતો?' શેરીના કૂતરાઓમાં ઘણીવાર કીડા-મકોડા હોય છે અને હોસ્પિટલમાં આવા ચેપગ્રસ્ત કૂતરાઓની હાજરી ભયાનક પરિસ્થિતિ ઉભી કરી શકે છે.

શું તમે આ સમજો છો? અમે આ ચર્ચાની વાસ્તવિકતા સમજાવીશું. તમે સંપૂર્ણપણે સત્યથી દૂર છો, અને આવા કૂતરાઓને હોસ્પિટલમાં સારા કે મહાન દેખાડવાનો પ્રયાસ કરશો નહીં.

સુનાવણી દરમિયાન, અરજદાર વતી વકીલ અભિષેક મનુ સિંઘવીએ કોર્ટને આ મામલામાં દખલ ન કરવા વિનંતી કરી. ACGS (All Creatures Great and Small) નામની સંસ્થા વતી દલીલ કરતા સિંઘવીએ કહ્યું કે આ મામલો હવે ફક્ત કૂતરા અને માણસો વચ્ચેનો નથી, પરંતુ બંધારણના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો તેમાં સામેલ છે. આવી સ્થિતિમાં, કોર્ટે દખલ ન કરવી જોઈએ. જ્યારે સંસદ જાણી જોઈને દખલ ન કરી રહી હોય, ત્યારે કોર્ટે પણ દખલ ન કરવી જોઈએ.

સિંઘવીએ વધુમાં કહ્યું કે એમિકસ ક્યુરી (કોર્ટના સલાહકારો) સારા છે પણ તેઓ કાયદાના સલાહકાર હોય છે. વિષય નિષ્ણાત નથી. આવા કિસ્સાઓમાં, ડોમેન એક્સપર્ટ(જેમ કે પશુ, પર્યાવરણીય અથવા આરોગ્ય નિષ્ણાતો) ને પણ સામેલ કરવા જોઈએ.

તેમણે અરવલ્લી કેસનો ઉલ્લેખ કર્યો, જ્યાં સમિતિ શરૂઆતમાં નિષ્ણાતોની નહીં, પરંતુ મોટાભાગે અધિકારીઓની બનેલી હતી. આના કારણે તે નિર્ણય પર પુનર્વિચારણા કરવી પડી.

ખરેખરમાં, સુપ્રીમ કોર્ટે 20 નવેમ્બર, 2025ના રોજ અરવલ્લી ટેકરીઓ પર પોતાનો ચુકાદો આપ્યો હતો. ચુકાદા મુજબ, ફક્ત 100 મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી ટેકરીઓને 'અરવલ્લી ટેકરીઓ' ગણવામાં આવશે. 29 ડિસેમ્બર, 2025ના રોજ, કોર્ટે પોતાનો નિર્ણય રોકી દીધો, અને કહ્યું કે પહેલા નિષ્ણાતનો અભિપ્રાય જરૂરી છે.

સીનિયર વકીલ મહાલક્ષ્મી પાવની (એનિમલ રાઈટ્સ એક્ટિવિસ્ટ)એ કહ્યું, 'લોકો કૂતરા રાખતી મહિલાઓ વિશે અપમાનજનક વાતો કહે છે. તેઓ કહે છે કે મહિલાઓ સંતોષ માટે કૂતરાઓ સાથે સૂવે છે.'

અન્ય અરજદારના વકીલે કહ્યું કે કૂતરાઓને માઈક્રોચિપ લગાવવાની સલાહ પણ માન્ય છે. તેની કિંમત 100-200 રૂપિયા છે. એકવાર ઈમ્પ્લાન્ટ કર્યા પછી, જો કોઈ આક્રમક કૂતરો લોકોનો પીછો કરે તો તેને ટ્રેક કરી શકાય છે અને ઓરેન્જ કેટેગરીમાં મૂકી શકાય છે. જો કરડવાની ઘટના બને છે, તો રેડ ફ્લેગ લગાવી શકાય છે. આ અન્ય દેશોમાં અસરકારક છે. જસ્ટિસ મહેતાએ પૂછ્યું, 'તે દેશોની વસ્તી કેટલી છે? જરા પ્રેક્ટિકલ વાત કરો.

એક વકીલે દલીલ કરી હતી કે બધા કૂતરા આક્રમક નથી હોતા. AIIMSમાં ઘણા વર્ષોથી ગોલ્ડી નામની એક માદા કૂતરી છે. કોર્ટે કડક ટિપ્પણી કરી હતી કે શેરીમાં રહેતા કૂતરાઓમાં કીડા હોય છે. જો આવા કૂતરાઓ હોસ્પિટલમાં હોય તો તે ખૂબ જ ખતરનાક બની શકે છે. હોસ્પિટલોમાં કૂતરાઓને સારા દેખાડવાનો અથવા 'મહાન' સાબિત કરવાનો પ્રયાસ કરશો નહીં.



# તંત્રની ઘોર બેદરકારીએ 4 વર્ષના માસૂમનો જીવ લીધો, ડ્રેનેજનું ઢાંકણ પડતા બાળકનું મોત

**અમદાવાદ, તા.09**

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા સરસપુર-રખિયાલ વોર્ડમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ગંભીર બેદરકારી સામે આવી છે. ડ્રેનેજની કામગીરી દરમિયાન સુરક્ષાના નિયમોને નેવે મૂકીને રસ્તા પર ખુલ્લું મુકાયેલું ભારેખમ ઢાંકણ 4 વર્ષના બાળક પર પડતા તેનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં કોર્પોરેશન સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, સારસપુર-રખિયાલ વોર્ડના સંજયનગર છાપરા વિસ્તારમાં ટેલિફોન એક્સચેન્જની ગલીમાં ડ્રેનેજ લાઈનનું કામ ચાલી રહ્યું હતું. ગુરુવારે સવારે આશરે 8:30 વાગ્યે, મેનહોલનું અંદાજે 12 ટન વજનનું ભારે ઢાંકણ કોઈ પણ જાતની સુરક્ષા વાડ કે ચેતવણી વગર અસ્થિર રીતે બાજુમાં મૂકવામાં આવ્યું હતું.

આ દરમિયાન ત્યાં નજીકમાં રમી રહેલો 4 વર્ષનો માસૂમ બાળક રેહાન યુનુસ ખાન અચાનક આ ઢાંકણ નીચે દબાઈ ગયો હતો. ઢાંકણ સીધું બાળકના માથા અને છાતીના ભાગે પડતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટના બાદ ઈજાગ્રસ્ત રેહાનને તાત્કાલિક 1200 બેડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તેને બચાવવા અથાગ પ્રયત્નો કર્યા હતા, પરંતુ કમનસીબે બપોરે 12 વાગ્યાની આસપાસ બાળકે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. બાળકના મોતના સમાચાર મળતા જ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક કોર્પોરેટર ઈકબાલ શેખ અને સામાજિક કાર્યકરો હોસ્પિટલ દોડી આવ્યા હતા. આગેવાનોએ આ ઘટનાને કોર્પોરેશનની સીધી નિષ્કાળજી ગણાવી છે. પોલીસ તપાસ અધિકારી (IO) સમક્ષ રજૂઆત કરવામાં આવી છે કે BNS કલમ 106(1) હેઠળ જવાબદાર મ્યુનિસિપલ અધિકારીઓ સામે ગુનો નોંધવામાં આવે અને પીડિત પરિવારને યોગ્ય આર્થિક વળતર ચૂકવવામાં આવે. કામકાજના સ્થળે સુરક્ષાના કડક ધોરણોનું પાલન કરાવવામાં આવે. હાલમાં સમગ્ર વિસ્તારમાં આ ઘટનાને લઈ શોકનો માહોલ છે. જનતામાં એક જ સવાલ પૂછાઈ રહ્યો છે કે, શું કોર્પોરેશનના અધિકારીઓની આ બેદરકારી સામે કોઈ નક્કર પગલાં લેવાશે કે ફરી કોઈ માસૂમ આવી બેદરકારીનો ભોગ બનશે?

# અમદાવાદ ફાયર વિભાગે છેલ્લા એક વર્ષમાં 600થી વધુ લોકોનો જીવ બચાવ્યો

**અમદાવાદ, તા.09**



અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ સતત સતર્ક રહીને 24 કલાક માનવજીવનની રક્ષા કરે છે. વર્ષ 2024-25 દરમિયાન ફાયર વિભાગે માત્ર આગ બુઝાવવાની કામગીરી જ નહીં, પરંતુ સંકટમાં ફસાયેલા નાગરિકોને જીવનદાન આપવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી સફળતાપૂર્વક નિભાવી છે. આ સમયગાળા દરમિયાન ફાયર વિભાગે કૂલ 6,441 ઈમરજન્સી કોલ પર તાત્કાલિક પ્રતિસાદ આપ્યો હતો, જેમાં 2,835 આગના કેસ તેમજ 3,606 રેસ્ક્યુ ઓપરેશનનો સમાવેશ થાય છે. દરેક કોલ પાછળ કોઈ એક પરિવારની આશા, કોઈ જીવનો સંઘર્ષ અને ફાયર જવાનોની નિષ્ઠાપૂર્વકની ફરજ છુપાયેલી છે.

આ વ્યાપક કામગીરી દરમિયાન ફાયર વિભાગે 678 લોકોના જીવ બચાવી અનેક પરિવારોને ફરીથી જીવનની ખુશી આપી છે. આગ, અકસ્માત, ઊંચાઈ પરથી પડવાના બનાવો કે પાણીમાં ફસાયેલા નાગરિક હોય, દરેક પરિસ્થિતિમાં ફાયર જવાનોએ પોતાના જીવને જોખમમાં મૂકી બીજાને નવુ જીવન આપ્યું છે.

નોંધનીય બાબત એ છે કે વર્ષ 2021થી આજ સુધી સાબરમતી નદીમાંથી 271 લોકોના જીવ બચાવવામાં આવ્યા છે, જે ફાયર વિભાગની ચોકસાઈ અને માનવતાભરી કામગીરીનું પ્રતિબિંબ છે. આ આંકડાઓ માત્ર આંકડા નથી, પરંતુ સેંકડો ઘરોમાં ફરી પ્રગટેલી ખુશી, તૂટેલી આશાને મળેલી નવી જિંદગી અને એવા સૈનિકોની નિષ્ઠા દર્શાવે છે, જે કોઈ પ્રશંસાની અપેક્ષા વિના નિઃશબ્દ રીતે સેવા આપે છે.

અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ આજે માત્ર એક વિભાગ નહીં, પરંતુ નાગરિકો માટે વિશ્વાસ અને સુરક્ષાનું મજબૂત કવચ બની ગયું છે, જ્યાં કોઈ પણ જીવ જોખમમાં હોય, ત્યાં ફાયર બ્રિગેડ હંમેશા હાજર હોય છે.

# ડાકોરમાં પશુપાલકોના ધમપછાડાથી બચવા રાતે ઝુંબેશ શરૂ, 7 ગાય પકડી ઢોર ડબ્બે પૂરી

**નડિયાદ, તા.09**

યાત્રાધામ ડાકોર ખાતે લાખોની સંખ્યામાં ભક્તો દર્શન માટે આવતા હોય છે. ત્યારે ડાકોર દર્શન કરવા આવતા ભક્તોને રવિવાર અને પૂનમના દિવસે ગાયોનો સામનો કરવો પડતો હોય છે. જેને લઈ ડાકોર નગરપાલિકા દ્વારા પશુપાલકોના ધમપછાડાથી બચવા રાતે ગાયો પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં એક જ રાત્રિમાં મંદિરની આસપાસના વિસ્તારમાંથી સાત ગાયો પાંજરે પૂરવામાં આવી હતી.



યાત્રાધામ ડાકોર ખાતે પુનમ અને રવિવારના રોજ લાખોની સંખ્યામાં ભક્તો રણછોડજીના દર્શન કરવા માટે આવતા હોય છે. ત્યારે પુનમ અને રવિવારના રોજ મંદિર બહાર નીકળવા ના ગેટ પાસે ગાયોનો અડિંગો જોવા મળે છે. જેના કારણે દર્શન કરવા માટે આવતા ભક્તોને ગાયો ગોથે ન ચડાવે તેનો પણ ભય સતાવી રહ્યો છે. આખરે નગર પાલિકા દ્વારા ઢોરો પકડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં નગર પાલિકા દ્વારા ઢોરો પકડવા માટે કઠલાલ ખાતેથી પાંજરૂ મંગાવવામાં આવ્યું હતું. ત્યારે નગર પાલિકા દ્વારા માત્ર એક રાત્રિમાં 7 ગાયોને પાંજરે પુરી દેવામાં આવી છે. જેમાં શહેરમાં ગાયો પકડવાની કામગીરી પાલિકા દ્વારા શરૂ કરવામાં આવતા ભક્તો અને સ્થાનિકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

ડાકોર નગર પાલિકાની ઢોર પકડનારી ટીમ દ્વારા શહેરમાં રાત્રી દરમિયાન ઢોરો પકડવામાં આવી રહ્યા છે. જેમાં સવારે ઢોરો પકડવામાં આવે અને કોઈ ભક્ત કે સ્થાનિકને ઢોરો દ્વારા ઈર્જા પહોચાડે નહીં તે માટે રાત્રિ દરમિયાન ઢોર પકડવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ સાથે રાત્રિ દરમિયાન કોઈ વ્યક્તિઓ પોતાના ઢોરોને છોડાવી ન જાય તે માટે પાલિકા દ્વારા રાત્રિ દરમિયાન ઢોરો પકડવામાં આવી રહ્યા છે.

# અમદાવાદના ચાંદખેડામાં જૂની અદાવતમાં દલિત યુવકને અપશબ્દો કહ્યા, વાહનમાં કરી તોડફોડ...

**અમદાવાદ, તા.09**

અમદાવાદના ચાંદખેડામાં ગઈકાલે કેટલાક અસામાજિક તત્ત્વો જાહેરમાં ધોકા અને છરાના ઘા મારીને એક્ટિવામાં તોડફોડ કરતા હોય એવો વીડિયો સોશિયલ મીડિયમાં ફરતો થયો હતો. આ ઘટના પહેલાં કેટલાક શખસો દ્વારા જૂની અદાવતમાં એક દલિત યુવકને પહેલાં ગાળો ભાંડવામાં આવી હતી. ત્યારબાદ ટુવ્હીલરમાં તોડફોડ કરી હતી. જે અંગે દલિત યુવકે ફરિયાદ કરતા પોલીસે અસામાજિકતત્ત્વોને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટના અંગે 22 વર્ષીય કિર્તન વડનગરાએ ચાંદખેડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. કિર્તન લેબોરેટરીમાં સેમ્પલ કલેક્શન બોય તરીકે નોકરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ફરિયાદ મુજબ, કિર્તનના મિત્રો વેદાંત વર્મા અને સી.કે. ચૌહાણ સાથે આરોપીઓને અગાઉના એક મર્ડર કેસના કારણે અદાવત ચાલતી હતી. કિર્તન આ મિત્રો સાથે રહેતો હોવાથી આરોપીઓ તેને અવાર-નવાર ધમકાવતા હતા અને મિત્રતા રાખવાની ના પાડતા હતા.

આ ઘટના પાંચમી જાન્યુઆરીના રોજ બપોરે સાડા ચાર વાગ્યે થઈ હતી. કિર્તન તેના મિત્ર વેદાંત સાથે એક્ટિવા પર પસાર થઈ રહ્યો હતો, ત્યારે કે.બી. રોયલ હોમ્સના ગેટ પાસે મંથન ઠાકોર અને સિધ્ધરાજ ઠાકોરે તેમને રોક્યા હતા. આરોપીઓએ કિર્તનને જ્ઞાતિસૂચક ગાળો આપી માર માર્યો હતો. આ પછી કિશુ ઠાકોર, અમિત ઠાકોર અને અન્ય પાંચ જેટલા શખસો છરા, લાકડાના ધોકા અને લોખંડની પાઈપો સાથે આવ્યા હતા. જીવ બચાવવા માટે કિર્તન અને તેનો મિત્ર વાહન મૂકીને ભાગી ગયા હતા. ત્યારબાદ કિર્તનના એક્ટિવાને સળગાવી દીધું હતું. આ મામલે પોલીસે મંથન ઠાકોર સહિતના તમામ શખસો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.



ચાંદખેડાના સ્કાયવોક ફ્લેટમાં રહેતા એક યુવકને સોસાયટીના બેઝમેન્ટમાં આવવા-જવા મામલે અન્ય રહીશ અને તેના મિત્રોએ ઢોર માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર ઘટના ફ્લેટની બહાર લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. આ ઘટના અંગે પોલીસે ત્રણ શખસો સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ચોથી જાન્યુઆરી 2026ના રોજ રાત્રે 10 વાગ્યે મયંકભાઈ સોસાયટીની બહાર આવેલા હેવમોર આઈસ્ક્રીમ પાર્લર પાસે ઊભો હતો. તે વખતે આકાશ ઠક્કર ત્યાં આવ્યો હતો અને મયંકભાઈને અટકાવીને કહ્યું હતું કે, 'તને સોસાયટીના બેઝમેન્ટમાં આવવાની ના પાડી છે છતાં તું કેમ આવે છે? તું અમારી રેકી કરે છે?' આટલું કહી આકાશે બેફામ ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. મયંકભાઈએ ગાળો બોલવાની ના પાડતા મામલો ગરમાયો હતો. આકાશની સાથે તેના બે મિત્રો હિરેન અને કાનો પણ ત્યાં આવ્યા હતા.

ત્રણેયએ મયંકભાઈને ઢોર માર માર્યો હતો. આ દરમિયાન આકાશ ઠક્કરે લાકડી વડે મયંકભાઈની પીઠ અને શરીરના અન્ય ભાગે ફટકા માર્યા હતા. જેને લીધે તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. મયંકભાઈએ બૂમાબૂમ કરતા લોકોના ટોળા એકઠા થતા હુમલાખોરો ત્યાંથી ભાગ્યા અને કહતા ગયા હતા કે, જો હવે ફરીથી બેઝમેન્ટમાં દેખાયો તો તને જાનથી મારી નાખીશું.

# આણંદમાં સરદાર ગંજ પાસે 40 વર્ષ અગાઉ બનેલો પીપલ્સ બાગ જાળવણીના અભાવે વેરાન

**આણંદ, તા.09**

આણંદ મનપા ફેરવાયું છે ત્યારે મનપા વહીવટદાર અને કમિશ્નર બંને શહેરનુ સ્વરૂપ બદલવા માટે શહેરના બગીચાઓમાં સુવિધાનો વધારો થાય તે માટે પ્રયાસ કરી રહ્યાં છે. આજથી બે દાયકા પહેલા 10થી વધુ બગીચા હતા. હાલમાં માત્ર ચાર બગીચા કાર્યરત છે. જેમાં એક માત્ર ઓમકારેશ્વર બાગમાં તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ છે. ત્યારે શહેરના સરદાર ગંજ પાસે 1987 બનાવેલા નાનકડો પીપલ્સ બાગ હાલ બંધ હાલતમાં જોવા મળે છે. જેને પુનઃકાર્યરત કરવામાં આવે તો સરદાર ગંજમાં ખરીદી માટે આવતાં ગ્રાહકો સહિત નગરજનો બાગ બેસીને થોડો આરામ કરી શકે તેમ છે. જે બાબતે મનપા દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેમ નગરજનો ઈચ્છે છે.સૌથી આશ્ચર્યની વાત એ છે કે પાલિકાની જગ્યા પીપલ્સ બાગ બનાવ્યો હતો. પરંતુ હાલમાં મનપા તેનો કોઈ ઉલ્લેખ જ નથી.



પ્રાપ્ત માહિતી અનુસાર આણંદ શહેરમાં જે તે વખતે પીપલ્સ બેંક દ્વારા સરદાર ગંજ પાસે બળિયાદેવ મંદિર પાછળ પાલિકાની જગ્યામાં નાનકડો બગીચો બનાવ્યો હતો. જેમાં બાંકડા સહિત વ્યવસ્થા ઉભી કરાઈ હતી. પરંતુ જાળવણીના અબાવે બંધ હાલતમાં છે. જ્યારે મર્કન્ટાઈલ બેંક દ્વારા પાયોનિયર હાઈસ્કૂલના ગેડની સામે નાનકડી જગ્યામાં બાળકોને રમવા માટે બગીચો બનાવ્યો હતો. જે હાલ ગાયબ છે. નવા બસ સ્ટેશન સામે સરદાર બાગમાં તો 25 વર્ષ અગાઉ ઈલેક્ટ્રીક નાની કાર ફરતી હતી. જેથી મોટી સંખ્યામાં બાળકોને લઈને વાલીઓ આવતાં હતા. આ તમામ બાગ જાળવણીના અભાવે વેરાન બની ગયા છે.

હાલમાં માત્ર ઓમકારેશ્વર બાગ, નહેરૂબાગ, નાની ખોડિયર પાસે નવો બનાવેલો બાગ, રોયલ પ્લાઝા પાછળ શાળા નજીક બનાવેલા બાગ કાર્યરત છે. જેને લઈને નગરજનો આનંદ પ્રમોદ માટે બગીચા બેસવા માટે વિદ્યાનગર સુધી લાંબુ થવું પડે છે. સરદાર ગંજનો પાસે પીપલ્સ બાગ બનાવવામાં આવે તો બહારથી આવતાં ગ્રાહકો અને નગરજનો બપોરે થોડો આરામ કરી શકે તેમ છે. ત્યારે મનપા દ્વારા સત્વરે કાર્યવાહી કરવામાં આવે તેમ નગરજનો ઈચ્છે છે.

આણંદ નગરપાલિકાના શાસન દરમિયાન દરવર્ષે બજેટ બેઠકમાં બગીચાના જાળવણી માટે લાખો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવતું હતું. અને પોતાના મળતિયાઓને બગીચાના જાળવણીનો કોન્ટ્રાકટ આપવામાં આવતો હતો. તેના કારણે બગીચા જાળવણી થતી ન હતી. તેમજ સામાન્ય કામ કરીને બજેટમાં ફળવાતાં નાણાં ચાઉ કરી જવામાં આવતાં હતા. હવે મનપા બન્યા બાદ શહેરના તમામ બગીચાઓ પાછળ સામાન્ય ખર્ચ કરીને નવ પલિત કરવામાં આવે તેમ નગરજનો ઈચ્છે છે.

# આણંદના ગામડીમાં પાણીની સમસ્યા: રહીશોએ મનપાને રજૂઆત કરી, ક્રિશ્ચિયન સ્ટ્રીટ સહિતના વિસ્તારોમાં નિયમિત પાણી નથી મળતું

**આણંદ, તા.09**

આણંદના કરમસદ-આણંદ મહાનગરપાલિકાના ગામડી વિસ્તારમાં આવેલા ક્રિશ્ચિયન સ્ટ્રીટ, ક્રિશ્ચિયનપુરા અને ક્રિશ્ચિયન કબ્રસ્તાન આસપાસની સોસાયટીઓમાં પીવાના પાણીની અનિયમિતતાને કારણે રહીશો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ સમસ્યાના નિરાકરણ માટે રોષે ભરાયેલા રહીશોએ સામાજિક કાર્યકર હર્ષિલભાઈ દવેની આગેવાની હેઠળ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશ્નરને આવેદનપત્ર સુપરત કર્યું છે.



આ આવેદનપત્રમાં જણાવાયું છે કે, છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા પ્રવર્તી રહી છે. તંત્ર દ્વારા નિયમિત પાણી પૂરું પાડવામાં નિષ્ફળતા મળી છે, જેના કારણે સ્થાનિકોની હાલત કફોડી બની છે.

રહીશોના જણાવ્યા અનુસાર, ઘણા દિવસો સુધી પાણી આવતું નથી અને જ્યારે પાણી આવે છે ત્યારે તે ખૂબ જ ઓછા દબાણ સાથે આવે છે. આના પરિણામે દૈનિક કાર્યો, ઘરેલુ ઉપયોગ, તેમજ વૃદ્ધો, બાળકો અને બીમાર વ્યક્તિઓ માટે પાણીની અછત અત્યંત મુશ્કેલીરૂપ બની છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રહીશોએ તાત્કાલિક પીવાના પાણીની વ્યવસ્થા કરવા, પૂરતા દબાણથી પાણી મળે તે માટે વધુ હોર્સપાવરની મોટર લગાવવા અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગ કરી છે. જ્યાં સુધી કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી પાણી ન આવે તેવા દિવસોમાં ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

# ભારત સરકારની ગાઈડલાઈન મુજબ અમદાવાદમાં નવા ચાર ફાયર સ્ટેશન બનાવવા મંજૂરી અપાઈ....

## સરદારનગર, રાણીપ ઉપરાંત હાથીજણ અને લાંભા ખાતે નવા ફાયર સ્ટેશન બનશે

**અમદાવાદ, તા.09**

ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ અમદાવાદમાં નવા ચાર ફાયર સ્ટેશન બનાવવા મંજૂરી અપાઈ છે. સરદારનગર,રાણીપ ઉપરાંત હાથીજણ અને લાંભા ખાતે નવા ફાયર સ્ટેશન બનશે.શહેરમાં ૫૦ ફાયર સ્ટેશનની જરુર સામે નવા બનેલા બોપલ ફાયર સ્ટેશન મળી હાલમાં ૧૯ ફાયર સ્ટેશન કાર્યરત છે.



અમદાવાદમાં નવા ફાયર સ્ટેશન બનાવાની સાથે ૧૬૮ નવી જગ્યા ખોલવામા આવશે. ચાર સ્ટેશન ઓફિસર, ચાર સબ ફાયર ઓફિસર, ૧૨ જમાદાર ઉપરાંત ૯૬ ફાયરમેન, ૪૮ ડ્રાઈવર કમ પમ્પ ઓપરેટર અને ચાર સ્ટ્રેચર બેરરની જગ્યા બઢતી કે સીધી ભરતીથી ભરવા સ્ટેન્ડિંગ કમિટી દ્વારા તાકીદની દરખાસ્ત મંજૂર કરવામા આવી છે. નિયમ મુજબ દર દસ કિલોમીટરે એક ફાયર સ્ટેશન હોવુ જરુરી હોવાથી આ નિર્ણય સ્ટેન્ડિંગ કમિટીમાં કરવામા આવ્યો છે.

# અમદાવાદમાં ફિલ્મી દૃશ્યો સર્જાયા, કારચાલકે પોલીસકર્મીને બોનેટ પર દોઢ કિ.મી. ઢસડ્યો, એકની ધરપકડ

**અમદાવાદ, તા.09**

અમદાવાદના ભાડજ ચાર રસ્તા નજીક ફરજ બજાવી રહેલા ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલને કારના બોનેટ પર દોઢ કિલોમીટર સુધી ઢસડવાની ઘટના સામે આવી છે. નંબર પ્લેટ વગરની કાર રોકવાનો પ્રયાસ કરતા ચાલકે કોન્સ્ટેબલ પર ગાડી ચઢાવીને તેમને મોતના મુખમાં ધકેલવાનો પ્રયાસ કર્યો હતો. સોલા પોલીસે આ મામલે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ તેજ કરી છે.



મળતી માહિતી અનુસાર, બુધવારે (સાતમી જાન્યુઆરી) સાંજે એ-ડિવિઝન ટ્રાફિક પોલીસની ટીમ ભાડજ બ્રિજ નીચે રૂટિન વાહન ચેકિંગ કરી રહી હતી. આ દરમિયાન સાયન્સ સિટી તરફથી એક સફેદ રંગની કાર આવી રહી હતી, જેના પર નંબર પ્લેટ નહોતી. પોલીસે કાર રોકવાનો ઈશારો કરતા ચાલકે પહેલા સ્પીડ ધીમી કરી, પરંતુ પોલીસ નજીક આવતા જ કારમાં સવાર અન્ય શખસોની ઉશ્કેરણીથી કારચાલકે ગાડી ભગાવી હતી. ત્યારે કોન્સ્ટેબલ નરેન્દ્રએ કારને રોકવા પ્રયાસ કર્યો ત્યારે ચાલકે તેમના પર ગાડી ચઢાવતા તેઓ બોનેટ પર ફસાઈ ગયા હતા.

કોન્સ્ટેબલ બોનેટ પર લટકેલા હોવા છતાં, નિર્દય કારચાલકે કાર ઉભી રાખવાને બદલે એસ.પી. રિંગ રોડ તરફ પૂરપાટ ઝડપે દોડાવી હતી. પોલીસની અન્ય ટીમ અને રાહદારીઓએ કારનો પીછો કર્યો હતો. અંદાજે 1.5 કિ.મી. દૂર હેબતપુર બ્રિજ નજીક ટ્રાફિક જામને કારણે કાર ધીમી પડતા કોન્સ્ટેબલ નીચે પટકાયા હતા. સદનસીબે તેમને સામાન્ય ઈજાઓ થઈ હતી અને મોટું જોખમ ટળ્યું હતું.

ઘટના બાદ કારમાં સવાર શખસો ભાગવા લાગ્યા હતા, પરંતુ પોલીસે પીછો કરીને પ્રભુજી ઠાકોર નામના શખસને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં કારચાલકની ઓળખ ઈન્દ્રેશખાન પઠાણ તરીકે થઈ છે, જે હાલ ફરાર છે. સોલા પોલીસે ત્રણેય શખસો સામે હત્યાનો પ્રયાસ અને સરકારી ફરજમાં રુકાવટ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# 'PM મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને ફોન ન કર્યો અને ડીલ અટકી': ભારત-US વચ્ચે ટ્રેડ ડીલને લઈ અમેરિકાના વાણિજ્ય સચિવનો દાવો

**વોશિંગ્ટન, તા.09**

ભારત-અમેરિકા વચ્ચે સંભવિત ટ્રેડ ડીલને લઈ એક નવો દાવો સામે આવ્યો છે. અમેરિકાના વાણિજ્ય સચિવ હાવર્ડ લુટનિકે જણાવ્યું છે કે આ કરાર આગળ એટલા માટે નથી વધી શક્યો કારણ કે PM નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કર્યો નહોતો. લુટનિકના કહેવા મુજબ, તેમણે ડીલની સંપૂર્ણ રૂપરેખા તૈયાર કરી લીધી હતી, પરંતુ તેને અંતિમ સ્વરૂપ આપવા માટે PM મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે સીધી વાતચીત જરૂરી હતી.

તેમણે દાવો કર્યો કે ભારત આ કોલને લઈને અસહજ હતું, જેના કારણે વડાપ્રધાન મોદીએ ટ્રમ્પ સાથે વાત ન કરી અને પરિણામે ભારત-અમેરિકા ટ્રેડ ડીલ અટકી ગઈ. 'ઓલ-ઈન' પોડકાસ્ટમાં ચામથ પાલિહાપિટિયા સાથેના ઈન્ટરવ્યૂ દરમિયાન લુટનિકે જણાવ્યું કે આ કરાર અત્યાર સુધી સાકાર કેમ ન થઈ શક્યો અને જેમના સાથે વાતચીત ચાલી રહી હતી એવા દેશો માટે દરોનું એક 'સ્ટેરકેસ સ્ટ્રક્ચર' તૈયાર કરવામાં આવ્યું હતું.

તેમણે આગળ કહ્યું કે PM મોદીએ ફોન ન કર્યા બાદ અમેરિકા એ જ સ્ટેરકેસ મોડલ હેઠળ ઈન્ડોનેશિયા, ફિલીપાઈન્સ, વિયેતનામ અને મલેશિયા સાથે ટ્રેડ ડીલ આગળ વધારી. લુટનિકે એ પણ જણાવ્યું કે ભારતે ત્રણ અઠવાડિયા પછી સંપર્ક કર્યો, પરંતુ ત્યાં સુધી દરોને લઈને વાતચીત કરવી વધુ મુશ્કેલ બની ગઈ હતી.

ભારત અને અમેરિકા ટ્રેડ ડીલ માટે અત્યાર સુધી ઘણા રાઉન્ડની ચર્ચા કરી ચૂક્યા છે. ભારતીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે ગયા વર્ષે અમેરિકાનો પ્રવાસ પણ કર્યો હતો, તેમજ અમેરિકન પ્રતિનિધિ મંડળે પણ ભારતની મુલાકાત લીધી હતી, પરંતુ હજુ સુધી બંને દેશો વચ્ચે સહમતિ બની શકી નથી. જોકે લુટનિક એ જ મંત્રી છે, જેમણે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ભારતને લઈને એક તીખી ટિપ્પણી પણ કરી હતી.

તેમણે કહ્યું હતું કે ભારત આગામી એક કે બે મહિનામાં ફરીથી વાતચીત પર આવશે અને ટ્રેડ ડીલ પર સહી કરવાની કોશિશ કરતાં માફી માંગશે, કારણ કે અમેરિકા દુનિયાનું સૌથી મોટું ઉપભોક્તા બજાર છે અને ઉપભોક્તા હંમેશા સાચો હોય છે. જોકે ભારતે ઝૂકવાનો ઈનકાર કર્યો છે. સાથે જ, લુટનિક પણ પોતાના નિવેદનથી પલટતા નજર આવી રહ્યા છે.

ભારતીય વડાપ્રધાને ફોન ન કરીને પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા છે. અમેરિકા એ ટ્રેડ ડીલની વાતચીત દરમિયાન ભારત પર 25% ટેરિફ ઉપરાંત વધારાનો 25% શુલ્ક લગાવ્યો છે, કારણ કે ભારત રશિયાથી તેલ આયાત કરી રહ્યું છે. 50% ટેરિફ લાગ્યા બાદ ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર થોડો મુશ્કેલ બન્યો છે અને આવા સંજોગોમાં ભારતીય નિકાસકારો અન્ય દેશોમાં પોતાનું બજાર શોધી રહ્યા છે. વિદેશ મામલાના નિષ્ણાત ફરીદ ઝકારિયાએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ પર વાતચીત શક્ય છે, પરંતુ તેના



માટે બંને દેશોના બે મજબૂત નેતાઓ વચ્ચે સહમતિ જરૂરી રહેશે.

ઉચ્ચ શુલ્ક હોવા છતાં તાજેતરમાં ભારતનું અમેરિકા માટેનું નિકાસ વધ્યું છે. બે મહિના સુધી નકારાત્મક વૃદ્ધિ બાદ નવેમ્બરમાં નિકાસ 22.61% વધીને 6.98 અબજ ડોલર પહોંચી ગઈ હતી, જ્યારે એપ્રિલથી નવેમ્બર દરમિયાન આ આંકડો 59.04 અબજ ડોલર રહ્યો હતો. 2024-25માં સતત ચોથા વર્ષે અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર બન્યો રહ્યો, જેમાં દ્વિપક્ષીય વેપાર 131.84 અબજ ડોલર સુધી પહોંચ્યો હતો. ભારતીય ઉદ્યોગ અને નિકાસકારો આ ટ્રેડ ડિલના વહેલા નિષ્કર્ષની આશા રાખી રહ્યા છે, કારણ કે અમેરિકા માટેની નિકાસ ભારતની કુલ નિકાસનો લગભગ 18% હિસ્સો ધરાવે છે.

લુટનિકના નિવેદન એવા સમયે આવ્યા છે જ્યારે એક દિવસ પહેલા જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા વિરુદ્ધ દ્વિદલીય પ્રતિબંધ બિલને મંજૂરી આપી છે. આ બિલ હેઠળ રાષ્ટ્રપતિને એ વ્યાપક અધિકાર મળશે કે તેઓ રશિયાથી તેલ, પેટ્રોલિયમ ઉત્પાદનો અથવા યુરેનિયમ ખરીદનારા દેશો સામે કડક પગલાં લઈ શકે, જેમાં ભારત, ચીન અને બ્રાઝિલ પણ સામેલ છે.

પ્રસ્તાવ અનુસાર, આવા દેશોથી અમેરિકા આયાત થતા તમામ ઉત્પાદનો પર 500% સુધીનો ટેરિફ લગાવી શકાય છે. લુટનિકે જણાવ્યું કે આ કાયદો ટ્રમ્પ પ્રશાસનને આ દેશો પર જબરદસ્ત દબાણ બનાવવાની તક આપશે, જેથી તેઓ સસ્તુ રશિયન તેલ ખરીદવાનું બંધ કરે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે રવિવારે કહ્યું હતું કે PM નરેન્દ્ર મોદી આ વાતથી અવગત છે કે અમેરિકા ભારત દ્વારા રશિયન તેલ ખરીદવાથી નારાજ છે અને ખૂબ ઝડપથી ટેરિફ વધારી શકે છે. આ ચેતવણી એવા સમયે આપવામાં આવી છે જ્યારે ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર પર ચર્ચા ચાલી રહી છે અને તેના 6 રાઉન્ડ પૂર્ણ થઈ ચૂક્યા છે.

પ્રસ્તાવિત કરારનો હેતુ અમેરિકામાં ભારતીય ઉત્પાદનો પર લાગેલા ભારે, ખાસ કરીને 50% સુધીના ટેરિફ માટે એક માળખાગત ઉકેલ શોધવાનો છે, જેથી વેપાર સંબંધોમાં સ્થિરતા લાવી શકાય. જ્યારે બીજી તરફ, ભારત આ વાતચીતમાં કૃષિ અને ડેરી જેવા ક્ષેત્રોમાં છૂટછાટ આપવા બાબતે સાવચેત છે અને પોતાના ખેડૂતો તથા MSMEના હિતો સાથે કોઈ સમજૂતી ન કરવાની સ્પષ્ટ ભૂમિકા ધરાવે છે.

ભારતે વેપાર વાટાઘાટોમાં યુએસને તેનો અંતિમ પ્રસ્તાવ રજૂ કર્યો છે. ભારત તેના પર લાદવામાં આવેલી કુલ 50% ટેરિફને ઘટાડીને 15% કરવા અને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી પરના વધારાના 25% દંડને સંપૂર્ણપણે દૂર કરવા માંગે છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી વાટાઘાટો નવા વર્ષમાં નક્કર નિર્ણયની આશા જગાવે છે.

બંને દેશો વચ્ચે વ્યાપક દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) માટે વાટાઘાટો ચાલી રહી છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે કરાર પર ટૂંક સમયમાં સર્વસંમતિ થઈ શકે છે, જોકે તેમણે કોઈ સમયરેખા સ્પષ્ટ કરી ન હતી.

જાન્યુઆરીના આંકડા ભારતમાં રશિયન તેલની આયાતમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવી શકે છે. 21 નવેમ્બરથી, યુએસના પ્રતિબંધોએ રશિયાની મુખ્ય તેલ કંપનીઓ, રોસનેફ્ટ અને લ્યુકોઈલને નિશાન બનાવ્યા છે, અને રશિયામાંથી ભારતની આયાત ઘટવા લાગી છે.

રોઈટર્સના અહેવાલ મુજબ, ભારતની રશિયન તેલની આયાત નવેમ્બરમાં આશરે 1.77 મિલિયન બેરલ પ્રતિ દિવસથી ઘટીને ડિસેમ્બરમાં લગભગ 1.2 મિલિયન બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ છે. નજીકના ભવિષ્યમાં, આ આંકડો 1 મિલિયન બેરલ પ્રતિ દિવસથી નીચે જઈ શકે છે. યુક્રેન યુદ્ધ પછી, ભારત રશિયાનું સૌથી મોટું તેલ ખરીદનાર બન્યું, આ પગલા પર ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વારંવાર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા.

# કેનેડા સરકારનો પંજાબીઓને ઝટકો: વૃદ્ધોના PR પર 2028 સુધી પ્રતિબંધ મૂક્યો, માતા-પિતા, દાદા-દાદી જઈ શકશે નહીં

**જલંધર, તા.09**

કેનેડાએ વિઝા નિયમોમાં ફેરફાર કરીને પંજાબીઓને મોટો ઝટકો આપ્યો છે. આ અંતર્ગત હવે દેખભાળના બહાને વૃદ્ધોના પરમેનન્ટ રેસિડેન્સ વિઝા પર રોક લગાવી દેવામાં આવી છે. જોકે, તેમની પાસે હજુ પણ સુપર વિઝાનો વિકલ્પ ખુલ્લો રહેશે. આ અંતર્ગત 5 વર્ષ સુધી સતત કેનેડામાં રહી શકાય છે.

કેનેડા ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટે ફક્ત વૃદ્ધોના PR પર રોક લગાવી છે. કેનેડા જવા પર કોઈ રોક નથી. જો તેઓ ફરવા અથવા થોડા સમય માટે જવા માંગતા હોય તો આવા વિઝા પર કોઈ રોક રહેશે નહીં.

કેનેડા સરકાર 2026-2028 માટે PRની સંખ્યા ઘટાડી રહી છે. આ ઘટાડા હેઠળ માતા-પિતા અને દાદા-દાદીને બોલાવવાના પ્રોગ્રામ (PGP)ની નવી અરજીઓ પર રોક લગાવવામાં આવી છે. 2025માં PGP હેઠળ નવી અરજીઓ સ્વીકારવામાં આવી રહી નથી.

ફક્ત 2024માં સબમિટ કરાયેલી અરજીઓ પર જ પ્રક્રિયા કરવામાં આવશે. વર્ષ 2024માં,



કેનેડાએ માતા-પિતા અને દાદા-દાદી કાર્યક્રમ (PGP) હેઠળ લગભગ 27,330 નવા PR વિઝા આપ્યા હતા.

કેનેડામાં અન્ય દેશોમાંથી આવીને રહેતા લોકો પોતાના વૃદ્ધોને અહીં બોલાવે છે. દર વર્ષે લગભગ 25 થી 30 હજાર વૃદ્ધોને PR મળે છે. આમાં લગભગ 6 હજાર પંજાબી વૃદ્ધોનો સમાવેશ થાય છે. કેનેડાના ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટ અનુસાર, હાલમાં કેનેડામાં કુલ 81 લાખ જેટલા લોકો એવા છે જેમની ઉંમર 65 વર્ષથી વધુ છે. કેનેડા સરકારનું કહેવું છે કે આ રોક 2026-2028 સુધી માટે છે. આ પછી સમીક્ષા કરવામાં આવશે. સમીક્ષા પછી PGP પ્રોગ્રામને ફરીથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવશે.

ડિસેમ્બર 2025માં કેનેડા સરકારે કેરગિવરના નામે શરૂ કરાયેલા 'હોમ કેર વર્કર' પાયલટ પ્રોગ્રામને પણ આગામી આદેશ સુધી રોકી દીધો છે. આ પ્રોગ્રામ એવા લોકો માટે હતો જેઓ વૃદ્ધો કે બાળકોની સંભાળ રાખવા માટે કેનેડા જવા માંગતા હતા. હવે તે માર્ચ 2026માં ફરીથી શરુ થશે નહીં. કેનેડા સરકારે તેની ઈમિગ્રેશન પોલિસી 2026-2028 હેઠળ ઈમિગ્રેશનની સંખ્યાને મર્યાદિત કરવાનો નિર્ણય લીધો છે. તેનું મુખ્ય કારણ આવાસની અછત અને આરોગ્ય સેવાઓ પર વધતું દબાણ જણાવવામાં આવી રહ્યું છે.

જલંધર બસ સ્ટેન્ડ પાસે પિનેકલ વિઝાના માલિક તીર્થ સિંહે જણાવ્યું કે કેનેડાએ વૃદ્ધોના PRને લઈને જે પ્રતિબંધ લગાવ્યો છે, તેના નિયમો હજુ સ્પષ્ટ થયા નથી. આખી પોલિસી વાંચ્યા પછી ખબર પડશે. બાળકોને મળવા જતા વૃદ્ધોમાં આ ગભરાટ ફેલાવનારા સમાચાર છે. મને ઘણા વૃદ્ધોના ફોન આવી ચૂક્યા છે કે હવે શું કરીશું. મેં તેમને જણાવ્યું છે કે ડરવાની જરૂર નથી, બીજા ઘણા વિકલ્પો છે. બાળકોને મળવા માટે જઈ શકાય છે. કેનેડાએ આવું પહેલીવાર નથી કર્યું, પહેલા પણ આવું કરવામાં આવ્યું છે.

વૃદ્ધોના PRને લઈને કેનેડા સરકારે નિર્ણય લીધો. સરકારની મીટિંગમાં કહેવામાં આવ્યું છે કે ડિપાર્ટમેન્ટ ઓફ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન 1 જાન્યુઆરીથી વૃદ્ધોના PR પર અસ્થાયી પ્રતિબંધ મૂકે. હવે નવા વિઝા જારી ન કરવામાં આવે.

કેનેડા ગેઝેટ, ભાગ I, ખંડ 159, સંખ્યા 52ને 27 ડિસેમ્બર, 2025ના રોજ જારી કરવામાં આવ્યું છે. તેમાં ડિપાર્ટમેન્ટ ઓફ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન, ઈમિગ્રેશન એન્ડ રેફ્યુજી પ્રોટેક્શન એક્ટનો હવાલો આપતા જણાવાયું છે કે સ્પોન્સરના માતા-પિતા અથવા દાદા-દાદીની પીઆર એપ્લિકેશન 1 જાન્યુઆરી, 2026થી સ્વીકારવામાં આવશે નહીં. ડિસેમ્બર 2025 સુધીમાં આવેલી અરજીઓ પર નિર્ણય લેવામાં આવશે.

# ઈરાનમાં લોહીથી લથબથ દાદીએ નારેબાજી કરી: 100 શહેરોમાં હિંસક પ્રદર્શનો, પોલીસકર્મી સહિત 45નાં મોત

**તેહરાન, તા.09**

ઈરાનમાં મોંઘવારી વિરુદ્ધ 13 દિવસથી ચાલી રહેલા પ્રદર્શનો વચ્ચે ગુરુવારે રાત્રે પરિસ્થિતિ વધુ વણસી. CNNના રિપોર્ટ અનુસાર, દેશભરમાં 100થી વધુ શહેરોમાં પ્રદર્શનો થયા છે. પ્રદર્શનકારીઓએ રસ્તાઓ બ્લોક કર્યા, આગ લગાડી. લોકોએ 'ખામેનેઈને મોત' અને 'ઈસ્લામિક રિપબ્લિકનો અંત થયો' જેવા નારા લગાવ્યા. કેટલીક જગ્યાએ પ્રદર્શનકારીઓ ક્રાઉન પ્રિન્સ રેઝા પહેલવીના સમર્થનમાં રહ્યા. તેઓ 'આ છેલ્લી લડાઈ છે, શાહ પહેલવી પાછા ફરશે'ના નારા લગાવી રહ્યા હતા. અમેરિકી હ્યુમન રાઈટ્સ એજન્સી અનુસાર, પ્રદર્શનો દરમિયાન થયેલી હિંસામાં અત્યાર સુધીમાં 45 લોકો માર્યા ગયા છે, જેમાં 8 બાળકોનો સમાવેશ થાય છે. એક પોલીસ અધિકારીની ચાકુ મારીને હત્યા કરવામાં આવી. જ્યારે 2,270થી વધુ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની લોકોનું સમર્થન કરતા કહ્યું કે જો તેમના અવાજને દબાવવાનો પ્રયાસ કરવામાં આવશે તો અમે છોડીશું નહીં. ત્યારબાદ દેશભરમાં



ઈન્ટરનેટ અને ફોન સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. તે જ સમયે, તેહરાન એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે અને સેનાને એલર્ટ પર રાખવામાં આવી છે. આ અશાંતિ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફરી ધમકી આપી છે કે જો પ્રદર્શનકારીઓને મારવામાં આવશે તો અમેરિકા ઈરાન પર હુમલો કરશે. ટ્રમ્પે કહ્યું, "મેં તેમને કહી દીધું છે કે જો તેઓ લોકોને મારવાનું શરૂ કરશે, જેવું કે તેઓ તેમના રમખાણોમાં અવારનવાર કરે છે, તો અમે તેમને ખૂબ જ જોરદાર રીતે નિશાન બનાવીશું." તેહરાનમાં બજારો બંધ રહ્યા, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કેમ્પસ પર કબજો કર્યો. આના તરત જ પછી સરકારે સમગ્ર દેશમાં ઈન્ટરનેટ અને ફોન લાઈન કાપી નાખી, જેને ઈન્ટરનેટ વોચડોગ નેટબ્લોક્સે હિંસક દમનની તૈયારી ગણાવી. તેમ છતાં કેટલાક લોકો સ્ટારલિંક જેવી પદ્ધતિઓથી વીડિયો પોસ્ટ કરી રહ્યા છે. ગુરુવારે પ્રદર્શનો વધુ તીવ્ર બન્યા જ્યારે દેશનિકાલ કરાયેલા રાજકુમાર રેઝા પહેલવીએ લોકોને રસ્તાઓ પર ઉતરવા અપીલ કરી. રેઝા પહેલવી ઈરાનના છેલ્લા શાહ મોહમ્મદ રેઝા પહેલવીના પુત્ર છે. તેમના પિતા 1979ની ઈસ્લામિક ક્રાંતિ દરમિયાન સત્તા પરથી હટાવવામાં આવ્યા હતા. યુવરાજ પહેલવી હાલમાં અમેરિકામાં રહી રહ્યા છે. આ પ્રદર્શનો 2022 પછીના સૌથી મોટા માનવામાં આવે છે. તે સમયે 22 વર્ષીય મહસા અમીનીના પોલીસ કસ્ટડીમાં મૃત્યુ બાદ સમગ્ર દેશમાં આંદોલન ફાટી નીકળ્યું હતું.

# હવે મેક્સિકો ઉપર ગ્રાઉન્ડ હુમલો કરશે ટ્રમ્પ?

## ટ્રમ્પે કહ્યું- મેક્સિકો પર ડ્રગ કાર્ટેલ્સનું રાજ ચાલી રહ્યું છે, મેક્સિકોના રાષ્ટ્રપતિએ કહ્યું- અમેરિકા ક્યાંયનો માલિક નથી

**વોશિંગ્ટન, તા.09**

વેનેઝુએલા પર કાર્યવાહી કર્યા પછી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે તેમનું વહીવટ ટૂંક સમયમાં જમીન પરના ડ્રગ કાર્ટેલને નિશાન બનાવવા માટે કાર્યવાહી શરૂ કરશે. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે મેક્સિકો પર ડ્રગ કાર્ટેલનું રાજ છે. આ અમેરિકામાં દર વર્ષે 2.5 લાખથી 3 લાખ લોકોના મૃત્યુનું કારણ બની રહ્યા છે.

તેમણે કહ્યું કે સમુદ્ર માર્ગે ડ્રગ્સની તસ્કરીને 97% સુધી રોકી દેવામાં આવી છે, તેથી હવે જમીન પર કાર્યવાહી કરવામાં આવશે. જોકે, તેમણે યોજનાઓ વિશે વધુ કોઈ માહિતી આપી ન હતી.

મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શીનબૉમે ટ્રમ્પના નિવેદનોનો સખત જવાબ આપ્યો છે. તેમણે માદુરોની ધરપકડ પછી કહ્યું કે અમેરિકા કોઈ પણ ક્ષેત્રનો માલિક નથી.

મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શીનબૉમે સ્પષ્ટ કર્યું કે મેક્સિકો અન્ય દેશોના આંતરિક મામલાઓમાં હસ્તક્ષેપને સંપૂર્ણપણે નકારે છે. ટ્રમ્પે દાવો કર્યો કે તેમણે શીનબૉમને ઘણી વખત અમેરિકી સૈનિકો મોકલીને કાર્ટેલ્સને ખતમ કરવાની ઓફર કરી હતી, પરંતુ



તેમણે તેને ઠુકરાવી દીધી.

શીનબૉમે ભારપૂર્વક જણાવ્યું કે મેક્સિકો એક સ્વતંત્ર અને સાર્વભૌમ દેશ છે. અહીં સહયોગ કરી શકાય છે, પરંતુ હસ્તક્ષેપ નહીં. તેમણે ડ્રગ તસ્કરી રોકવામાં બંને દેશો વચ્ચે ચાલી રહેલા સહયોગનો ઉલ્લેખ કર્યો, પરંતુ અમેરિકી સૈનિકોની હાજરીને સદંતર નકારી કાઢી.

ટ્રમ્પે ઓક્ટોબર 2025માં કહ્યું હતું કે તેઓ ડ્રગ તસ્કરીનો સામનો કરવા માટે મેક્સિકોમાં અમેરિકી સેના અને ગુપ્તચર અધિકારીઓને મોકલવાની તૈયારી કરી રહ્યા છે.

આ દાવો અમેરિકી ન્યૂઝ ચેનલ NBC ન્યૂઝના રિપોર્ટમાં કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં બે વર્તમાન અને બે નિવૃત્ત અમેરિકી અધિકારીઓના હવાલાથી જણાવાયું છે કે આ મિશનમાં સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (CIA) પણ સામેલ થઈ શકે છે.

આ અધિકારીઓ અનુસાર ટ્રમ્પ પ્રશાસને મેક્સિકોમાં ડ્રગ કાર્ટેલ્સને નિશાન બનાવવા માટે આ ઓપરેશનના પ્લાનિંગ પર કામ શરૂ કરી દીધું છે. અધિકારીઓએ એ પણ જણાવ્યું કે આ સંભવિત મિશન સંબંધિત પ્રારંભિક તાલીમ શરૂ થઈ ગઈ છે. યોજના મુજબ, મેક્સિકોની જમીન પર પણ ઓપરેશન થઈ શકે છે. NBC ન્યૂઝના રિપોર્ટ અનુસાર આ ઓપરેશનમાં અમેરિકાની જોઈન્ટ સ્પેશિયલ ઓપરેશન્સ કમાન્ડ (JSOC)ની ટીમો સામેલ થઈ શકે છે, જે CIAના અધિકારક્ષેત્રમાં કામ કરશે. મિશન હેઠળ ડ્રગ લેબ્સ અને કાર્ટેલના સરગનાઓને નિશાન બનાવવા માટે ડ્રોન સ્ટ્રાઈકની યોજના છે. ઘણા ડ્રોન એવા છે જેના સંચાલન માટે જમીન પર પણ ઓપરેટરોની જરૂર પડે છે.

ફેબ્રુઆરીમાં, અમેરિકી વિદેશ વિભાગે 6 મેક્સિકન કાર્ટેલ્સ, MS-13 ગેંગ અને વેનેઝુએલાના 'ટ્રેન ડે અરાગુઆ'ને વિદેશી આતંકવાદી સંગઠન જાહેર કર્યા હતા. આનાથી અમેરિકી સેના અને CIA ને ગુપ્ત ઓપરેશન્સ કરવાની ખુલ્લી છૂટ મળી જાય છે. ટ્રમ્પ પહેલા પણ કહી ચૂક્યા છે કે તેમણે વેનેઝુએલામાં CIA ને કાર્યવાહી કરવાની મંજૂરી આપી હતી અને જરૂર પડ્યે તેઓ કાર્ટેલ્સને જમીન પર પણ નિશાન બનાવશે.

# ડેનમાર્કે કહ્યું- પહેલા ગોળી ચલાવીશું, પછી વાત કરીશું: આદેશ વિના હુમલાનો જવાબ આપશે સૈનિકો

**કોપનહેગન, તા.09**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ધમકી વચ્ચે ડેનમાર્કે કડક વલણ અપનાવ્યું છે. ડેનમાર્કના રક્ષા મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ વિદેશી તાકાત ડેનિશ ક્ષેત્ર પર હુમલો કરે છે, તો સૈનિકો કમાન્ડરના આદેશની રાહ જોયા વિના તરત જ વળતો પ્રહાર કરશે અને ગોળીબાર કરશે.

આ નિયમ 1952નો છે, જે શીત યુદ્ધના સમયનો છે અને આજે પણ લાગુ પડે છે. આ નિર્દેશ એપ્રિલ 1940માં નાઝી જર્મની દ્વારા ડેનમાર્ક પરના હુમલા પછી બનાવવામાં આવ્યો હતો, જેથી સૈનિકોને તરત જ પ્રતિક્રિયા આપવાની સ્વતંત્રતા મળે.

ગ્રીનલેન્ડમાં ડેનમાર્કનો સૈન્ય એકમ જોઈન્ટ આર્કટિક કમાન્ડ તે નક્કી કરશે કે કોઈ કાર્યવાહી હુમલો ગણાશે કે નહીં. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ટ્રમ્પ વારંવાર ગ્રીનલેન્ડ પર નિયંત્રણની માગ કરી રહ્યા છે. સાથે જ જરૂર પડ્યે સૈનિકો મોકલવાની ધમકી આપી રહ્યા છે.

જ્યારે અમેરિકી મીડિયા ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ (NYT) એ નિષ્ણાતોને ટાંકીને જણાવ્યું કે ગ્રીનલેન્ડ પર નિયંત્રણ માટે અમેરિકાને તેને ખરીદવાની કે તેના પર બળજબરીથી કબજો કરવાની જરૂર નથી. 1951ના એક જૂના સંરક્ષણ કરાર હેઠળ અમેરિકાને પહેલેથી જ ગ્રીનલેન્ડમાં ઘણી છૂટછાટ મળેલી છે. આ કરાર અમેરિકા અને ડેનમાર્ક વચ્ચે થયો હતો. કોપનહેગનમાં સ્થિત ડેનિશ ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈન્ટરનેશનલ સ્ટડીઝના સંશોધક મિકેલ રુંગે ઓલેસને NYT ને જણાવ્યું કે અમેરિકા પાસે ગ્રીનલેન્ડમાં એટલી સ્વતંત્રતા છે કે તે ત્યાં લગભગ જે ઈચ્છે તે કરી શકે છે.

તેમણે કહ્યું, "જો અમેરિકા સારી રીતે વાત કરે, તો તેને લગભગ બધું જ મળી શકે છે." પરંતુ ગ્રીનલેન્ડને ખરીદવું એ સંપૂર્ણપણે અલગ બાબત છે, કારણ કે ગ્રીનલેન્ડના લોકો તેને વેચવાના વિરોધમાં છે. ડેનમાર્ક પાસે તેને વેચવાનો અધિકાર નથી.

પહેલાના સમયમાં ગ્રીનલેન્ડ સંબંધિત નિર્ણય ડેનમાર્ક જ લેતું હતું. હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે, કારણ કે ગ્રીનલેન્ડના લોકોને સ્વતંત્રતા પર જનમત સંગ્રહ કરવાનો અધિકાર છે અને ડેનિશ અધિકારીઓએ કહ્યું છે કે ટાપુના 57,000 રહેવાસીઓ પર તેનો નિર્ણય છોડી દેવામાં આવ્યો છે.



ગયા વર્ષે એક સર્વેમાં 85 ટકા લોકોએ અમેરિકી કબજાનો વિરોધ કર્યો હતો. ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સને વારંવાર કહ્યું છે કે "આપણો દેશ વેચાઉ નથી."

1951નો નાનો સંરક્ષણ કરાર 2004માં અપડેટ કરવામાં આવ્યો હતો, જેમાં ગ્રીનલેન્ડની અર્ધ-સ્વાયત્ત સરકારને સામેલ કરવામાં આવી હતી, જેથી અમેરિકી સૈન્ય ગતિવિધિઓ સ્થાનિક લોકોને અસર ન કરે. આ કરારની શરૂઆત બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન થઈ હતી જ્યારે ડેનમાર્ક નાઝી કબજા હેઠળ હતું અને તેના વોશિંગ્ટન દૂતે અમેરિકા સાથે ગ્રીનલેન્ડ માટે સંરક્ષણ કરાર કર્યો હતો. તેમને ડર હતો કે નાઝીઓ ગ્રીનલેન્ડનો ઉપયોગ અમેરિકા પર હુમલો કરવા માટે કરી શકે છે. તે સમયે અમેરિકી સૈનિકોએ ટાપુ પર ઘણા થાણા બનાવ્યા અને જર્મનોને હટાવ્યા. યુદ્ધ પછી અમેરિકાએ કેટલાક થાણા પોતાની પાસે રાખ્યા, પરંતુ શીત યુદ્ધ સમાપ્ત થતાં મોટાભાગના બંધ કરી દીધા. હવે અમેરિકા પાસે ફક્ત પિટુફિક સ્પેસ બેઝ બચ્યો છે, જે મિસાઈલ ટ્રેકિંગ કરે છે. ડેનમાર્કની પણ ત્યાં હળવી હાજરી છે, જેમ કે ડોગ સ્લેજવાળી સ્પેશિયલ ફોર્સિસ. તાજેતરમાં ડેનમાર્કે પોતાના થાણા અપગ્રેડ કરવાનું વચન આપ્યું છે.

ટ્રમ્પનું કહેવું છે કે રશિયન અને ચીની જહાજોની હાજરીને કારણે ગ્રીનલેન્ડ અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા માટે ખૂબ જ જરૂરી છે. તેમણે ન્યૂયોર્ક ટાઈમ્સને જણાવ્યું કે માત્ર સંધિ કે લીઝથી કામ નહીં ચાલે, પરંતુ સંપૂર્ણ નિયંત્રણ જોઈએ. તેનાથી વધુ સુવિધાઓ મળશે.

વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે મંગળવારે જણાવ્યું કે તેમની ટીમ ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાના ઘણા રસ્તાઓ શોધી રહી છે, જેમાં સૈન્ય બળનો ઉપયોગ પણ સામેલ છે.

અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ એ પણ ચેતવણી આપી છે કે જો ગ્રીનલેન્ડની સુરક્ષાને ગંભીરતાથી લેવામાં નહીં આવે તો અમેરિકાને 'કંઈક કરવું જ પડશે'.

ડેનિશ વડાપ્રધાન મેટે ફ્રેડરિકસેને ચેતવણી આપી છે કે જો અમેરિકા કોઈ નાટો સહયોગી દેશ પર સૈન્ય હુમલો કરે છે, તો નાટોનો અંત આવી જશે અને બીજા વિશ્વ યુદ્ધ પછીની સુરક્ષા વ્યવસ્થા સમાપ્ત થઈ જશે. તેમણે કહ્યું કે આવા સંજોગોમાં બધું જ અટકી જશે. યુરોપિયન દેશો પણ ટ્રમ્પના નિવેદન પર સખત વાંધો ઉઠાવી ચૂક્યા છે. બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, પોલેન્ડ, સ્પેન અને ડેનમાર્કના નેતાઓએ સંયુક્ત નિવેદન જારી કરીને કહ્યું હતું કે ગ્રીનલેન્ડ તેના લોકોનું છે અને ફક્ત ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ જ તેના ભવિષ્યનો નિર્ણય કરી શકે છે. ગ્રીનલેન્ડની પોતાની કોઈ સેના નથી. તેની રક્ષા અને વિદેશ નીતિની જવાબદારી ડેનમાર્કની છે. આ ડેનમાર્કનો એક સ્વાયત્ત પ્રદેશ છે. અહીંની વસ્તી માત્ર 57 હજાર છે. 2009 પછી ગ્રીનલેન્ડ સરકારને દરિયાકાંઠાની સુરક્ષા અને કેટલાક વિદેશી બાબતોમાં છૂટ મળી છે, પરંતુ સંરક્ષણ અને વિદેશ નીતિના મુખ્ય મુદ્દાઓ હજુ પણ ડેનમાર્ક પાસે છે. અમેરિકી સૈનિકો: અમેરિકાનો પિટુફિક સ્પેસ બેઝ (થુલે એર બેઝ). ગ્રીનલેન્ડના ઉત્તર-પશ્ચિમમાં આવેલો આ બેઝ અમેરિકા ચલાવે છે. આ બેઝ મિસાઈલ ચેતવણી સિસ્ટમ અને સ્પેસ મોનિટરિંગ માટે ઉપયોગમાં લેવાય છે.

## તંત્રી લેખ

# દીકરીની નજર સામે જ દલિત જમાઇને રહેંસી નાખ્યો : પોલીસ ગાડી છોડીને ઊભી પૂંછડીએ ભાગી છૂટી

માંડલ બસ સ્ટેન્ડથી 'અભયમ'ની ગાડી અરજદાર હરેશ સોલંકી, અભયમ ટીમનાં કાઉન્સેલર ભાવિકાબેન ભગોરા, એક મહિલા પોલીસ કર્મચારી અને ડ્રાઈવર સાથે રવાના થઇ. થોડીવારમાં અભયમની ટીમ ઉર્મિલાના ઘરે પહોંચીને તેમની સાથે શાંતિપૂર્વક વાતચીત ચાલુ કરીઃ 'જુઓ દશરથભાઈ, દીકરી પુખ્ત વયની છે. છોકરા-છોકરી બંનેએ પરસ્પર સંમતિથી લગ્ન કર્યાં છે. છોકરી એક મહિનો સાસરે રહી આવી છે. બંને એકબીજા સાથે સુખી છે. તો મોટું મન રાખો, ને આશીર્વાદ આપો. અત્યારે આપણે 21મી સદીમાં આવી જાત-પાતની વાતો કરીએ એ સારું ન કહેવાય. છોકરીના ભવિષ્યનું પણ વિચારો છોકરો અમારી સાથે બહાર પોલીસની ગાડીમાં જ બેઠો છે. તમે હા પાડો તો એને બોલાવું, બંનેને આશીર્વાદ આપો અને દીકરીને સાસરે વળાવી દો.' દીકરી ઉર્મિલાના પિતા દશરથસિંહ નીચું જોઈને માથું ધુણાવતા રહ્યા. પરંતુ ત્યાં બેસીને બધું સાંભળી રહેલો ઉર્મિલાનો ભાઈ ઈન્દ્રજીતસિંહ બહાર ગયો અને ફરી પાછો આવી ગયો. દશરથસિંહે કહ્યું, 'જુઓ બેન, આમાં જ્ઞાતિમાં અમારું બહુ નીચાજોણું થયું છે. અમને એક મહિનાનો સમય આપો. સમાજના વડીલોને પૂછીને પછી નક્કી કરીએ. બધા ખુશ થતા હોય તો અમને સમાધાન કરવામાં વાંધો નથી, પણ એક મહિનો આપો.' આ રીતે સુખદ સમાધાનની આશાએ સાંજે લગભગ પોણા સાત વાગ્યાની આસપાસ અભયમની ટીમ ઘરની બહાર નીકળી. જેવા તે લોકો ગાડી પાસે પહોંચ્યાં તે સાથે જ ક્યાંકથી આઠેક લોકો લાકડીઓ, તલવાર, ધારિયું લઈને ધસી આવ્યા. પોલીસની ગાડીની આગળ ટ્રેક્ટર, બાઈકો મૂકીને રસ્તો બંધ કરી દીધો. અભયમની ટીમને ધક્કો મારીને પછાડી દીધી અને કારનો આગળનો કાચ ફોડી નાખ્યો. હુમલાખોરોએ ખેંચીને કારની અંદર બેઠેલા હરેશ સોલંકીને બહાર કાઢ્યો. ત્યાં તો ઘરમાંથી છોકરીના પિતા દશરથસિંહ, તેનો ભાઈ ઈન્દ્રજીત અને અન્ય સંબંધી પુરુષો હરેશ પર તૂટી પડ્યા. 'સ્સા અમારી દીકરીને ભગાડી ગયો? નીચી જાતનો થઈને અમારી ઈજ્જત પર હાથ નાખ્યો? મારી નાખો સાલાને, આજે છોડતા નહીં' આવું બોલીને દશરથસિંહે હરેશને માથામાં ધારિયું ઝીંકી દીધું. ઉર્મિલાના ભાઈ ઈન્દ્રજીત ઉર્ફે 'કાના'એ હરેશના ગળા પર છરાથી એક પછી એક વાર કરવા માંડ્યા. બાકીના લોકો લાકડીઓ લઈ લઈને હરેશને આડેધડ મારી રહ્યા હતા. હરેશે થોડીવાર 'બચાવો બચાવો'ની બૂમો પાડી, ને થોડી વારે શાંત થઇ ગયો. કેલેન્ડર પ્રમાણે આપણે ભલે 2026માં પહોંચી ગયા હોઈએ, પરંતુ જાત-પાત, છૂત-અછૂત, ઊંચી કોમ-નીચી કોમ વગેરેની વાડાબંધી આજે પણ એટલી જ જડબેસલાક છે. ક્યારેક ધર્મથી પણ વધુ ઊંડાં મૂળિયાં જાતિ અને કોમનાં હોય છે. તેને લઈને જ એવી લોહિયાળ હત્યાઓ થતી રહે છે, જે આપણને આપણા વિશે નવેસરથી વિચારવા પર મજબૂર કરી દે છે. આજે 'લાલ ઈશ્ક'ના પાંચમા અને છેલ્લા એપિસોડમાં આપણે આજથી છ વર્ષ પહેલાં અમદાવાદની નજીક જ બનેલા એવા લોહિયાળ ઘટનાક્રમ વિશે વાત કરવાની છે, જે ફિલ્મી પડદે દેખાતી 'ધડક' કે 'સૈરાટ' જેવી ફિલ્મોને પણ પાછળ છોડી દે. આ ઘટનાના પડઘા ગુજરાત સહીત દેશભરમાં પડ્યા હતા અને ગુજરાતની વિધાનસભાથી લઈને દેશની સંસદ સુધી આની ચર્ચા થઈ હતી.

# મકર સંક્રાંતિ અને ઉત્તરાયણ એ ખગોળીય ઘટનાનું મહાત્મ્ય દર્શાવતો હિન્દુ તહેવાર છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

14 જાન્યુઆરી એટલે કે મકરસંક્રાંતિ અને ઉત્તરાયણના તહેવાર તરીકે આપણે જેને ઓળખીએ છીએ એ આવશે. ઉત્તરાયણના દિવસે પિતામહ ભીષ્મ એ, પોતાનો પ્રાણ ત્યજી અને દેહથી વિદાય લીધી હતી. આપણે સૌ જાણીએ છીએ તેમ ભીષ્મ પિતામહને તેમના પિતા શાંતનુ દ્વારા ઈચ્છા મૃત્યુનું વરદાન પ્રાપ્ત થયું હતું.રાજા શાંતનુને સત્યવતી સાથે વિવાહ કરવાં હતાં, ત્યારે સત્યવતીએ લગ્ન માટે શરત રાખી કે ગંગાપુત્ર ભીષ્મ નહિ પણ તેમનો પુત્ર રાજ ગાદી માટે વારસદાર ગણાશે, જો આ શરત મંજૂર હોય તો જ તે લગ્ન કરશે, અને ત્યારે ગંગા પુત્ર ભીષ્મ એ હસ્તિનાપુરના રક્ષણની તેમજ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી હતી, ત્યારે એમને આ વરદાન આપ્યું હતું, એટલે જ સત્યવતીના પુત્ર શાંતનુને રાજગાદી મળી. શાંતનુને બે પુત્ર હતા પાડું અને ધૃતરાષ્ટ્ર જેમાં ધૃતરાષ્ટ્ર જ્યેષ્ઠ હોવા છતાં અંધ હોવાથી પાડુંને રાજગાદી મળી. પાંડુના નિધન બાદ ધૃતરાષ્ટ્ર રાજા બન્યાં, અને તેમની ઈચ્છા તેમના જ્યેષ્ઠ પુત્ર દુર્યોધન હસ્તિનાપુરનો રાજા બને તેવી હતી. દુર્યોધને પાંડવોને સોયની અણી જેટલી જમીન આપવાનો ઈનકાર કરતાં મહાભારતનું યુદ્ધ થયું. ભીષ્મ પિતામહ એ 58 દિવસ સુધી પોતાનો દેહ શૂળ શૈયા પર ટકાવી રાખ્યો હતો, એમના ઘાયલ થયાં બાદ પણ યુદ્ધ આઠ દિવસ ચાલ્યું હતું. આમ ઈચ્છા મૃત્યુ હોવાથી કરેલા કર્મોનો હિસાબ આ જન્મમાં જ પૂરો કરવા માંગતા હોય એવું લાગે છે. આમ તો તેમનું કુળ માટેનું સમર્પણ બહુ શ્રેષ્ઠ છે, પરંતુ દુર્યોધનની રાજ્ય સભામાં જ્યારે દ્રૌપદી ચીરહરણ થયુ, ત્યારે પિતામહ ભીષ્મ પણ દ્રૌપદીની રક્ષા માટે આગળ આવ્યા નહીં, કદાચ એ કર્મની ભરપાઈ કરવા શૂળ શૈયા પર સૂતા. ભગવાન કૃષ્ણને ક્યાં સમયે મૃત્યુ સ્વીકારવાથી તે શ્રેષ્ઠ સાબિત થાય છે, એમ પુછતાં તેમણે કહ્યું હતું કે ઉત્તરાયણના દિવસે ઉગતાં સૂર્ય પ્રકાશમાં કે દિવસના પ્રકાશમાં પ્રાણ છૂટે તો એ દેહનું જન્મ મૃત્યુનું બંધન કાયમી છૂટે છે, માટે ત્યારે પોતાનો દેહ ત્યાગ કર્યો, આ વાત સાબિત કરે છે કે આ દિવસ કેટલો મહત્વનો છે.

14 જાન્યુઆરીને આપણે ત્યાં મકરસંક્રાંતિના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે ઘણા લોકોને ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ વચ્ચેના ભેદની ખબર ન હોવાથી આજે ઉત્તરાયણ છે, એમ પણ કહેતા હોય છે. આ તહેવાર ખગોળ શાસ્ત્રની ઘટનાને આધારિત હોવાથી, આપણા પૂર્વજો ખગોળ વિશે પણ કેટલું બધું જ્ઞાન ધરાવતા એ અહીં દેખાય છે. ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ આ તહેવારનું મહત્વ જોઈએ, તો સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય, એને સંક્રાંતિ કહેવામાં આવે છે, અને આ રીતે સૂર્ય આખા વર્ષ દરમિયાન બાર વાર સંક્રાંતિ કરે છે. પરંતુ ધન રાશિમાંથી સૂર્ય મકર રાશિમાં આ સમયગાળા દરમિયાન સંક્રાંતિ કરતો હોય તેને મકરસંક્રાંતિના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. ખગોળની દ્રષ્ટિએ એક શુભ કદમ છે. જ્યારે ઉત્તરાયણ એટલે સૂર્યનું થોડુંક ઉત્તર તરફ ખસવું એને ઉત્તરાયણ કહેવામાં આવે છે, અને રોજ મધ્યાને જ્યારે સૂર્ય માથાપર આવે ત્યારે એ ત્યાંથી સહેજ ઉત્તર તરફ ખસે છે. ૨૧ ડિસેમ્બર કે 22 ડિસેમ્બર આસપાસથી સૂર્ય ઉતર યાનમાં પ્રવેશે છે, એટલે કે તેની એ તરફ ગતિ શરૂ થાય છે. આપણે ત્યાં કમુરતાની પણ એક પ્રથા છે, જેમાં આપણે ત્યાં શુભ કાર્ય એ પછી થતાં નથી.એટલે ધનારક કે કમુરતા પુરા થશે, અને ઘણાં તેને ટાઢું પુરાણ પણ કહે છે, એટલે શુભ કાર્ય શરું થશે.

મકરસંક્રાંતિ એ સૂર્યની એક રાશિમાંથી બીજી રાશિમાં તરફ સંક્રાંતિ થાય છે, તેને અનુલક્ષીને ઉજવાતો તહેવાર છે. એટલે કે આ તહેવારમાં સૂર્યનું મહત્વ ખુબ જ છે, વર્ષમાં છ માસ સૂર્ય દક્ષિણ યાનમાં અને છ માસ ઉત્તર યાનમાં રહે છે, ઉત્તર યાનમાં હોય ત્યારે પૃથ્વી છ માસ માટે પ્રકાશમાં રહે, અને દક્ષિણ યાનમાં હોય ત્યારે છ માસમાં અંધકારમાં રહે છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે, કે પૃથ્વી જ્યારે પ્રકાશમાં હોય ત્યારે જે કોઈનું મૃત્યુ થાય તેનો પુનર્જન્મ થતો નથી, અને દક્ષિણ યાનમાં કે અંધકારમાં હોય ત્યારે જો કોઈનું મૃત્યુ થાય તો એ જન્મ-મૃત્યુના બંધનમાં ફરી ફસાય છે.આ ઉપરાંત હિન્દુ ધર્મમાં સૂર્યને સાક્ષાત દેવ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, તેથી આજના દિવસનું ખૂબ જ મહત્વ છે. ગાયત્રી મંત્રના આજે અનુષ્ઠાન કરવાથી પણ ઘણા ફાયદા બતાવાયા છે.ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે, ગીતાનો ઉપદેશ આ પહેલાં પણ મેં ગાયો છે, અને સૌથી પહેલીવાર રવિ એટલે કે સૂર્યને સંભળાવ્યો હતો. આ ઉપરાંતમાં સરસ્વતીની સાધનાનો પણ આજે દિવસ છે. આજે શાસ્ત્રોકત રીતે દાન ધર્મ અને પૂજા વિધિના અનેક અનુષ્ઠાનો બતાવવામાં આવ્યા છે. તેમાં પણ ગાયના શરીરમાં 33 કોટી દેવતાનો વાસ બતાવાયો હોવાથી, ગાયને ઘઉં તથા બાજરીની ઘૂઘરી ખવડાવવામાં આવે છે, અને બ્રાહ્મણ તથા બેન દીકરીઓને યથાશક્તિ દાન કરવામાં આવે છે. ખેતરોમાં પાક તૈયાર થઈ ગયો હોવાથી છડેલા ધાનનો ખીચડો કરવાનું,તેમજ તેનું દાનનું પણ ખૂબ જ મહત્વ છે.આ ઉપરાંત આજના દિવસે સ્નાનનો પણ ખૂબ મહિમા છે, ઘણા લોકો તીર્થ સ્થાનોમાં સ્નાન પણ કરે છે, અને ઘણા ઘરમાં તલ અને ગંગાજળ મિક્સ કરીને સ્નાન કરે છે. લોકોમાં ધાર્મિક શ્રદ્ધા વધે, એ હેતુથી આવા વિધાન શાસ્ત્રમાં બતાવેલ હોય છે, પરંતુ ઘણીવાર આમાંથી જ અંધશ્રદ્ધા વધતી જોવા મળે છે. દાખલા તરીકે ગાયને ઘૂઘરી કે ઘાસ ખવડાવવાનું મહત્વ છે, એમ સમજી સમાજનો દરેક વ્યકતિ જો ગાયને આ રીતે ખવડાવે તો ગાયની શું હાલત થાય!! અને થતી પણ જોવા મળે છે. દાન કરવા માટે વૈશ્નવને ખાસ દિવસ, તિથી, કે મુહુર્તની જરૂર પડતી નથી.

વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જોઈએ તો સૂર્ય માંથી આપણને વિટામીન 'ડી' પ્રાપ્ત થાય છે, અને આજથી હવે પૃથ્વી સૂર્ય પ્રકાશ તરફ આવી હોવાથી, સૌ આ વિટામીન 'ડી' નો લાભ મેળવે એ બહુ જરૂરી છે. ખોરાકના કોઈને કોઈ ઘટક માંથી અન્ય વિટામિનો પ્રાપ્ત થાય છે, પણ આ એક એવું વિટામિન છે જે આપણે નિશુલ્ક મેળવી શકીએ છીએ, અને આજે તો લોકોના જીવન એસી માં બંધ થયા હોવાથી, તેની ઉણપને કારણે પણ ઘણા રોગ થાય છે, એ સિદ્ધ થયું છે, અને તેના ઈન્જેક્શનો અને ગોળી લઈ તેની પૂર્તિ કરવી પડે છે.

ગુજરાતમાં મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી પતંગ ઉડાડીને કરવામાં આવે છે. નાના-મોટા સૌનો પ્રિય તહેવાર છે, અગાસીમાં વિવિધ રંગો અને ડિઝાઈનના કાગળમાંથી બનાવેલા પતંગો માંજો પાયેલી દોરીથી ઉડાવવામાં આવે છે, અને એ રીતે આખો દિવસ સૂર્યની હાજરીમાં લોકો વિતાવે છે. પતંગમાં પણ ઘણી વેરાયટી જોવા મળે છે,જેમ કે અટ્ટો, પટ્ટો, ચાંદરાજ,ફુદડી વાળો,ચુમકી વાળો, પુંછડીયો, સ્ટાર, પ્લેન વગેરે. આજે સૌની અગાસીમાં આખો દિવસ ખૂબ જ ચહલપહલ રહેશે, અને પતંગ કાપ્યો છે... કે આવ્યો છે... એવી બૂમાબૂમ થશે, હવે તો લોકો ગીત સંગીતની ધૂન પણ અગાસીમાં વગાડતા હોય છે. ટૂંકમાં હળીમળીને પૂર્ણ મજા મસ્તીમાં આખો દિવસ ઉજવાય છે. જમવામાં પણ ઉંધિયુ પૂરી જલેબી કે અન્ય મીઠાઈ બંને છે,તેમજ શીંગપાક, દાળિયા પાક,તલપાક, મમરાના લાડુ,વગેરે ચીકી પણ ખાવામાં આવે છે,બોર જામફળ શેરડી જેવા ફળની રંગત પણ થાય છે. રાત્રે પણ આકાશમાં ગબ્બારા કે ટુક્કલ ચડાવીને લોકો આનંદ પ્રાપ્ત કરતાં હોય છે. પરંતુ પક્ષીઓનું ધ્યાન રાખી આ દિવસની ઉજવણી કરવી, એટલે પતંગ કાપવાની બહુ વૃત્તિ રાખવી નહીં, અને દોરીનો માંજો પાવામાં કાચનો ઉપયોગ ઓછો કરવો. ચાઈનીઝ દોરીનો ઉપયોગ ઘટાડી અને પક્ષીના જીવ બચાવીએ, એ પણ એટલું જ જરૂરી છે. આપણી મજા કોઈની સજા ન બને, એનો પણ આપણે ખાસ ખ્યાલ રાખવો. તો આપણે સૌ આપણી સંસ્કૃતિની ગાથા ગાતા આવા તહેવારને મનભરીને ઉજવીએ. દરેક તેનું મહત્વ સમજી એ પ્રમાણે ઉત્સાહથી જીવે,અને પિતામહ ભીષ્મની જેમ આજના સમયમાં સંસ્કૃતિના રક્ષણની એક ભીષ્મ પ્રતિજ્ઞા કરીને આપણી બહુવિધ સંસ્કૃતિનું મુલ્યાંકન કરીએ. જય હિન્દ.



# સાણંદના ગોકળપુરા ગામે પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અને બિયારણ કિટ વિતરણનો કાર્યક્રમ યોજાયો



**અમદાવાદ, તા. 09**

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ગોકળપુરા ગામમાં બોસ ઈન્ડિયા ફાઉન્ડેશન અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક ખેતી અંગેના એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના ખેડૂતોને અને ગ્રામજનોને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વળવા અને ઝેરમુક્ત આહાર પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ પોતાના ખેતીના બહોળા અનુભવો રજૂ કરતા જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતી લાંબા ગાળે જમીન અને માનવીય સ્વાસ્થ્ય બંને માટે નુકસાનકારક છે. તેમણે તેના વિકલ્પ તરીકે પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે વિસ્તૃત છણાવટ કરી હતી અને ખેડૂતોને આ પદ્ધતિ અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. તાલીમ દરમિયાન કિચન ગાર્ડનિંગના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. શ્રી કાશીરામભાઈએ ખેડૂતોને પોતાના ઘર આંગણે, વાડામાં કે બાલ્કનીમાં પ્રાકૃતિક પદ્ધતિથી કેવી રીતે શાકભાજી ઉગાડી શકાય તે અંગે પ્રેક્ટિકલ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે ખેડૂતોના ખેતીને લગતાં વિવિધ પ્રશ્નો અને મૂંઝવણોનું સંતોષકારક નિરાકરણ કરવામાં આવ્યું હતું. દરેક પરિવાર પોતાના ઘર વપરાશ માટે શુદ્ધ શાકભાજી મેળવતો થાય તે હેતુથી ઉપસ્થિત તમામ ખેડૂતોને શિયાળુ શાકભાજીના વિવિધ બિયારણોની કિટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. અને ખેડૂતોને આ પદ્ધતિ અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. તાલીમ દરમિયાન કિચન ગાર્ડનિંગના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. શ્રી કાશીરામભાઈએ ખેડૂતોને પોતાના ઘર આંગણે, વાડામાં કે બાલ્કનીમાં પ્રાકૃતિક પદ્ધતિથી કેવી રીતે શાકભાજી ઉગાડી શકાય તે અંગે પ્રેક્ટિકલ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે ખેડૂતોના ખેતીને લગતાં વિવિધ પ્રશ્નો અને મૂંઝવણોનું સંતોષકારક નિરાકરણ કરવામાં આવ્યું હતું. દરેક પરિવાર પોતાના ઘર વપરાશ માટે શુદ્ધ શાકભાજી મેળવતો થાય તે હેતુથી ઉપસ્થિત તમામ ખેડૂતોને શિયાળુ શાકભાજીના વિવિધ બિયારણોની કિટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

# સાચું બોલવાની જેને આદત છે એ માણસ ક્યાંય ફિટ થઈ શકતો નથી,કેમ કે સત્ય બોલનારો માણસ બધાને ખૂંચે છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

એક રાજા પોતાની પ્રજાની ખૂબ કાળજી રાખતો હતો.અચાનક, તેના રાજ્યમાંથી ચોરીનીઅસંખ્ય ફરિયાદો આવવા લાગી.તેના શ્રેષ્ઠ પ્રયાસો છતાં,કોઈ ચોર પકડાયો નહીં.નિરાશ થઈને,રાજાએ જાહેરાત કરી કે જે કોઈ ચોરી કરતા પકડાશે તેને મૃત્યુદંડની સજા આપવામાં આવશે. બધી જગ્યાએ સૈનિકો તૈનાત કરવામાં આવ્યા.જાહેરાત પછી ત્રણ-ચાર દિવસ સુધી,ચોરીની કોઈ ફરિયાદ મળી નહીં.

તે રાજ્યમાં એક ચોર હતો જે ચોરી કરવા સિવાય બીજું કંઈ જાણતો ન હતો.તેણે વિચાર્યું, 'મારું એકમાત્ર કામ ચોરી કરવાનું છે.જો હું ડરમાં જીવતો રહીશ,તો હું ભૂખે મરી જઈશ.જો હું ચોરી કરતા પકડાઈ જઈશ, તો પણ હું મરી જઈશ.ભૂખ્યા રહેવા કરતાં ચોરી કરવી વધુ સારી છે.'તે રાત્રે, તે ચોરી કરવા માટે એક ઘરમાં ઘૂસી ગયો.ઘરના લોકો જાગીગયા તેઓએ બૂમો પાડવાનું શરૂ કર્યું, અને ચોર ભાગી ગયો.ફરજ પર ના રક્ષકોએ તેનો પીછો કર્યો. ચોર પોતાનો જીવ બચાવવા માટે શહેરની બહાર ભાગી ગયો.તેણે પાછળ જોયું તો ઘણારક્ષકો તેનો પીછો કરી રહ્યા હતા. તેમનાથી બચીને ભાગી જવું શક્ય ન હતું. ભાગવાથી તેનો જીવ બચશે નહીં તેણે કોઈ રણ નીતિ બનાવવી પડશે.

ચોર શહેરની બહાર એક તળાવ માં પહોંચ્યો.તેણે તેના બધા કપડાં ઉતાર્યા,તળાવમાં ફેંકી દીધા,અને અંધારાનો લાભ લઈને એક વડના ઝાડ નીચે પહોંચ્યો.

વડના ઝાડ પર બગલા રહેતાહતા વડના મૂળ પાસે,બગલાના મળ મૂત્ર હતા. ઝાડના મૂળ પાસે એક બગલાનું મળ પડ્યું હતું.ચોરે મળ ઉપાડ્યો,તેના પર તિલક લગાવ્યું અને ધ્યાનમાં ડૂબેલો હોવાનો ડોળ કરીને આંખો બંધ કરીને બેસી ગયો.

થોડી વાર પછી, સૈનિકો પણ ત્યાં પહોંચ્યા,પરંતુ તેઓ ચોરને ક્યાંય જોઈ શક્યા નહીં.જેમ જેમ તેઓ શોધતા ગયા તેમ તેમ પ્રકાશ થતો ગયો,અને તેમની નજર બાબાના વેશમાં ચોર પર પડી.

સૈનિકોએ પૂછ્યું, 'બાબા,શું તમે કોઈને અહીં આવતા જોયા છે?' પરંતુ નકલી બાબા ધ્યાનમાં બેઠો હતો. તેને ખબર હતી કે જો તે બોલશે તો તે પકડાઈ જશે,તેથી તે મૌન બાબા બની ગયો અને ધ્યાનમાં હોવાનો ડોળ કરતો રહ્યો

સૈનિકોને થોડા શંકા ગઈ,પણ તેઓ વિચારતા રહ્યા કે શું તે ખરેખર કોઈ સંત છે.તો? છેવટે, તેઓ ગુપ્ત રીતે તેના પર નજર રાખતા રહ્યા. ચોરને આ વાતનો ખ્યાલ આવી ગયો.પોતાનો જીવ બચાવવા માટે,તે પણ ચૂપચાપ બેસી રહ્યો.

એક દિવસ,બે દિવસ,ત્રણ દિવસ પસાર થયા અને બાબા બેઠા જ રહ્યા. શહેરમાં ચર્ચા શરૂ થઈ ગઈ કે કોઈ સિદ્ધ સંત કોણ જાણે કેટલા સમયથી ખાધા-પીધા વિના ધ્યાનસ્થ બેઠા છે.સૈનિકોને અચાનક તેમની ઝલક મળી. શહેરના લોકો તે બાબાને જોવા આવવા લાગ્યા. ભક્તોનો મોટો ટોળો એકઠો થવા લાગ્યો. આ સમાચાર રાજા સુધી પહોંચ્યા. રાજા પોતે તેમને મળવા આવ્યા. રાજાએ વિનંતી કરી કે તમે શહેર માં આવો અને અમને તમારી સેવા કરવાનો લહાવો આપો. ચોરને લાગ્યું કે આ તેના માટે બચવાનો મોકો છે.તે રાજવી મહેમાન બનવા સંમત થયો.બધાએ તેનું સ્વાગત કર્યું અને ઉત્સાહથી તેની સેવા કરવા લાગ્યા. લોકોનો પ્રેમ અને ભક્તિ જોઈને, ઢોંગીનું હૃદય બદલાઈ ગયું.તેને સમજાયું કેજો કોઈ નકલીવ્યક્તિ ને આટલો આદર આપવામાં આવે છે,તો એક સાચો સંત કેટલો આદર આપશે. તેનું મન સંપૂર્ણપણે બદલાઈ ગયું, અને તેણે ચોરીનો ત્યાગ કર્યો અને સાધુ બની ગયો.

લવકુશને જોઈને રામજીને બહુ પ્રેમ થાય છે અને વસ્ત્ર-ઉપહાર આપવા તૈયાર થાય છે,ત્યારે લવ કુશ કહે છે કે,અમારા ગુરુની આજ્ઞા છે કે,અમે ઋષિ બાળકો છીએ. અમારાથી ગૃહસ્થનો કોઈ જ ઉપહાર લેવાય નહીં.

રામજીને લવકુરાનો પરિચય જાણવાની ઈચ્છા થાય છે, ત્યારે લવકુશ કહે છે કે,અમે વાલ્મીકિ ના શિષ્યો છીએ એથી વધુ પરિચય આપવોએ ઋષિ બાળક ની મર્યાદાની બહારની વાત છે. અમારાથી અમારા માતા પિતા કે ઘરનો પરિચય ન અપાય.રામજી ને સમગ્ર રામાયણ સાંભળવાની ઈચ્છા છે.પણ લવ કુશ કહે છે કે, અમારા ગુરુની આજ્ઞા છે કે, રાજ્યાભિષેક સુધીની જ કથા કહેવી.એટલે આગળ અમે નહીં કહી શકીએ. આશ્રમમાં આવીને લવકુશ સીતાજીને કહે છે કે, મા, આજે અમે એક મોટા રાજાની સભામાં ગયા હતા. એમનું નામ રામ છે. એમની બાજુમાં તારા જ જેવી એક સોનાની મૂર્તિ હતી. સીતાજી ને એ જાણીને આનંદ થાય છે કે, રામે મારો ત્યાગ નથી કર્યો. રામજીએ સીતાનો ત્યાગ કર્યો નથી,પણ એક રાજાએ પ્રજાને શુદ્ધ ચારિત્ર્યનો આદર્શ આપવા એક રાણીનો ત્યાગ કર્યો હતો. જીવ જ્યારે કંઈ આપે છે, ત્યારે પોતાને માટે રાખીને આપે છે.પણ શ્રીરામ આપે છેત્યારે પોતાનું સર્વ સ્વ આપે છે એમ એમણે પોતાનું સર્વસ્વ પ્રજાહિતાર્થે દઈ દીધું હતું મહર્ષિ વાલ્મીકિએ અયોધ્યાની પ્રજાને ઠપકો આપ્યો છેઅને કહ્યું કે,જેમણે તમારા સુખ માટેઆટલું કર્યું,એ રામ અને સીતાજી માટે તમને જરાય દુ:ખ નથી થતું!શ્રીરામને એકલા અયોધ્યાના રાજમહેલમાં રહેવું પડે અને સીતાજીને મારા આશ્રમમાંએ ક્યાંનો ન્યાય છે?વાલ્મીકિ સીતાજીને કહે છેકે, બેટા,એક વખત તું મારી સાથે રામજીના દરબારમાં આવશે?તને રામજી ખૂબ યાદ કરે છે.અને રાજસભા માં જવાનો દિવસ પણ નક્કીથયો અને એ વાલ્મીકિ સીતાજીને લઇ ને અયોધ્યાની રાજસભામાં આવ્યા સીતાજીની નજર જમીન ઉપર સ્થિર હતી. અયોધ્યાની પ્રજા સીતાજીનાં દર્શન કરે છે અને જયજયકાર કરે છે.ત્યારે સીતાજી કહેછે,મેં જો રામ સિવાય સ્વપ્ને પણ કદી બીજા કોઈનો વિચાર ન કર્યો હોય અને પતિવ્રતા ધર્મ પૂરેપૂરો પાળ્યો હોય તો હે ધરતીમાતા, મને તમે તમારી ગોદમાં લઈ લો!અને એ જ ક્ષણે ધરતીમાતા સીતાજીને પોતાનામાં સમાવી લે છે.આમ સીતાજી ધરતીમાંથી પ્રગટ થયાં હતાં અને ધરતીમાં જ સમાઈ ગયાં હતાં. લોકોનો પ્રેમ અને ભક્તિ જોઈને, ઢોંગીનું હૃદય બદલાઈ ગયું.તેને સમજાયું કેજો કોઈ નકલીવ્યક્તિ ને આટલો આદર આપવામાં આવે છે,તો એક સાચો સંત કેટલો આદર આપશે.તેનું મન સંપૂર્ણપણે બદલાઈ ગયું, અને તેણે ચોરીનો ત્યાગ કર્યો અને સાધુ બની ગયો. લવકુશને જોઈને રામજીને બહુ પ્રેમ થાય છે અને વસ્ત્ર-ઉપહાર આપવા તૈયાર થાય છે,ત્યારે લવ કુશ કહે છે કે,અમારા ગુરુની આજ્ઞા છે કે,અમે ઋષિ બાળકો છીએ. અમારાથી ગૃહસ્થનો કોઈ જ ઉપહાર લેવાય નહીં. રામજીને લવકુરાનો પરિચય જાણવાની ઈચ્છા થાય છે, ત્યારે લવકુશ કહે છે કે,અમે વાલ્મીકિ ના શિષ્યો છીએ એથી વધુ પરિચય આપવોએ ઋષિ બાળક ની મર્યાદાની બહારની વાત છે. અમારાથી અમારા માતા પિતા કે ઘરનો પરિચય ન અપાય.રામજી ને સમગ્ર રામાયણ સાંભળવાની ઈચ્છા છે.પણ લવ કુશ કહે છે કે, અમારા ગુરુની આજ્ઞા છે કે, રાજ્યાભિષેક સુધીની જ કથા કહેવી.એટલે આગળ અમે નહીં કહી શકીએ. આશ્રમમાં આવીને લવકુશ સીતાજીને કહે છે કે, મા, આજે અમે એક મોટા રાજાની સભામાં ગયા હતા. એમનું નામ રામ છે. એમની બાજુમાં તારા જ જેવી એક સોનાની મૂર્તિ હતી. સીતાજી ને એ જાણીને આનંદ થાય છે કે, રામે મારો ત્યાગ નથી કર્યો. રામજીએ સીતાનો ત્યાગ કર્યો નથી,પણ એક રાજાએ પ્રજાને શુદ્ધ ચારિત્ર્યનો આદર્શ આપવા એક રાણીનો ત્યાગ કર્યો હતો. જીવ જ્યારે કંઈ આપે છે, ત્યારે પોતાને માટે રાખીને આપે છે.પણ શ્રીરામ આપે છેત્યારે પોતાનું સર્વ સ્વ આપે છે એમ એમણે પોતાનું સર્વસ્વ પ્રજાહિતાર્થે દઈ દીધું હતું મહર્ષિ વાલ્મીકિએ અયોધ્યાની પ્રજાને ઠપકો આપ્યો છેઅને કહ્યું કે,જેમણે તમારા સુખ માટેઆટલું કર્યું,એ રામ અને સીતાજી માટે તમને જરાય દુ:ખ નથી થતું!શ્રીરામને એકલા અયોધ્યાના રાજમહેલમાં રહેવું પડે અને સીતાજીને મારા આશ્રમમાંએ ક્યાંનો ન્યાય છે?વાલ્મીકિ સીતાજીને કહે છેકે, બેટા,એક વખત તું મારી સાથે રામજીના દરબારમાં આવશે?તને રામજી ખૂબ યાદ કરે છે.અને રાજસભા માં જવાનો દિવસ પણ નક્કીથયો અને એ વાલ્મીકિ સીતાજીને લઇ ને અયોધ્યાની રાજસભામાં આવ્યા સીતાજીની નજર જમીન ઉપર સ્થિર હતી. અયોધ્યાની પ્રજા સીતાજીનાં દર્શન કરે છે અને જયજયકાર કરે છે.ત્યારે સીતાજી કહેછે,મેં જો રામ સિવાય સ્વપ્ને પણ કદી બીજા કોઈનો વિચાર ન કર્યો હોય અને પતિવ્રતા ધર્મ પૂરેપૂરો પાળ્યો હોય તો હે ધરતીમાતા, મને તમે તમારી ગોદમાં લઈ લો!અને એ જ ક્ષણે ધરતીમાતા સીતાજીને પોતાનામાં સમાવી લે છે.આમ સીતાજી ધરતીમાંથી પ્રગટ થયાં હતાં અને ધરતીમાં જ સમાઈ ગયાં હતાં.

વાચક ચાહક મિત્રો,સંગ,વાતાવરણ અને લાગણીઓ વ્યક્તિમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવી શકે છે. લૂંટારા રત્નાકરને ગુરુ મળ્યો, પ્રેરણા મળી અને તે કવિ બન્યો. જો કોઈ અસંતને માર્ગદર્શન આપવા માટે કોઈ મળે તો તે પણ સંત બની શકે છે!



# ઉત્તરાયણ પર્વમાં ઘાયલ થયેલા પક્ષીઓની સારવાર માટે રાજ્યભરમાં તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન યોજાશે 'કરૂણા અભિયાન':વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

**અમદાવાદ, તા. 09**

રાજ્યભરમાં કુલ ૪૫૦ જેટલા કલેક્શન સેન્ટર, ૮૫ જેટલા કંટ્રોલરૂમ તથા ૪૮૦થી વધુ સારવાર કેન્દ્રો અબોલ પક્ષીઓની સારવાર-બચાવ કાર્ય માટે કાર્યરત આ કેન્દ્રો પર કુલ ૭૪૦થી વધુ વેટરનરી ડોકટર તથા અંદાજે ૮,૫૦૦ થી વધુ કર્મચારીઓ-સ્વયંસેવકો પક્ષીઓના બચાવ-સારવાર માટે સેવારત છેલ્લા ૦૯ વર્ષમાં કરૂણા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૧.૧૨ લાખથી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયા ઘાયલ પક્ષીઓની સારવાર માટે ડાયલ કરો હેલ્પલાઈન નંબર ૧૯૬૨ વાઈલ્ડ લાઈફ હેલ્પ લાઈન નંબર ૮૩૨૦૦ ૦૨૦૦૦ પર સંપર્ક કરી પક્ષી સારવાર કેન્દ્રોની વિગતો મેળવી શકાશે, રાજ્યમાં મકરસંક્રાંતિ-ઉત્તરાયણના પર્વના દરમિયાન પતંગ-દોરીથી અનેક અબોલ પશુ-પક્ષીઓ ઘાયલ થતા હોય છે. આ સાથે જ,તહેવારને ધ્યાને લઈ ધર્મપ્રેમી નાગરીકો પશુઓને ખાસ કરીને ગાયને ઘુઘરી,રજકો અને લીલુ ઘાસ વગેરે ખવડાવતાં હોય છે. જેના થકી ઘણીવાર પશુઓને આફરો અને પોઈઝનીંગ થતું હોય છે. આવા પશુ-પક્ષીઓને તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ કરીને યોગ્ય સારવાર પૂરી પાડી શકાય તે માટે વર્ષ ૨૦૧૫થી દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા કરૂણા અભિયાન હાથ ધરવામાં આવે છે.

આ વર્ષે પણ રાજ્યભરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આવતીકાલે તા.૧૦ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન કરૂણા અભિયાન હાથ ધરવામાં આવશે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ વિગતો આપતા જણાવ્યું હતું. મંત્રી શ્રી મોઢવાડિયાએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી આ કરૂણાસભર પહેલના પરિણામે અનેક અબોલ પશુ- પક્ષીઓને નવજીવન મળ્યું છે. છેલ્લા ૦૯ વર્ષમાં કરૂણા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૧.૧૨ લાખથી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયા છે. ગુજરાતે સૌપ્રથમવાર શરુ કરેલું 'કરૂણા અભિયાન'નું આદર્શ મોડલ આજે સમગ્ર દેશ માટે પથદર્શક બન્યું છે.

મંત્રીશ્રીએ ઉત્તરાયણ પર્વની સૌને શુભેચ્છા આપી અપીલ કરતા કહ્યું હતું કે, સવારે અને સાંજે પક્ષીઓ ખોરાક માટે વિચરતા હોય છે જેથી સવારે અને સાંજે શક્ય હોય તો પતંગ ન ચગાવવા જોઈએ. સાથે જ ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનો પણ ઉપયોગ ન કરવા જણાવ્યું હતું. મંત્રી શ્રી મોઢવાડિયાએ આ અંગે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્યમાં કરૂણા અભિયાન ૨૦૨૬ અંતર્ગત વન વિભાગ, પશુપાલન વિભાગ અને સ્વયંસેવી સંસ્થાઓ સાથે મળીને રાજ્યભરમાં કુલ ૪૫૦ જેટલા કલેક્શન સેન્ટર, ૮૫ જેટલા કંટ્રોલરૂમ તથા ૪૮૦ વધુ સારવાર કેન્દ્રો અબોલ પક્ષીઓના સારવાર તેમજ બચાવ કાર્ય માટે કાર્યરત કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો પર કુલ ૭૪૦થી વધુ વેટરનરી ડોકટર તથા અંદાજે ૮,૫૦૦ થી વધુ કર્મચારીઓ-સ્વયંસેવકો પક્ષીઓના બચાવ-સારવાર માટે સેવા આપી રહ્યા છે. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ કહ્યું હતું કે, રાજ્યભરમાં ૧૯૬૨ નંબર ડાયલ કરી ઘાયલ પક્ષીઓની સારવાર માટે સહાય મેળવી શકાશે. આગામી તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન ઘાયલ પક્ષીઓના બચાવ માટે અને પક્ષીઓને સમયસર સારવાર આપવા વાઈલ્ડ લાઈફ હેલ્પ લાઈન નંબર ૮૩૨૦૦ ૦૨૦૦૦ જાહેર કરાયો છે. આ નંબર પર વોટ્સએપમાં "Hi" લખવાથી નજીકના પક્ષી સારવાર કેન્દ્રોની જાણકારી મેળવી શકાશે. સવારે ૭ થી સાંજે ૬ દરમિયાન દરેક તાલુકામાં કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. જરૂર જણાશે તો કરૂણા એમ્બ્યુલન્સ સ્થળ પર થઈ ઘાયલ પક્ષીઓની બચાવ કામગીરીમાં જોડાશે. મંત્રી શ્રી માળીએ કહ્યું હતું કે, ઘાયલ પક્ષીઓને સમયસર સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા વન વિભાગ દ્વારા જિલ્લાવાર નોડલ અધિકારી તથા નિયંત્રણ અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે. તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને અન્ય વિસ્તારોમાં આ કરૂણા અભિયાનને વેગ આપી તેમાં સ્વંયસેવી સંસ્થાઓ અને શિક્ષણ સંસ્થાઓનો સહયોગ લેવામાં આવશે. આ અભિયાનમાં મોટી સંખ્યામાં યુવાનો અને સામન્ય પ્રજાજનો જોડાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જાગૃતિ કાર્યક્રમો પણ ઠેર ઠેર યોજાશે. ચાયનીઝ માંજાનો ઉપયોગ ન કરવા અને સુર્યોદય તથા સુર્યાસ્ત સમયે પક્ષીઓ વધુ પ્રમાણમાં આકાશમાં ઉડતા હોવાથી આ સમયે પતંગ ન ચગાવવા પણ મંત્રીશ્રીએ નાગરિકોને અપીલ કરી હતી.

## આર.ટી.ઓ. નડિયાદ ખાતે પતંગના દોરાથી સલામતી માટે દ્વિ-ચક્રી વાહનચાલકોને વિના મૂલ્યે સેફટી ગાર્ડ લગાવી આપ્યા




**અમદાવાદ, તા. 09**

આર.ટી.ઓ. નડિયાદ ખાતે પતંગના દોરાથી સલામતી માટે દ્વિ-ચક્રી વાહનચાલકોને વિના મૂલ્યે સેફટી ગાર્ડ લગાવી આપ્યા હતા. ગુજરાતના આર.ટી.ઓ. નડિયાદ ખાતે મોટર વાહન નિરીક્ષક એન. બી. પ્રજાપતિ તથા સહાયક મોટર વાહન નિરીક્ષક એ.બી. વિરમગામી દ્વારા રોડ સેફ્ટી અભિયાન અંતર્ગત આગામી મકરસંક્રાંતિ દરમિયાન પતંગના દોરાથી દ્વિ-ચક્રી વાહન ચાલકોને ઈજા ના પહોંચે તે ધ્યાને લઈ નડીયાદ આરટીઓ કચેરી ખાતે વાહનચાલકોના બચાવ માટે વિના મૂલ્યે સેફટી ગાર્ડ (લોખંડના ) તાર લગાવી આપવાનો કાર્યક્રમ હાથે ધરવામાં આવેલ હતો. જેનો ૫૦ થી પણ વધુ વાહનચાલકોએ લાભ મેળવ્યો હતો.

## સાણંદ ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત બાળ લગ્ન પ્રતિબંધક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**અમદાવાદ, તા. 09**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા સાણંદ ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, 2006 અંગેના એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાંથી બાળ લગ્નની કુપ્રથાને જડમૂળથી નાબૂદ કરવાનો અને કાયદાકીય જોગવાઈઓથી નાગરિકોને અવગત કરવાનો રહ્યો હતો.કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોને બાળ લગ્નના કારણે થતા શારીરિક અને માનસિક દુષ્પરિણામો વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના પ્રતિનિધિએ બાળ અધિકારોના સંરક્ષણ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, બાળ લગ્ન એ માત્ર સામાજિક બદી નથી પરંતુ કાયદાકીય ગુનો પણ છે. આ તકે લગ્ન માટેની નિર્ધારિત વયમર્યાદા અને કાયદાનું ઉલ્લંઘન કરનાર સામેની કડક દંડનીય જોગવાઈઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.આ અવસરે DHEW (District Hub for Empowerment of Women) યોજનાની ટીમ દ્વારા "બાળ લગ્ન સામે પિતા જાગૃત બને (Father Against Child Marriage)"ના સંદેશ સાથે પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પરિવારમાં પિતાની ભૂમિકાને નિર્ણાયક ગણાવીને દીકરીઓના ઉજ્જવળ ભવિષ્ય અને શિક્ષણ માટે પિતાઓને આગળ આવવા આહવાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ કોઈએ બાળ લગ્ન મુક્ત અને શિક્ષિત સમાજની રચના માટે સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, વાલીઓ, યુવક-યુવતીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પરિવારમાં પિતાની ભૂમિકાને નિર્ણાયક ગણાવીને દીકરીઓના ઉજ્જવળ ભવિષ્ય અને શિક્ષણ માટે પિતાઓને આગળ આવવા આહવાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ કોઈએ બાળ લગ્ન મુક્ત અને શિક્ષિત સમાજની રચના માટે સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, વાલીઓ, યુવક-યુવતીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## 12 થી 18 જાન્યુઆરી સુધી રાધનપુર-પીપળી સ્ટેશનો વચ્ચે આવેલ રેલવે ફાટક નં. 100/A બંધ રહેશે



**અમદાવાદ, તા. 09**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના રાધનપુર-પીપળી રેલવે સેક્શન પર પૂર્ણ રેલપથ નવીનીકરણ (Complete Track Renewal-PQRS) નું કામ કરવામાં આવી રહ્યું છે. આ કામને લીધે રાધનપુર-પીપળી સ્ટેશનો વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નંબર 100/A (કિ.મી. 114/39-43) જે રાધનપુરથી ભિલોટ ગામને જોડે છે. તેને 12 જાન્યુઆરી 2026 થી 18 જાન્યુઆરી 2026 સુધી માર્ગ વાહનવ્યવહાર માટે પૂર્ણપણે બંધ રાખવામાં આવશે. માર્ગ ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નંબર 99/B કિ.મી. 113/43-47 (જે રાધનપુરથી ભિલોત અને મહેમદાબાદ ગામને જોડે છે) નો ઉપયોગ કરી શકે છે. રેલવે પ્રશાસને નાગરિકોથી અપીલ કરી છે કે તેઓ અસુવિધાથી બચવા માટે નિર્ધારિત સમયગાળા દરમિયાન વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરે તથા રેલવે દ્વારા કરવામાં આવી રહેલા સંરક્ષા કામમાં સહયોગ આપે. આ કામ ભવિષ્યમાં સુરક્ષિત અને સુગમ રેલવે સંચાલન સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી કરવામાં આવી રહ્યું છે.

કોન્ક્લેવમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને 'એથલીટ સેન્ટ્રિક' અભિગમ દ્વારા ભારતને વર્ષ 2047 સુધીમાં વિશ્વના ટોચના પાંચ સ્પોર્ટ્સ રાષ્ટ્રોમાં સામેલ કરવાનો નિર્ધાર

## કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી મનસુખ માંડવીયા અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદમાં વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 'સ્પોર્ટ્સ ગવર્નન્સ કોન્ક્લેવ' યોજાઇ

**ગાંધીનગર, તા. 09**

અમદાવાદમાં વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કેન્દ્રીય રમત ગમત મંત્રી શ્રી મનસુખ માંડવીયા અને ગુજરાતના નાયબ મુખ્ય મંત્રી તથા રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં સ્પોર્ટ્સ ગવર્નન્સ કોંકલેવ યોજાઈ હતી. અમદાવાદ ખાતે આયોજિત સ્પોર્ટ્સ ગવર્નન્સ કોન્ક્લેવમાં કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી મનસુખ માંડવીયાએ ગુજરાતના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન મુજબ હવે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ સિટી પ્લાનિંગનો જ એક અભિન્ન ભાગ બની ગયું છે. સરકારનું મુખ્ય લક્ષ્ય 2036ના ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખીને એવા આંતરરાષ્ટ્રીય સ્તરના માળખાકીય સુવિધાઓ તૈયાર કરવાનું છે, જે ભવિષ્યની મોટી વૈશ્વિક ઈવેન્ટ્સ માટે પાયાનું કામ કરે. વર્ષ 2014 પછી દેશમાં 'ખેલો ઈન્ડિયા' અને 'ફિટ ઈન્ડિયા' જેવા અભિયાનો દ્વારા જે સ્પોર્ટ્સ કલ્ચર વિકસ્યું છે, તે હવે 'ખેલો ભારત' નીતિ અને 2036 ઓલિમ્પિક્સના મક્કમ સંકલ્પ તરફ આગળ વધી રહ્યું છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ભારતનો અભિગમ હવે સંપૂર્ણપણે 'એથલીટ સેન્ટ્રિક' બની રહ્યો છે. વર્ષોથી પડતર રહેલા 'સ્પોર્ટ્સ ગવર્નન્સ બિલ' દ્વારા ફેડરેશનોમાં પારદર્શિતા લાવવામાં આવશે જેથી ખેલાડીઓના હિતોને સર્વોપરી રાખી શકાય. આગામી 10 વર્ષ માટે ખાસ 'મેડલ સ્ટ્રેટેજી' તૈયાર કરવામાં આવી છે, જેનો અંતિમ ઉદ્દેશ્ય વર્ષ 2047 સુધીમાં ભારતને દુનિયાના ટોચના પાંચ સ્પોર્ટ્સ રાષ્ટ્રોમાં સામેલ કરવાનો છે. આ ઉપરાંત નવી શિક્ષણ નીતિ હેઠળ રમતગમતને શૈક્ષણિક ક્રેડિટ સાથે જોડીને ખેલાડીઓ માટે સુરક્ષિત કારકિર્દી અને નિવૃત્તિ પછી કોચિંગ કે મેનેજમેન્ટમાં નવી તકો ઊભી કરવામાં આવશે. આ પ્રસંગે મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગુજરાતમાં આવેલી રમતગમતની ક્રાંતિનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભને કારણે રાજ્યના ખેલાડીઓની માનસિકતા બદલાઈ છે અને આ વર્ષે 73 લાખ ખેલાડીઓની વિક્રમી સહભાગીદારી નોંધાઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શનમાં માત્ર 20 મહિનામાં તૈયાર થયેલું વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તેની ઝડપી કામગીરી અને આધુનિક સુવિધાઓનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે કેન્દ્રીય મંત્રીની નવી સ્પોર્ટ્સ બ્લુપ્રિન્ટને 'રમત જગતની ગીતા' ગણાવી હતી, જે આગામી 25 વર્ષો માટે દેશના ખેલાડીઓને માર્ગદર્શન પૂરું પાડશે. ગુજરાત સરકારની યોજનાઓ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે હવે છેવાડાના ગામડાના બાળકો પણ ઓલિમ્પિકમાં જવાનું સપનું જોઈ રહ્યા છે. ભારત વર્ષ 2036ના ઓલિમ્પિકમાં ટોચના 10 દેશોમાં સ્થાન મેળવવા માટે 'પૂલ થી પોડિયમ' રણનીતિ પર કામ કરી રહ્યું છે. જે અંતર્ગત શાળા સ્તરેથી ટેલેન્ટની શોધ કરી, તેમને AI અને સ્પોર્ટ્સ સાયન્સ જેવી આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવશે. 'વન સ્ટેટ, વન સ્પોર્ટ' નીતિ અને સ્પોર્ટ્સ સાધનોના સ્વદેશી ઉત્પાદન દ્વારા ભારત રમતગમત ક્ષેત્રે સ્વનિર્ભર બની વૈશ્વિક ફલક પર નવી ઓળખ સ્થાપિત કરવા કટિબદ્ધ છે તેવી ચર્ચા આ કોન્ક્લેવમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઓલિમ્પિક એસોસિએશનના પ્રેસિડેન્ટ સુશ્રી પી.ટી. ઉષા, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અજય પટેલ, સ્પોર્ટ્સ સેક્રેટરી શ્રી રવિ રંજન, ગુજરાતના સ્પોર્ટ્સ સેક્રેટરી શ્રી રાહુલ ગુપ્તા સહિત વિવિધ સ્પોર્ટ્સ ફેડરેશનના પ્રતિનિધિઓ અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ક્રેડાઈ અમદાવાદ-GIHEDના 20માં ભવ્ય પ્રોપર્ટી શૉ-ઓલમ્પિયાડનું ઉદ્ઘાટન

# કેબિનેટ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાની પ્રેરક ઉપસ્થિતિ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## પ્રોપર્ટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગ ક્ષેત્રે થઈ રહેલી પ્રગતિથી રાજ્યની આર્થિક શક્તિ વધુ મજબૂત બનશે

**ગાંધીનગર, તા. 09**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ક્રેડાઈ અમદાવાદ- GIHED (ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાઉસિંગ એન્ડ એસ્ટેટ ડેવલપર્સ)ના 20માં ભવ્ય પ્રોપર્ટી શૉ-ઓલમ્પિયાડનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ વેળાએ મુખ્યમંત્રીશ્રીએ 'આ અમદાવાદનો દસકો છે' ફિલ્મનું લોન્ચિંગ કરી ફિલ્મ નિહાળી હતી.પ્રસંગે વન અને પર્યાવરણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા ઉપસ્થિતિ રહ્યાં હતા. અમદાવાદ GMDC ગ્રાઉન્ડ ખાતે તારીખ 9, 10 અને 11 જાન્યુઆરી-2026 ના રોજ યોજાનાર આ પ્રોપર્ટી શૉ ને ખુલ્લો મુકતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આજનો દિવસ રાજ્ય અને દેશ માટે ઐતિહાસિક છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવાન નેતૃત્વમાં આજે સોમનાથ સ્વાભિમાન પર્વની શરૂઆત થઈ છે, જે ભારતની અડગ શ્રદ્ધા, સંસ્કૃતિ અને ગૌરવનું પ્રતિક છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સોમનાથ મંદિર માત્ર ધાર્મિક સ્થાન નહીં પરંતુ ભારતના આત્મવિશ્વાસ અને સ્વાભિમાનનું પ્રતીક છે. ઈતિહાસમાં અનેક વખત આ દેશની સંસ્કૃતિને તોડવાનો પ્રયાસ થયો, પરંતુ ભારતે હંમેશા એમાંથી બહાર આવી વિશ્વભરમાં પોતાનો ડંકો વગાડ્યો છે. આજે ભારત જે રીતે વૈશ્વિક સ્તરે ગૌરવભેર આગળ વધી રહ્યું છે, તેનું મુખ્ય કારણ વડાપ્રધાનશ્રીનું મજબૂત અને વિઝનરી નેતૃત્વ છે. તેમણે વધુમાં જણાવ્યું કે વડાપ્રધાનશ્રી હંમેશ વિકાસની સાથે વિરાસતના સંરક્ષણ પર ભાર મૂકે છે. મંદિરો આપણી આસ્થા અને શ્રદ્ધાના કેન્દ્રો છે, પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં સાતત્ય, પ્રામાણિકતા અને સંકલ્પ






જાળવવો એ પણ આપણી સંસ્કૃતિની શક્તિ છે. જેણે સાતત્ય જાળવ્યું છે, તે વ્યક્તિ કે સંસ્થા દરેક પડકારમાંથી બહાર આવી આગળ વધે છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રીએ સેવા દાયિત્વ સાંભળ્યા પછી પ્રથમ કેબિનેટ બેઠકમાં ગરીબ અને સામાન્ય માનવી માટે પાકા મકાનની યોજનાને મંજૂરી આપી, એ એમના સંવેદનશીલ અને લોકકેન્દ્રિત નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ છે. આજે બનતા આવાસોમાં તમામ આધુનિક સુવિધાઓ સાથે સામાન્ય નાગરિકનું જીવન સુખાકારીવાળું બન્યું છે. અમદાવાદના વિકાસ અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આવનાર દાયકામાં અમદાવાદ અનેક ગણો વિકાસ કરશે. પ્રોપર્ટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગ ક્ષેત્રે થઈ રહેલી પ્રગતિથી રાજ્યની આર્થિક શક્તિ વધુ મજબૂત બનશે. સરકાર તરીકે અમને ગર્વ છે કે અમદાવાદ અને ગુજરાત વિકાસના માર્ગે ઝડપથી આગળ વધી રહ્યું છે. પર્યાવરણ સંરક્ષણના મુદ્દે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગ્લોબલ વોર્મિંગ જેવા પડકારો સામે વરસાદી પાણીના સંગ્રહ, ભૂગર્ભ જળ સંરક્ષણ અને ઊર્જા બચત જેવા પગલાં આજથી જ અમલમાં મૂકવા જરૂરી છે. પર્યાવરણની જાળવણી સાથે વિકાસ કરવો એ વિકસિત ભારત તરફનો માર્ગ છે. મુખ્યમંત્રીશ્રી પટેલે કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે વિકસિત ગુજરાતની ભૂમિકા મહત્વપૂર્ણ છે અને રાજ્ય સરકાર આ દિશામાં સતત પ્રતિબદ્ધતાપૂર્વક કાર્ય કરી રહી છે.આ પ્રસંગે મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ક્રેડાઈના નેશનલ પ્રેસિડેન્ટ શ્રી શેખરભાઈ પટેલ, શ્રી આલાપ ભાઈ પટેલ, QCI ના પ્રેસિડેન્ટ શ્રી જક્ષય શાહ, GIHEDના પદાધિકારીઓ, રિયલ એસ્ટેટ ક્ષેત્રના ઉદ્યોગપતિઓ, ડેવલપર્સ, રોકાણકારો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રીએ સેવા દાયિત્વ સાંભળ્યા પછી પ્રથમ કેબિનેટ બેઠકમાં ગરીબ અને સામાન્ય માનવી માટે પાકા મકાનની યોજનાને મંજૂરી આપી, એ એમના સંવેદનશીલ અને લોકકેન્દ્રિત નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ છે. આજે બનતા આવાસોમાં તમામ આધુનિક સુવિધાઓ સાથે સામાન્ય નાગરિકનું જીવન સુખાકારીવાળું બન્યું છે. અમદાવાદના વિકાસ અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આવનાર દાયકામાં અમદાવાદ અનેક ગણો વિકાસ કરશે. પ્રોપર્ટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગ ક્ષેત્રે થઈ રહેલી પ્રગતિથી રાજ્યની આર્થિક શક્તિ વધુ મજબૂત બનશે. સરકાર તરીકે અમને ગર્વ છે કે અમદાવાદ અને ગુજરાત વિકાસના માર્ગે ઝડપથી આગળ વધી રહ્યું છે. પર્યાવરણ સંરક્ષણના મુદ્દે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગ્લોબલ વોર્મિંગ જેવા પડકારો સામે વરસાદી પાણીના સંગ્રહ, ભૂગર્ભ જળ સંરક્ષણ અને ઊર્જા બચત જેવા પગલાં આજથી જ અમલમાં મૂકવા જરૂરી છે. પર્યાવરણની જાળવણી સાથે વિકાસ કરવો એ વિકસિત ભારત તરફનો માર્ગ છે.

મુખ્યમંત્રીશ્રી પટેલે કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે વિકસિત ગુજરાતની ભૂમિકા મહત્વપૂર્ણ છે અને રાજ્ય સરકાર આ દિશામાં સતત પ્રતિબદ્ધતાપૂર્વક કાર્ય કરી રહી છે.આ પ્રસંગે મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ક્રેડાઈના નેશનલ પ્રેસિડેન્ટ શ્રી શેખરભાઈ પટેલ, શ્રી આલાપ ભાઈ પટેલ, QCI ના પ્રેસિડેન્ટ શ્રી જક્ષય શાહ, GIHEDના પદાધિકારીઓ, રિયલ એસ્ટેટ ક્ષેત્રના ઉદ્યોગપતિઓ, ડેવલપર્સ, રોકાણકારો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.




## રેકોર્ડ્સમાં મુંબઈ આગળ

# આજે WPLના પહેલા દિવસે હરમનપ્રીત Vs સ્મૃતિ મંધાના : RCBને સ્ટાર એલિસ પેરીની ખોટ પડશે

**મુંબઈ, તા. 09**

આજથી વુમન્સ પ્રીમિયર લીગ (WPL) શરૂ થઈ રહી છે. પ્રથમ મેચ 2 વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ (MI) અને 2024ની વિનર રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) વચ્ચે સાંજે 7:30 વાગ્યાથી ડીવાય પાટીલ સ્ટેડિયમમાં રમાશે. આ મુકાબલામાં વુમન્સ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમની 7 ખેલાડીઓ રમતી જોવા મળશે. જેમાં ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર અને વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાના એકબીજા સામે પોતપોતાની ટીમની કેપ્ટનશિપ કરશે. આ ઉપરાંત વિકેટકીપર રિચા ઘોષ, રાધા યાદવ, અરુંધતી રેડ્ડી, અમનજોત કૌર અને ક્રાંતિ ગૌડના નામ સામેલ છે.

હેડ ટુ હેડ

મુંબઈ ઈન્ડિયન્સ એક મેચ વધુ જીતી WPLમાં MI અને RCB વચ્ચે અત્યાર સુધી કુલ 7 મેચ રમાઈ છે. જેમાંથી 4 મેચ મુંબઈ ઈન્ડિયન્સે જીતી, જ્યારે 3 મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને જીત મળી.

ટૉપ પ્લેયર્સ

સિવર-બ્રન્ટ ટૉપ સ્કોરર, મેથ્યુઝના નામે સૌથી વધુ વિકેટ મુંબઈની નેટ સિવર-બ્રન્ટે સૌથી વધુ રન બનાવ્યા છે. તેના નામે 29 મેચમાં 1027 રન છે. જ્યારે, હેલી મેથ્યુઝે સૌથી વધુ વિકેટ લીધી છે. તેના નામે 29 મેચમાં 41 વિકેટ છે. બેંગલુરુ તરફથી સૌથી વધુ રન મંધાનાએ બનાવ્યા બેંગલુરુ તરફથી સૌથી વધુ રન કેપ્ટન સ્મૃતિ મંધાનાએ બનાવ્યા છે. તેના નામે 26 મેચમાં 646 રન છે. મંધાના 128.68ના સ્ટ્રાઈક રેટથી રન બનાવે છે. જ્યારે, શ્રેયંકા પાટીલે RCB તરફથી સૌથી વધુ વિકેટ લીધી છે. RCBને પેરીની ખોટ પડશે મેગા ઓક્શન પહેલાં RCBએ રિટેન કરેલી એલિસ પેરી અંગત કારણોસર ટુર્નામેન્ટ રમી શકશે નહીં. પેરી ટીમની ટૉપ રન સ્કોરર અને ચોથી ટૉપ વિકેટ ટેકર છે. પેરીના રિપ્લેસમેન્ટ તરીકે ટીમે સયાલી સતઘરેને પસંદ કરી, પરંતુ તેનું પ્લેઈંગ-11માં સામેલ થવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે.તેના નામે 29 મેચમાં 41 વિકેટ છે. બેંગલુરુ તરફથી સૌથી વધુ રન મંધાનાએ બનાવ્યા બેંગલુરુ તરફથી સૌથી વધુ રન કેપ્ટન સ્મૃતિ મંધાનાએ બનાવ્યા છે. તેના નામે 26 મેચમાં 646 રન છે. મંધાના 128.68ના સ્ટ્રાઈક રેટથી રન બનાવે છે. જ્યારે, શ્રેયંકા પાટીલે RCB તરફથી સૌથી વધુ વિકેટ લીધી છે. RCBને પેરીની ખોટ પડશે મેગા ઓક્શન પહેલાં RCBએ રિટેન કરેલી એલિસ પેરી અંગત કારણોસર ટુર્નામેન્ટ રમી શકશે નહીં. પેરી ટીમની ટૉપ રન સ્કોરર અને ચોથી ટૉપ વિકેટ ટેકર છે. પેરીના રિપ્લેસમેન્ટ તરીકે ટીમે સયાલી સતઘરેને પસંદ કરી, પરંતુ તેનું પ્લેઈંગ-11માં સામેલ થવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે.

પીચ રિપોર્ટ

ટૉસ જીતનારી ટીમ બોલિંગ પસંદ કરશે ડીવાય પાટીલ સ્ટેડિયમની પીચ સામાન્ય રીતે બેટર્સને માટે મદદરૂપ માનવામાં આવે છે. અહીં ઝડપી બોલરોને શરૂઆતની ઓવરોમાં થોડી મદદ મળી શકે છે, પરંતુ બાદમાં રન બનાવવા સરળ બની જાય છે. આવી સ્થિતિમાં, ટૉસ જીતનારી ટીમ પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લઈ શકે છે.

વેધર રિપોર્ટ

વરસાદની કોઈ શક્યતા નથી નવી મુંબઈના આકાશમાં હળવા વાદળો છવાયેલા રહેશે. જોકે, વરસાદની કોઈ શક્યતા નથી. અહીં શુક્રવારનું મહત્તમ તાપમાન 31 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહી શકે છે.

બન્ને ટીમની સંભવિત પ્લેઈંગ-11

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB): સ્મૃતિ મંધાના (કેપ્ટન), જ્યોર્જિયા વોલ, ગૌતમી નાયક, ગ્રેસ હેરિસ, રિચા ઘોષ (વિકેટકીપર), નદીન ડી ક્લાર્ક, પૂજા વસ્ત્રાકર, રાધા યાદવ, શ્રેયંકા પાટીલ, અરુંધતી રેડ્ડી, લોરેન બેલ.

મુંબઈ ઈન્ડિયન્સ (MI): હરમનપ્રીત કૌર (કેપ્ટન), નેટ સિવર-બ્રન્ટ, હેલી મેથ્યુઝ, અમનજોત કૌર, જી કમલિની (વિકેટકીપર), એમેલિયા કર, શબનિમ ઈસ્માઈલ, ત્રિવેણી વશિષ્ઠ, ક્રાંતિ ગૌડ, મિલી ઈલિંગવર્થ, સાયકા ઈશાક.

અત્યાર સુધીના ચેમ્પિયન્સ

WPLની અત્યાર સુધી 3 સીઝન થઈ ચૂકી છે. 2 વાર મુંબઈએ ખિતાબ જીત્યો. જ્યારે, એક વાર બેંગલુરુ પણ ચેમ્પિયન બની. દિલ્હી કેપિટલ્સ ત્રણેય સીઝનમાં ફાઈનલ સુધી પહોંચી, પરંતુ રનર-અપ જ રહી.

મેચ ક્યાં જોઈ શકાશે? WPLનું લાઈવ ટેલિકાસ્ટ સ્ટાર નેટવર્ક પર થશે. મુકાબલાઓની ઓનલાઈન સ્ટ્રીમિંગ જિયો હોટસ્ટાર એપ પર થશે.

# ભારતના વિક્રમ રાઠોર શ્રીલંકાના બેટિંગ કોચ બન્યા



**મુંબઈ, તા. 09**

ટીમ ઈન્ડિયાના પૂર્વ બેટિંગ કોચ વિક્રમ રાઠોર હવે શ્રીલંકાના બેટિંગ કોચ બની ગયા છે. શ્રીલંકા ક્રિકેટે જણાવ્યું કે T20 વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને રાઠોરને સલાહકાર સમિતિનો ભાગ બનાવ્યા છે. વર્લ્ડ કપ 7 ફેબ્રુઆરીથી 8 માર્ચ સુધી ભારત અને શ્રીલંકામાં રમાશે. રાઠોર 18 જાન્યુઆરીથી 10 માર્ચ સુધી શ્રીલંકા ટીમ સાથે રહેશે. શ્રીધર પણ શ્રીલંકાના કોચિંગ સ્ટાફમાં સામેલ ભારતના પૂર્વ ફિલ્ડિંગ કોચ આર શ્રીધર પણ શ્રીલંકા ટીમ સાથે જોડાયા છે. તેમને ગયા મહિને જ ટીમે કોચિંગ સેટ-અપનો ભાગ બનાવ્યા હતા. શ્રીધર અને રાઠોર બંનેને વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ટીમ સાથે જોડવામાં આવ્યા છે. ICC ટુર્નામેન્ટ સમાપ્ત થયા પછી બંનેનો કાર્યકાળ પણ સમાપ્ત થઈ જશે. 5 વર્ષ સુધી ટીમ ઈન્ડિયાના કોચ રહ્યા રાઠોર સપ્ટેમ્બર 2019 થી જુલાઈ 2024 સુધી ટીમ ઈન્ડિયાના બેટિંગ કોચ પણ રહી ચૂક્યા છે. આ દરમિયાન રવિ શાસ્ત્રી અને રાહુલ દ્રવિડ ટીમના હેડ કોચ રહ્યા. હાલમાં રાઠોર IPL ટીમ રાજસ્થાન રોયલ્સમાં લીડ આસિસ્ટન્ટ કોચની ભૂમિકા પણ નિભાવી રહ્યા છે. શ્રીલંકા ગ્રુપ-Bમાં છે 2014ની T20 વર્લ્ડ ચેમ્પિયન શ્રીલંકા આ વખતે ગ્રુપ-Bમાં છે. ટીમને આયર્લેન્ડ, ઝિમ્બાબ્વે, ઓસ્ટ્રેલિયા અને ઓમાનના ગ્રૂપમાં રાખવામાં આવી છે. ટીમ 8 ફેબ્રુઆરીએ કોલંબોમાં આયર્લેન્ડ સામેની મેચથી પોતાની ઝુંબેશ શરૂ કરશે. શ્રીલંકામાં 14 વર્ષ પછી ICC ટુર્નામેન્ટ યોજાશે, 2012માં છેલ્લીવાર અહીં T20 વર્લ્ડ કપ જ રમાયો હતો. ત્યારે વેસ્ટ ઈન્ડીઝે શ્રીલંકાને જ ફાઈનલમાં હરાવીને ટાઈટલ જીત્યું હતું. આ દરમિયાન રવિ શાસ્ત્રી અને રાહુલ દ્રવિડ ટીમના હેડ કોચ રહ્યા. હાલમાં રાઠોર IPL ટીમ રાજસ્થાન રોયલ્સમાં લીડ આસિસ્ટન્ટ કોચની ભૂમિકા પણ નિભાવી રહ્યા છે. શ્રીલંકા ગ્રુપ-Bમાં છે 2014ની T20 વર્લ્ડ ચેમ્પિયન શ્રીલંકા આ વખતે ગ્રુપ-Bમાં છે. ટીમને આયર્લેન્ડ, ઝિમ્બાબ્વે, ઓસ્ટ્રેલિયા અને ઓમાનના ગ્રૂપમાં રાખવામાં આવી છે. ટીમ 8 ફેબ્રુઆરીએ કોલંબોમાં આયર્લેન્ડ સામેની મેચથી પોતાની ઝુંબેશ શરૂ કરશે. શ્રીલંકામાં 14 વર્ષ પછી ICC ટુર્નામેન્ટ યોજાશે, 2012માં છેલ્લીવાર અહીં T20 વર્લ્ડ કપ જ રમાયો હતો. ત્યારે વેસ્ટ ઈન્ડીઝે શ્રીલંકાને જ ફાઈનલમાં હરાવીને ટાઈટલ જીત્યું હતું. આ દરમિયાન રવિ શાસ્ત્રી અને રાહુલ દ્રવિડ ટીમના હેડ કોચ રહ્યા. હાલમાં રાઠોર IPL ટીમ રાજસ્થાન રોયલ્સમાં લીડ આસિસ્ટન્ટ કોચની ભૂમિકા પણ નિભાવી રહ્યા છે. શ્રીલંકા ગ્રુપ-Bમાં છે 2014ની T20 વર્લ્ડ ચેમ્પિયન શ્રીલંકા આ વખતે ગ્રુપ-Bમાં છે. ટીમને આયર્લેન્ડ, ઝિમ્બાબ્વે, ઓસ્ટ્રેલિયા અને ઓમાનના ગ્રૂપમાં રાખવામાં આવી છે. ટીમ 8 ફેબ્રુઆરીએ કોલંબોમાં આયર્લેન્ડ સામેની મેચથી પોતાની ઝુંબેશ શરૂ કરશે. શ્રીલંકામાં 14 વર્ષ પછી ICC ટુર્નામેન્ટ યોજાશે, 2012માં છેલ્લીવાર અહીં T20 વર્લ્ડ કપ જ રમાયો હતો. ત્યારે વેસ્ટ ઈન્ડીઝે શ્રીલંકાને જ ફાઈનલમાં હરાવીને ટાઈટલ જીત્યું હતું.

## 5 દિવસમાં ICCને બીજો પત્ર લખ્યો; મુસ્તફિઝુરને IPLમાંથી હટાવવા પર વિવાદ

# બાંગ્લાદેશે ફરી ભારતમાંથી મેચ શિફ્ટ કરવા કહ્યું

## BCCIએ મુસ્તફિઝુરને IPL રમવાની મંજૂરી આપી ન હતી અને 3 જાન્યુઆરીએ KKRએ તેને રિલીઝ કરી દીધો

**મુંબઈ, તા. 09**

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)એ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ને 5 દિવસમાં બીજો પત્ર મોકલીને T20 વર્લ્ડ કપની પોતાની મેચ ભારતને બદલે શ્રીલંકામાં કરાવવાની માગ કરી છે. બોર્ડે આ પાછળ સુરક્ષા સંબંધિત ચિંતાઓને કારણભૂત ગણાવી છે. આ પહેલા 4 જાન્યુઆરીએ પહેલીવાર ICCને વર્લ્ડ કપ મેચના સ્થળ બદલવા માટે અપીલ કરવામાં આવી હતી.

T20 વર્લ્ડ કપ 7 ફેબ્રુઆરીથી શરૂ થવાનો છે. બાંગ્લાદેશને ગ્રુપ લીગમાં કુલ ચાર મેચ રમવાની છે, જેમાંથી ત્રણ મેચ કોલકાતા અને એક મેચ મુંબઈમાં નક્કી છે. પરંતુ બાંગ્લાદેશ ટીમે અત્યાર સુધી ભારત જવાનો ઈનકાર કરી દીધો છે, જેના કારણે ટુર્નામેન્ટ શરૂ થવાના થોડા અઠવાડિયા પહેલા જ તેમની ભાગીદારી પર સવાલો ઉભા થયા છે.

બાંગ્લાદેશ સરકારની કડક ભૂમિકા રિપોર્ટ્સ અનુસાર, આ નવો લેટર રમતગમત મંત્રાલયના સલાહકાર આસિફ નઝરુલ સાથે ચર્ચા કર્યા પછી મોકલવામાં આવ્યો છે. નઝરુલ આ મુદ્દે કડક વલણ અપનાવી રહ્યા છે. એક સૂત્રએ સમાચાર એજન્સી PTIને જણાવ્યું કે, 'ICC એ સુરક્ષા સંબંધિત ચિંતાઓની સંપૂર્ણ વિગત માગી હતી, જેને BCBએ વિગતવાર શેર કરી છે.' જોકે, આ ચિંતાઓનો જાહેરમાં ખુલાસો કરવામાં આવ્યો નથી.

આખો વિવાદ શું છે? 16 ડિસેમ્બરે IPL મિની ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ બાંગ્લાદેશી બોલર મુસ્તફિઝુર રહેમાનને 9.20 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. આ પછી બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાને કારણે ભારતમાં મુસ્તફિઝુરનો વિરોધ થવા લાગ્યો. અત્યાર સુધી ત્યાં 6 હિંદુઓની હત્યા કરવામાં આવી છે. બાદમાં BCCIએ મુસ્તફિઝુરને IPL રમવાની મંજૂરી આપી ન હતી અને 3 જાન્યુઆરીએ KKRએ તેને રિલીઝ કરી દીધો હતો.

બાંગ્લાદેશે IPL પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો KKRએ મુસ્તફિઝુરને રિલીઝ કર્યા પછી, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ અને ત્યાંની સરકારે IPLના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો. સાથે જ ભારતમાં વર્લ્ડ કપ મેચ રમવાનો પણ ઈનકાર કર્યો હતો અને ICCને સ્થળ બદલવા માટે ઈ-મેલ મોકલ્યો હતો.

ICCએ સ્પષ્ટ માહિતી માગી ICCએ અત્યાર સુધી આ મુદ્દે કોઈ સાર્વજનિક નિવેદન આપ્યું નથી, પરંતુ તેણે BCBને સ્પષ્ટ કરવા કહ્યું છે કે સુરક્ષાને લઈને વાસ્તવિક ચિંતા શું છે.

બીજી તરફ, BCBની અંદર પણ મતભેદો સામે આવી રહ્યા છે. એક જૂથ આસિફ નઝરુલના કડક વલણને સમર્થન આપી રહ્યું છે. બીજું જૂથ ICC અને ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) સાથે વાતચીત ચાલુ રાખવાના પક્ષમાં છે. તેમનું માનવું છે કે જો મજબૂત અને વધુ સારા સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે તો સમસ્યાનો ઉકેલ આવી શકે છે.

# ઓસ્કર 2026: 10 ભારતીય ફિલ્મો, એક વૈશ્વિક મંચ!



**મુંબઈ, તા. 09**

વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ઓસ્કર ફિલ્મ સમારોહનો ભાગ બનવું એ દરેક ફિલ્મ નિર્માતાનું સ્વપ્ન હોય છે. આ વર્ષે ભારત માટે આ એક મોટી સિદ્ધિ છે, કારણ કે એક કે બે નહીં પણ 10 ભારતીય ફિલ્મો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર સમારોહ સુધી પહોંચી છે. સૌથી ખાસ વાત એ છે કે રિષભ શેટ્ટીની 'કાંતારા: એ લેજન્ડ - ચેપ્ટર 1' અને અનુપમ ખેરની 'તન્વી ધ ગ્રેટ' એ ઓસ્કરની સૌથી મહત્વપૂર્ણ કેટેગરી, બેસ્ટ પિક્ચર માટે પોતાનું સ્થાન બનાવ્યું છે. આ બંને ફિલ્મોએ એકેડમીના સખત એલિજિબિલિટી નિયમો પાસ કરી લીધા છે અને તે 98મા એકેડમી એવોર્ડ્સ માટે લાયક 201 ફીચર ફિલ્મોની યાદીમાં સામેલ થઈ ગઈ છે. રિષભ શેટ્ટીની 'કાંતારા: એ લેજન્ડ - ચેપ્ટર 1' અને અનુપમ ખેરની 'તન્વી ધ ગ્રેટ' તે 201 ફીચર ફિલ્મોમાંથી છે, જેના પર બેસ્ટ પિક્ચર કેટેગરીમાં વિચાર કરવામાં આવશે. એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સિસ (AMPAS) દ્વારા જાહેર કરાયેલી આ યાદીમાં સામેલ થવા માટે ફિલ્મોએ માત્ર બેઝિક એલિજિબિલિટી જ નહીં પરંતુ તમામ વધારાની જરૂરિયાતો પણ પૂરી કરવી પડી છે. બેસ્ટ પિક્ચર કેટેગરી સિવાય, ભારતની અન્ય ઘણી ફિલ્મો પણ ઓસ્કરની રેસમાં છે. એલિજિબલ એન્ટ્રીની કુલ સંખ્યા 317 સુધી પહોંચી ગઈ છે, જેમાં બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચર, એનિમેટેડ ફીચર અને ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ માટે અલગથી યાદી જાહેર કરવામાં આવી હતી. 'કાંતારા: એ લેજન્ડ - ચેપ્ટર 1' અને 'તન્વી ધ ગ્રેટ' સિવાય, અન્ય મુખ્ય ભારતીય નોમિનેટેડ ફિલ્મોમાં સામેલ છે: 'કાંતારા: એ લેજન્ડ - ચેપ્ટર 1': હોમ્બલે ફિલ્મ્સ દ્વારા નિર્મિત આ ફિલ્મ ચોથી સદીના કદમ્બ રાજવંશ દરમિયાન તુલુનાડુમાં દૈવ પૂજાની શરૂઆતની વાર્તા કહે છે. 'તન્વી ધ ગ્રેટ': અનુપમ ખેર દ્વારા નિર્દેશિત આ ફિલ્મ ઓટિઝમથી પીડિત છોકરી, તન્વી રૈના (શુભાંગી દ્વારા અભિનિત)ના પાત્ર પર આધારિત છે. ફિલ્મમાં અનુપમ ખેર, જેકી શ્રોફ, બોમન ઈરાની અને કરણ ટેકર પણ છે. 98મા એકેડમી એવોર્ડ્સ માટે ફાઈનલ નોમિનેશનની ઘોષણા 22 જાન્યુઆરીએ કરવામાં આવશે. આ પછી જ સ્પષ્ટ થશે કે આ 10 ભારતીય ફિલ્મોમાંથી કઈ-કઈ ફિલ્મો ફાઈનલ રાઉન્ડમાં આગળ વધશે. ઓસ્કર એવોર્ડ્સનો સમારોહ એપ્રિલ 2026માં યોજાશે.



# કોન્સર્ટ, કિસ અને બ્રેકઅપ....!: અચાનક 'વીર-તારા' અલગ

## બોયફ્રેન્ડની સામે એક્ટ્રેસ અને એપી ધિલ્લોનનો રોમાન્સ ચર્ચામાં આવ્યો હતો

**મુંબઈ, તા. 09**

વેબસાઈટ ફિલ્મફેરે પોતાના રિપોર્ટમાં દાવો કર્યો છે કે બંનેના રિલેશનશિપનો અંત આવ્યો છે. તાજેતરમાં જ બંનેએ પોતાના સંબંધને સાર્વજનિક કર્યો હતો. તારા અને વીરની ડેટિંગની શરૂઆત વર્ષ 2025ની શરૂઆતમાં થઈ હતી. બંનેને ઘણી વાર ખાનગી સ્થળોએ સાથે જોવામાં આવ્યા હતા. આ પછી તેના સંબંધોને લઈને ચર્ચાઓ તેજ બની હતી. માર્ચ 2025માં બંનેએ એક ફેશન ઈવેન્ટમાં સાથે હાજરી આપી હતી. આ ઉપરાંત ગણેશ ચતુર્થીના અવસરે પણ બંને સાથે જોવા મળ્યા હતા. તાજેતરમાં જ તારા-વીર બંને ચર્ચામાં હતા. ડિસેમ્બર 2025ના અંતમાં મુંબઈમાં થયેલા એપી ધિલ્લોનના એક કોન્સર્ટનો એક વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયોમાં તારા સ્ટેજ પર સિંગર સાથે જોવા મળી હતી. તારા અને એપીએ કોન્સર્ટમાં સાથે પરફોર્મ કર્યું. પરફોર્મન્સ દરમિયાન એપીએ તારાને ગળે લગાવી અને ગાલ પર કિસ કરી હતી. આ જ કોન્સર્ટમાં દર્શકોમાં હાજર વીરના રિએક્શનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, જેમાં તેને કથિત રીતે અસ્વસ્થ બતાવવામાં આવ્યા હતા.

# શાર્ક ટેન્ક ઈન્ડિયામાં મેન્સ ઈનરવેર બ્રાન્ડની મજાક ઉડાવવામાં આવી

## અનુપમ મિત્તલે કન્ટેસ્ટન્ટને કહ્યું- ચડ્ડી ફેંકીને મારીશ; શોમાં પહેલા પણ ગેરવર્તણૂક થઈ ચૂકી છે

**મુંબઈ, તા. 09**

'શાર્ક ટેન્ક ઈન્ડિયા'ની પાંચમી સીઝન સોની લિવ પર 5 જાન્યુઆરીથી ઓન એર છે. શોના લેટેસ્ટ એપિસોડમાં દિલ્હીના બે મિત્રો વિકાસ દહિયા અને પ્રવીણ મિશ્રા તેની મેન્સ ઈનરવેર બ્રાન્ડ 'પેન્ટીજી'ને પિચ કરવા પહોંચ્યા. પેનલમાં હાજર શાર્ક અમન ગુપ્તા, અનુપમ મિત્તલ, નમિતા થાપર, મોહિત યાદવ અને કુણાલ બહલે આ પિચ સાંભળીને તેમની ખૂબ મજાક ઉડાવી. બ્રાન્ડની ટેગલાઈન 'અંદર કી બાત હોગી સુંદર' સાંભળીને શાર્ક હસવા લાગ્યા. શાર્ક મોહિતે મજાકમાં પૂછ્યું કે શું તે અનુપમ મિત્તલને તેમના બ્રાન્ડ એમ્બેસેડર બનાવશે. આના પર પિચર્સે કહ્યું- 'ચોક્કસ. તે સૂટ પણ કરશે, સૌથી વધુ અતરંગી અને સ્ટાઈલિશ.' આ જવાબ પર અનુપમે હસતાં હસતાં કહ્યું- 'ફેંકીને મારીશ.' તેની આ વાત પછી બાકીના ફાઉન્ડર્સે આગળ વધીને કહ્યું કે કોઈપણ શાર્ક બ્રાન્ડ એમ્બેસેડર બની શકે છે કારણ કે અન્ડરવેર તો દરેક જણ પહેરે છે. જ્યારે, અમન ગુપ્તાએ બ્રાન્ડના નામ 'પેન્ટીજી' પર સવાલ ઉઠાવતા કહ્યું કે આ નામ 'ફેન્ટેસી' જેવું સંભળાય છે. આના પર સ્પર્ધકે જવાબ આપ્યો, 'વિથ ડ્યુ



રિસ્પેક્ટ સર, નામમાં કંઈ નથી હોતું. ટેકનિકલી તો ઓડિયો માટે બોટ પણ એવું કોઈ નામ નથી.' તેણે અમનની જ બ્રાન્ડ બોટનું ઉદાહરણ આપતા કહ્યું કે જો તે મોબાઈલ ફોન પણ વેચવા લાગે તો તે પણ સ્વીકાર્ય હશે. સ્પર્ધકે એ પણ જણાવ્યું કે બ્રાન્ડના 80 ટકા ગ્રાહકો પુરુષો છે અને 20 ટકા મહિલાઓ. વેચાણના આંકડા સાંભળ્યા પછી શાર્કે સ્વીકાર્યું કે આ આંકડા બહુ પ્રભાવશાળી નહોતા. અમન ગુપ્તાએ વાતચીતમાંથી પોતાને અલગ કરી લીધા. પછી ધીમે ધીમે બાકીના શાર્ક પણ પાછા હટી ગયા. જોકે, આ પહેલીવાર નથી કે જ્યારે શોમાં પિચર્સને બોલાવીને તેમની મજાક ઉડાવવામાં આવી હોય અથવા શોના પિચર્સ સાથે આવો વ્યવહાર કરવામાં આવ્યો હોય. જ્યારે અશ્નીર ગ્રોવર શોમાં જજ હતા, ત્યારે તેઓ અવારનવાર સ્પર્ધકો પર ગુસ્સો કરતા હતા. ક્યારેક તેઓ સ્પર્ધકો સાથે ખોટી ભાષાનો પણ ઉપયોગ કરતા હતા. એકવાર તેણે એક પિચ દરમિયાન એક સ્પર્ધકને 'દોગલા' (બેવડા) સુધી કહી દીધું હતું. અનુપમ મિત્તલ પણ ઘણી વખત સ્પર્ધકો સાથે ખરાબ વર્તન કરી ચૂક્યા છે. શાર્ક ટેન્ક ઈન્ડિયાની સીઝન 2માં અનુપમ એક મસાલા બ્રાન્ડના પિચ દરમિયાન ખૂબ ગુસ્સે થયા હતા. અને એક કરોડ રૂપિયાથી વધુનો ચેક ફાડીને ફેંકી દીધો હતો. અનુપમ મિત્તલ પણ ઘણી વખત સ્પર્ધકો સાથે ખરાબ વર્તન કરી ચૂક્યા છે. શાર્ક ટેન્ક ઈન્ડિયાની સીઝન 2માં અનુપમ એક મસાલા બ્રાન્ડના પિચ દરમિયાન ખૂબ ગુસ્સે થયા હતા. અને એક કરોડ રૂપિયાથી વધુનો ચેક ફાડીને ફેંકી દીધો હતો.

## ચાંદી એક દિવસમાં ₹4,168 મોંઘી થઈ, ₹2.40 લાખે પહોંચી: સોનાના ભાવમાં ₹1,422નો ઉછાળો, ₹1.37 લાખને પાર થયો

નવી દિલ્હી, તા.09



સોના-ચાંદીના ભાવમાં આજે (9 જાન્યુઆરી) તેજી જોવા મળી રહી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,422 રૂપિયા વધીને 1,37,195 રૂપિયા પર પહોંચી ગયો છે. ગઈકાલે તે 1,35,773 રૂપિયા/10g પર હતો.

જ્યારે એક કિલો ચાંદીની કિંમત 4,168 રૂપિયા વધીને 2,39,994 રૂપિયા પર આવી ગઈ છે. ગઈકાલે તેની કિંમત 2,35,826 રૂપિયા પ્રતિ કિલો હતી.

આ પહેલા 29 ડિસેમ્બર 2025ના રોજ સોનાની કિંમત 1,38,161 રૂપિયા પ્રતિ 10 ગ્રામના ઓલ ટાઈમ હાઈ પર હતી. જ્યારે ચાંદીની કિંમત 7 જાન્યુઆરીએ 2,48,000 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી, જે તેના ભાવનું અત્યાર સુધીનું સૌથી ઉચ્ચતમ સ્તર છે.

IBJAની સોનાની કિંમતોમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન શામેલ હોતા નથી. તેથી શહેરોના રેટ્સ આનાથી અલગ હોય છે. આ રેટ્સનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના રેટ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના રેટ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ. ડોલર નબળો - અમેરિકાના વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે. રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ આખા વર્ષમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે.

ઔદ્યોગિક માગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકી કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધામાં - ઉત્પાદન અટકવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ચાંદીની માંગમાં હાલ તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવા સંજોગોમાં ચાંદી આ વર્ષે 2.75 લાખ સુધી જઈ શકે છે. જ્યારે સોનાની વાત કરીએ તો તેની માંગમાં પણ તેજી જળવાઈ રહી છે. આવા સંજોગોમાં આ વર્ષના અંત સુધીમાં તે 1.50 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામને પાર કરી શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સોર્સિસ (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

### સેન્સેક્સ 604 પોઈન્ટ ઘટીને 83,576 પર બંધ

## નિફ્ટી પણ 193 પોઈન્ટ ઘટીને 25,683 પર બંધ થયો, ઓટો અને રિયલ્ટી શેરોમાં વેચવાલી

મુંબઈ, તા.09




ભારતીય શેરબજારમાં સપ્તાહના છેલ્લા કારોબારી દિવસે એટલે કે શુક્રવાર, 9 જાન્યુઆરીએ તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 600 પોઈન્ટ વધીને 83,600ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ 120 પોઈન્ટનો ઉછાળો છે. તે 25,750ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ગ્લોબલ ટેરિફની કાયદેસરતા પર આજે ત્યાંની સુપ્રીમ કોર્ટ પોતાનો નિર્ણય સંભળાવી શકે છે. આ નિર્ણયની અસર સમગ્ર વિશ્વના શેરબજારો પર થવાની નિશ્ચિત છે, તેથી રોકાણકારો એલર્ટ મોડ પર છે.

આ ઉપરાંત, અમેરિકામાં આજે નોન-ફાર્મ પેરોલ અને બેરોજગારીના આંકડા પણ જાહેર થવાના છે, જે ફેડરલ રિઝર્વના આગામી પગલાં તરફ ઈશારો કરશે. એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 0.21% વધીને 4,561 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 1.14% વધીને 51,700 પર ટ્રેડ કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.37% ઉપર 26,250 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.87% ઘટીને 4,4,118 પર ટ્રેડ કરી રહ્યો છે. 8 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.55% વધીને 49,266 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટ 0.44% ઘટ્યો. S&P 500 માં 0.007%નો વધારો જોવા મળ્યો. ત્રીજા ક્વાર્ટર (Q3) ના કંપનીઓના પરિણામો આવવાના શરૂ થઈ ગયા છે. સરકારી કંપની ઈરેડાની સાથે-સાથે તેજસ નેટવર્ક, ગ્લોબસ સ્પિરિટ્સ અને ટ્રાઈટન કોર્પ જેવી કંપનીઓ આજે તેમના ત્રિમાસિક પરિણામો જાહેર કરશે. પરિણામોના આધારે આ શેરોમાં હલચલ જોવા મળી શકે છે. મેઈનલાઈન સેગમેન્ટમાં 'ભારત કોકિંગ કોલ' (BCCL) નો IPO આજથી સામાન્ય જનતા માટે ખુલી રહ્યો છે. જ્યારે, SME સેગમેન્ટમાં ડેફરેલ ટેક્નોલોજીસનો IPO પણ આજથી ખુલશે.

8 જાન્યુઆરીએ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) એ 2,544.47 કરોડના શેર વેચ્યા.

આ સમયગાળા દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DIIs) એ 2,817.93 કરોડના શેર ખરીદ્યા. કોમોડિટી માર્કેટમાં આજે ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી જોવા મળી રહી છે. બ્રેન્ટ ક્રૂડ 3%થી વધુના ઉછાળા સાથે 62 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. જ્યારે અમેરિકી ક્રૂડ (WTI) પણ 0.87% વધીને 58 ડોલરની ઉપર કારોબાર કરી રહ્યું છે. જોકે, આગામી દિવસોમાં તેમાં ઘટાડો જોવા મળી શકે છે. માર્કેટ નિષ્ણાતોનું કહેવું છે કે નિફ્ટીનું 25,900નું સ્તર તૂટવું એ એક નબળો સંકેત છે. જ્યાં સુધી બજાર ફરીથી આ સ્તરથી ઉપર ન આવે ત્યાં સુધી દબાણ યથાવત રહી શકે છે. હાલમાં વધુ પડતી આક્રમક ખરીદી ન કરો અને વૈશ્વિક બજારના સંકેતોની રાહ જુઓ. આઈટી અને મેટલ જેવા ક્ષેત્રોમાં હાલમાં અસ્થિરતા રહી શકે છે.

### રિલાયન્સના Q3 પરિણામો 16 જાન્યુઆરીએ આવશે

## ચાર દિવસમાં શેરના ભાવ 8 ટકા તૂટ્યા, માર્કેટ કેપમાં 1 લાખ કરોડ રૂપિયાનો ઘટાડો

મુંબઈ, તા.09




રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (RIL) એ તેના ત્રીજા ક્વાર્ટર (Q3) ના પરિણામોની તારીખ જાહેર કરી છે. કંપનીના બોર્ડ મેમ્બર્સ 16 જાન્યુઆરીએ યોજાનારી બેઠકમાં 31 ડિસેમ્બર 2025 ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરના નાણાકીય પરિણામોની સમીક્ષા કરશે અને તેને મંજૂરી આપશે.

એક્સચેન્જ ફાઈલિંગ અનુસાર, બોર્ડ મીટિંગ પછી એક એનાલિસ્ટ મીટ પણ યોજવામાં આવશે, જેમાં ચાલુ નાણાકીય વર્ષના નવ મહિનાના પ્રદર્શન પર ચર્ચા થશે.

પરિણામોની તારીખ એવા સમયે આવી છે જ્યારે રિલાયન્સના શેરોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ગુરુવારે NSE પર શેર 2% થી વધુ ઘટીને 1,470.70 પર બંધ થયો. આ છેલ્લા 8 સત્રોમાં સતત ચોથો ઘટાડો છે, જેમાં શેર લગભગ 8% સુધી તૂટી ગયો છે. કંપનીનું માર્કેટ કેપ 1 લાખ કરોડ રૂપિયાથી વધુ ઘટ્યું છે. તે 19.89 લાખ કરોડ પર આવી ગયું છે.

આ અઠવાડિયે મંગળવારે એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે રશિયન ક્રૂડ ઓઈલથી ભરેલા ત્રણ જહાજ રિલાયન્સની જામનગર રિફાઈનરી તરફ જઈ રહ્યા છે.

આ સમાચાર બાદ રિલાયન્સના શેરોમાં ઈન્ટ્રાડે 5% સુધીનો મોટો ઘટાડો જોવા મળ્યો. જોકે, રિલાયન્સે આ રિપોર્ટને સંપૂર્ણપણે ખોટો અને તથ્યહીન ગણાવીને નકારી કાઢ્યો.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને નાણાકીય વર્ષ 2025-26ના બીજા ક્વાર્ટરમાં 18,165 કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો (કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ) થયો. આ 2024-25ના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર કરતાં 10% વધુ છે. ગયા વર્ષે કંપનીને 16,563 કરોડ રૂપિયાનો નફો થયો હતો.

જ્યારે રિલાયન્સે પ્રોડક્ટ અને સર્વિસમાંથી 2.59 લાખ કરોડ રૂપિયાની આવક એટલે કે રેવન્યુ જનરેટ કરી હતી. વાર્ષિક ધોરણે તેમાં 10%નો વધારો થયો છે. એક વર્ષ પહેલા એટલે કે, જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર 2024માં કંપનીએ 2.35 લાખ કરોડ રૂપિયાની આવક જનરેટ કરી હતી.

એનાલિસ્ટ્સનું માનવું છે કે 16 જાન્યુઆરીએ આવનારા પરિણામો રિલાયન્સના શેરની ભવિષ્યની દિશા નક્કી કરશે. રોકાણકારોની નજર ખાસ કરીને કંપનીના ટેલિકોમ (Jio) અને રિટેલ બિઝનેસના માર્જિન પર રહેશે. સાથે જ જામનગર રિફાઈનરીના માર્જિન પણ મહત્વપૂર્ણ રહેશે.

## ભારત કોકિંગ કોલનો IPO આજથી ખુલ્યો: 50% પ્રીમિયમના સંકેતો, પ્રાઈસ બેન્ડ ₹21 થી ₹23 પ્રતિ શેર

મુંબઈ, તા.09



ભારત કોકિંગ કોલ (BCCL) નો IPO આજે 9 જાન્યુઆરીથી સબસ્ક્રિપ્શન માટે ખુલી ગયો છે. આ નવા વર્ષનો પહેલો મોટો પબ્લિક ઓફર છે. આ કોલ ઈન્ડિયાની સબસિડિયરી કંપની છે.

ગ્રે માર્કેટમાં આ શેર તેની ઈશ્યૂ પ્રાઈસથી 50% ઉપર ટ્રેડ કરી રહ્યો છે, જે તેની મજબૂત લિસ્ટિંગના સંકેત આપી રહ્યો છે. આ કંપની સ્ટીલ સેક્ટર માટે જરૂરી 'કોકિંગ કોલ' બનાવે છે.

આ આખો IPO 'ઓફર ફોર સેલ' (OFS) છે, એટલે કે તેના દ્વારા મળેલા પૈસા સીધા પ્રમોટર કંપની કોલ ઈન્ડિયા પાસે જશે. કંપનીએ તેનો પ્રાઈસ બેન્ડ 21 થી 23 પ્રતિ શેર નક્કી કર્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા 600 શેરના એક લોટ માટે બોલી લગાવી શકે છે, જેના માટે ઉપલા સ્તરે 13,800 નું રોકાણ કરવું પડશે. આ ઈશ્યૂ 13 જાન્યુઆરી સુધી ખુલ્લો રહેશે.

જો તમે ફોનપે, ગૂગલ-પે કે પેટીએમનો ઉપયોગ કરો છો અને તમારી પાસે પહેલાથી ઝીરોધા, ગ્રો જેવા બ્રોકર પાસે ડિમેટ એકાઉન્ટ છે તો આ સરળતાથી થઈ જશે. એપમાં જાઓ અને 'BCCL IPO' સર્ચ કરો. ડિટેલ્સ ભરો અને UPI ID નાખીને પેમેન્ટ એપ્રુવ કરી દો.

IPOમાં શેરનું એલોટમેન્ટ કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો દ્વારા થાય છે, જેમાં અરજી કરનારા તમામ રોકાણકારોના નામ રેન્ડમ રીતે પસંદ કરવામાં આવે છે. જો IPO ઓવરસબસ્ક્રાઈબ થાય છે, તો બધાને શેર મળવા શક્ય નથી હોતું. તેથી અમુક જ લોકોને શેર એલોટ થાય છે.

આ 'ઓફર ફોર સેલ' છે. એટલે કે તમે જે પૈસા રોકશો, તે કોલ ઈન્ડિયા પાસે જશે, કંપની પાસે બિઝનેસ વધારવા માટે નહીં. જ્યારે સરકારી કંપનીઓનું પ્રદર્શન સરકારી નીતિઓ અને વૈશ્વિક બજારમાં કોલસાની કિંમતો પર નિર્ભર કરે છે.

કંપનીનું કામકાજ કેટલાક ખાસ ભૌગોલિક ક્ષેત્રો (ઝરિયા અને રાણીગંજ) સુધી જ સીમિત છે. આવા સંજોગોમાં ત્યાં કોઈપણ પ્રકારની પર્યાવરણીય કે રેગ્યુલેટરી અડચણ આવતા ઉત્પાદન પર સીધો પ્રભાવ પડી શકે છે. આની કંપની પર નકારાત્મક અસર થઈ શકે છે.

માર્કેટ એક્સપર્ટ્સ અનુસાર અનઓફિશિયલ માર્કેટ (ગ્રે માર્કેટ) માં શેર 11-12 ના પ્રીમિયમ પર ચાલી રહ્યો છે. જો આ ટ્રેન્ડ જળવાઈ રહે છે, તો રોકાણકારોને લિસ્ટિંગના દિવસે જ લગભગ 50% નો નફો થઈ શકે છે. જોકે, જાણકારોનું કહેવું છે કે GMP ફક્ત બજારની ધારણા દર્શાવે છે અને તે ગ્લોબલ માર્કેટની સ્થિતિઓ અનુસાર બદલાઈ પણ શકે છે. લિસ્ટિંગ પછી આ કંપનીમાં કોલ ઈન્ડિયાની ભાગીદારી ઘટીને 90% રહી જશે. આનંદ રાઠી રિસર્ચે આ IPOને 'સબસ્ક્રાઈબ' રેટિંગ આપ્યું છે. બ્રોકરેજનું માનવું છે કે કંપનીની બજારમાં મજબૂત પકડ અને સ્ટીલ ઈન્ડસ્ટ્રીમાં તેની ઉપયોગિતાને જોતાં લિસ્ટિંગ પર સારા નફાની સંભાવના છે. જોકે, લાંબા ગાળે રોકાણકારોએ થોડું સાવચેત રહેવું જોઈએ કારણ કે કોકિંગ કોલની કિંમતો ગ્લોબલ માર્કેટના ઉતાર-ચઢાવ પર નિર્ભર કરે છે.

નાણાકીય મોરચે કંપનીનું પ્રદર્શન સ્થિર રહ્યું છે. નાણાકીય વર્ષ 2025માં કંપનીની આવક આશરે 13,803 કરોડ અને નફો 1,564 કરોડ રહ્યો. કંપનીની સૌથી મોટી તાકાત એ છે કે તે સંપૂર્ણપણે દેવામુક્ત (Debt-Free) છે અને તેની પાસે ભારે રોકડ પ્રવાહ છે.

નાણાકીય વર્ષ 2025ના આંકડા મુજબ BCCLનો ઘરેલું ઉત્પાદનમાં હિસ્સો 58.50% છે. 1 એપ્રિલ 2024 સુધીમાં કંપની પાસે આશરે 7,910 મિલિયન ટન કોલસાનો ભંડાર હતો. કંપની મુખ્યત્વે સ્ટીલ અને પાવર સેક્ટર માટે કોલસો તૈયાર કરે છે.

કંપનીએ 2021 થી 'હેવી અર્થ મૂવિંગ મશીનરી' (HEMM) નો ઉપયોગ વધારીને તેની ક્ષમતામાં વધારો કર્યો છે. વર્તમાનમાં કંપની 34 ખાણોનું સંચાલન કરી રહી છે. કંપની ઝરિયા અને રાણીગંજ કોલફિલ્ડના કુલ 288.31 ચોરસ કિલોમીટરના લીઝ એરિયામાં ફેલાયેલી છે. સામાન્ય કોલસાનો ઉપયોગ મોટાભાગે વીજળી બનાવવા માટે થાય છે, પરંતુ કોકિંગ કોલનો ઉપયોગ સ્ટીલ બનાવવાની ભઠ્ઠીઓમાં કરવામાં આવે છે. ભારત તેની જરૂરિયાતનો ઘણો કોકિંગ કોલ આયાત કરે છે, આવી સ્થિતિમાં BCCL જેવી સ્થાનિક કંપનીની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે.

## વોડાફોન-આઈડિયાના શેર 8% સુધી ઊછળ્યા: દેવું ચૂકવવા માટે 15 વર્ષનો સમય મળ્યો, નિષ્ણાતોએ કહ્યું- આ ટર્નિંગ પોઈન્ટ કે 'ટિકિંગ ટાઈમ બોમ્બ'

મુંબઈ, તા.09




દેવાના સંકટનો સામનો કરી રહેલી ટેલિકોમ કંપની વોડાફોન-આઈડિયા (Vi) ના શેર શુક્રવાર, 9 જાન્યુઆરીના રોજ 8% સુધી વધીને 12.40 ની ઈન્ટ્રાડે હાઈ પર પહોંચી ગયા.

સરકાર તરફથી AGR (એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ) બાકી ચૂકવવા માટે નવી સમય-મર્યાદા અને રાહત મળવાના સમાચાર બાદ કંપનીના શેરોમાં ખરીદી જોવા મળી છે. સરકારે કંપનીને હવે આગામી 15 વર્ષમાં હપ્તામાં દેવું ચૂકવવાનો સમય આપ્યો છે.

ટેલિકોમ વિભાગ (DoT) તરફથી મળેલા પત્ર અનુસાર કંપનીને FY 2006-07 થી FY 2018-19 સુધીના AGR બાકી માટે એક પેમેન્ટ પ્લાન મળ્યો છે.

ત્રીજો તબક્કો: બાકી રહેલા પૈસા માર્ચ 2036 થી માર્ચ 2041 ની વચ્ચે સમાન હપ્તામાં આપવા પડશે. આ ઉપરાંત સરકાર એક કમિટી બનાવશે જે AGR દેયતાઓની ફરીથી તપાસ કરશે. જો બાકી રકમમાં કોઈ ફેરફાર થાય છે, તો તેને 2036 થી 6 વર્ષની અંદર ચૂકવવી પડશે.

સરકારની રાહત પર બજારના જાણકારોના મંતવ્યો વહેંચાયેલા છે. એડલિટિકના સ્થાપક આદિત્ય અરોરાનું માનવું છે કે વોડાફોન-આઈડિયા હવે ફક્ત 'સર્વાઈવલ'ની લડાઈ નથી લડી રહી, પરંતુ આ એક 'ટર્નઅરાઉન્ડ'ની વાર્તા બની રહી છે. ફંડામેન્ટલ્સ ધીમે ધીમે સુધરી રહ્યા છે.

જ્યારે, નટવરલાલ એન્ડ સન્સ સ્ટોકબ્રોકર્સના સમીર દલાલ તેને 'ટિકિંગ ટાઈમ બોમ્બ' માને છે. તેમના મતે માત્ર ચુકવણીની તારીખ લંબાવવાથી કંપનીની મૂળભૂત સમસ્યાઓનો અંત આવતો નથી. ઈક્વિટી બેઝ ખૂબ મોટો થઈ ગયો છે, તેથી ફંડામેન્ટલ રોકાણકારોએ આ શેરથી દૂર રહેવું જોઈએ. કુશબોહરાના સ્થાપક કુશ બોહરાએ રોકાણકારોને તેમની પોઝિશન જાળવી રાખવાની સલાહ આપી છે. તેમણે જણાવ્યું કે ડિસેમ્બરના અંતથી શેર 12ની આસપાસ કન્સોલિડેટ થઈ રહ્યો છે. ઓપ્શન્સ ડેટા મુજબ 12ના સ્તરે ભારે રેઝિસ્ટન્સ છે. રોકાણકારોએ 11.30નો સ્ટોપ-લોસ લગાવીને ટકી રહેવું જોઈએ. હાલમાં શેર 2.40% વધીને 11.78 રૂપિયાની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે. જોકે, બ્લૂમબર્ગના ડેટા અનુસાર કંપનીને ટ્રેક કરતા 22 એનાલિસ્ટ્સમાંથી માત્ર 5 એ 'Buy' રેટિંગ આપી છે, જ્યારે 10 એ તેને વેચવા (Sell) અને 7 એ હોલ્ડ કરવાની સલાહ આપી છે.

કેન્દ્ર સરકાર હાલમાં વોડાફોન-આઈડિયામાં લગભગ 49% હિસ્સા સાથે સૌથી મોટી શેરહોલ્ડર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કંપનીએ તેના સ્પેક્ટ્રમ અને વ્યાજની બાકી રકમને ઈક્વિટી (શેર) માં રૂપાંતરિત કરી હતી, જેનાથી સરકારનો હિસ્સો વધી ગયો.

શરૂઆત: 1994માં જ્યારે મોબાઈલ સેવાઓ શરૂ થઈ ત્યારે કંપનીઓએ સરકારને એક નિશ્ચિત વાર્ષિક ફી ચૂકવવી પડતી હતી. પરંતુ 1999માં સરકારે નીતિ બદલી અને હવે ટેલિકોમ કંપનીઓએ તેમની કમાણી (રેવન્યુ) ના આધારે લાઈસન્સ ફી ચૂકવવાની હતી. અહીંથી જ વિવાદની શરૂઆત થઈ. લાઈસન્સ ફી નક્કી કરતી વખતે 'કમાણી' માં શું-શું ગણવામાં આવે, તે બાબતે ટેલિકોમ કંપનીઓ અને ટેલિકોમ વિભાગ (DoT) વચ્ચે મતભેદ થયો. વિવાદ: કંપનીઓનું કહેવું હતું કે AGRમાં ફક્ત તેમની મુખ્ય સેવાઓ- જેમ કે કૉલ, ડેટા અને SMSથી થતી કમાણી જ શામેલ થવી જોઈએ. પરંતુ સરકાર આ વાત પર અડગ હતી કે તેમાં બધું જ શામેલ થશે. ભાડું, વ્યાજ અથવા જૂના ટાવર વેચવાથી થતો નફો પણ. કોર્ટનો નિર્ણય: સુપ્રીમ કોર્ટે 2019માં સરકારની વાત સાચી માની. આ પછી કંપનીઓ પર હજારો કરોડનું બાકી નીકળ્યું. VI પર આ બોજ સૌથી વધુ એટલા માટે પડ્યો કારણ કે તેમાં બે કંપનીઓ (વોડાફોન અને આઈડિયા) નું જૂનું બાકી દેવું જોડાઈ ગયું હતું અને તેના પર 12-16% વ્યાજ અને પેનલ્ટી લાગતી રહી. માર્ચ 2025 સુધીમાં તે વધીને 83,400 કરોડ થઈ ગયું. સુપ્રીમ કોર્ટે જે આદેશ આપ્યો હતો તેમાં 2006-07 થી 2018-19 સુધીના સમયગાળાની લાઈસન્સ ફી અને સ્પેક્ટ્રમ યુસેજ ચાર્જ (SUC) બાકી શામેલ હતો.

## EPFO મોટા ફેરફારની તૈયારીમાં, કર્મચારી તાત્કાલિક ઉપાડી શકશે PFની રકમ....

મુંબઈ, તા.09




કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન(EPFO)ના સભ્યો માટે એક મોટી ડિજિટલ સુવિધા આવી રહી છે, જેનાથી ભવિષ્ય નિધિ(PF) માંથી પૈસા ઉપાડવાનું વધુ સરળ અને ઝડપી બનશે. EPFO ટૂંક સમયમાં BHIM UPI એપ દ્વારા તાત્કાલિક એડવાન્સ ઉપાડ(Instant Advance Withdrawal)ની સુવિધા શરૂ કરવા જઈ રહ્યું છે. આનાથી દેશના 30 કરોડથી વધુ EPFO સભ્યોને ફાયદો થશે અને માનવામાં આવી રહ્યું છે કે આ સુવિધા આગામી 2-3 મહિનામાં શરૂ થઈ શકે છે. આ સિસ્ટમ મહદઅંશે ATMમાંથી પૈસા ઉપાડવા જેવી હશે, એટલે કે જરૂર પડ્યે તરત જ PFમાંથી પૈસા મળી શકશે. આ નવી વ્યવસ્થા માટે, EPFOએ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(NPCI) સાથે ભાગીદારી કરી છે. BHIM એપ પર, EPFO સભ્યો આરોગ્ય, શિક્ષણ, લગ્ન અથવા અન્ય કોઈ ખાસ પરિસ્થિતિ જેવી મંજૂર કરાયેલી કેટેગરીમાં PF એડવાન્સ માટે દાવો કરી શકશે. દાવો દાખલ થતાં જ, EPFOની બેકએન્ડ સિસ્ટમ તેની ચકાસણી અને વેરિફિકેશન કરશે. બધું બરાબર જણાય તો, મંજૂર થયેલી રકમ સીધી SBI દ્વારા સભ્યના UPI સાથે જોડાયેલા બેન્ક ખાતામાં તરત જ ટ્રાન્સફર કરી દેવામાં આવશે. શરૂઆતમાં આ સુવિધા માત્ર BHIM એપ પર જ ઉપલબ્ધ થશે, પરંતુ ભવિષ્યમાં તેને અન્ય UPI-આધારિત ફિનટેક એપ્સ પર પણ શરૂ કરી શકાય છે. જોકે, આ સુવિધામાં ઉપાડની રકમ પર કેટલીક મર્યાદાઓ પણ લાગુ થઈ શકે છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, શરૂઆતમાં સંપૂર્ણ PF રકમ ઉપાડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ભારતીય રિઝર્વ બેન્ક(RBI) દ્વારા UPI ટ્રાન્ઝેક્શન પર નક્કી કરાયેલી મર્યાદાઓને ધ્યાનમાં રાખીને, ઈન્સ્ટન્ટ ઉપાડની મર્યાદા નક્કી કરવામાં આવશે જેથી તેનો કોઈ દુરુપયોગ ન થાય. હાલમાં, મહત્તમ કેટલી રકમ તરત ઉપાડી શકાશે તે નક્કી થયું નથી, પરંતુ EPFO તેના પર વિચાર કરી રહ્યું છે. હાલમાં, PF ઉપાડવાની પ્રક્રિયામાં ઘણો સમય લાગે છે. જો કોઈ સભ્ય ઓટો-મોડ હેઠળ 5 લાખ સુધીના ઓનલાઈન એડવાન્સ માટે દાવો કરે છે, તો પણ તેને ઓછામાં ઓછા 3 કામકાજી દિવસો લાગી જાય છે. વધુ રકમના દાવા અથવા મેન્યુઅલ પ્રક્રિયામાં આનાથી પણ વધુ સમય લાગે છે. આવી સ્થિતિમાં, BHIM એપ દ્વારા તાત્કાલિક PF ઉપાડની સુવિધા લાખો કર્મચારીઓ માટે, ખાસ કરીને કટોકટીની જરૂરિયાતો સમયે, મોટા રાહતના સમાચાર છે. આ પગલું EPFOને વધુ ડિજિટલ, ઝડપી અને યુઝર-ફ્રેન્ડલી બનાવવાની દિશામાં એક મોટો ફેરફાર માનવામાં આવે છે.

# ઇન્દોર જેવું કાંડ ન થાય એટલે અમદાવાદમાં 300 કરોડના ખર્ચે પાણી-ડ્રેનેજની જૂની લાઈનો બદલાશે

**અમદાવાદ, તા.09**

અમદાવાદમાં પાણીજન્ય એવા ઝાડા ઉલટી, કમળો, ટાઈફોઈડ અને કોલેરાના કેસ વધી રહ્યા છે. ઈંદોરની જેમ જળકાંડ સર્જાવાની દહેશત વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સતત મીટિંગના દોર શરુ થઈ ગયા છે. રોગચાળા માટે 26 હોટસ્પોટ એરીયા જાહેર કરાયા છે.



ગોમતીપુર,બહેરામપુરા અને દાણીલીમડા સહિતના અનેક એવા વિસ્તાર છે કે જ્યાં કોર્પોરેશનની પાણી કે ડ્રેનેજની લાઈન પસાર થાય છે તે વિસ્તારમા લાઈન બદલવા મકાનો તોડવા પડે એવી સ્થિતિ સર્જાઈ છે. કેટલાક મકાન તોડવા પડશે એ અંગે સર્વે શરુ કરવામા આવ્યો છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના કહેવા મુજબ,પાણી અને ડ્રેનેજની લાઈન બદલવા અંદાજે રુપિયા 300 કરોડનો ખર્ચ થશે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પ્રદૂષિત પાણીના કારણે ટાઈફોઈડ સહિતના રોગના કેસ વધ્યા છે. જેને કારણે કોર્પોરેશનના હેલ્થ અને ઈજનેર વિભાગ સહિતનો સ્ટાફ દોડતો થઈ ગયો છે. આગામી સમયમાં કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી આવી રહી છે. આ પહેલા શહેરમાં રોગચાળાની પરિસ્થિતિ વકરે નહીં એ માટે મ્યુનિસિપલ કમિશનરની સાથે શાસક ભાજપના હોદ્દેદારો પણ કામે લાગી ગયા છે.

જે વિસ્તારોમાં લોકોને પ્રદૂષિત પાણી મળે છે એ વિસ્તારના લોકોને જયાં સુધી પ્રદૂષણની સમસ્યા હલ ના થાય ત્યાં સુધી ટેન્કરથી પાણી પુરુ પાડવા પાછળ પણ કોર્પોરેશન લાખો રૂપિયાનો ખર્ચ કરે છે. થોડા સમય પછી ફરી જે સ્થળે પાણીમા પોલ્યુશન આવવાની સમસ્યા અગાઉ થઈ હોય ત્યાંના લોકોની ફરિયાદ તંત્રને મળે છે.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહ્યું કે,પાણીના પોલ્યુશનની સમસ્યાના કાયમી નિકાલ માટે વર્ષો જુની લાઈનના સ્થાને નવી લાઈન નાંખવાનો નિર્ણય કરવામા આવ્યો છે. વિવિધ વિસ્તારમાં આવેલા વેજીટેબલ માર્કેટ અને ખાણી-પીણી બજારમાંથી સડેલા બટાકા સહિતના અન્ય શાકભાજીના જથ્થાનો નાશ કરવાથી લઈ તમામ સ્થળે સાફ સફાઈ રાખવા તમામ વિભાગને તાકીદ કરવામા આવી છે.

પૂર્વ અને દક્ષિણ અમદાવાદના વિસ્તારમાં ચાલીઓમા રહેતા લોકો મોટાભાગે ગરીબ અને શ્રમિક વર્ગના છે. 30 કે 40 વર્ષથી જે ચાલીઓમાં લોકો રહે છે. એવા લોકોના મકાન નીચેથી પસાર થતી કોર્પોરેશનની પાણી અને ડ્રેનેજની લાઈન વર્ષો પછી બદલવા તેમના મકાન તોડવા તેઓ સંમતિ આપશે કે કેમ?

ઉપરાંત માની લો કે તેઓ સંમતિ આપે તો પણ તેમના મકાન તોડવામા આવે તે સામે કોર્પોરેશન તરફથી તેમને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આર્થિક વળતર અપાશે કે પછી આવાસની ફાળવણી કરાશે આ મુદ્દા ઉપર પણ હજુ સુધી કોર્પોરેશનના સત્તાધીશો કે તંત્ર તરફથી કોઈ નકકર નિર્ણય લેવામા આવ્યો નથી.

કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીમા સામાન્ય રીતે મ્યુનિસિપલ કમિશનર હાજર જ રહેતા હોય છે. આમ છતાં ગુરુવારે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પહેલા મેયરની એન્ટી ચેમ્બરમાં મેયર સહિતના પદાધિકારીઓએ મ્યુનિસિપલ કમિશનર સાથે એક મહત્વની બેઠક કરી હતી. આ બેઠકમાં શહેરમા રોગચાળાને લઈ ઉદભવેલી સ્થિતિ અને તેને કેવી રીતે નિયંત્રણમા લેવી એ મુદ્દા ઉપર ચર્ચા કરાઈ હતી.બુધવારે કમિશનરે વીકલી રીવ્યુ બેઠકમાં રોગચાળાને લઈ અધિકારીઓ ઉપર ગાજ વરસાવી હતી.તેને શાંત કરવા પ્રયાસ કરાયો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના શહેરના વિવિધ વોર્ડમાં આવેલા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં કલોરીન ડોઝિયર લગાવવુ ફરજિયાત કરાયું છે. સ્ટેન્ડિંગ કમિટીમા લેવામા આવેલા નિર્ણય મુજબ, અત્યારસુધી વોટર સ્ટેશનમાં પાણી માટે પી.એચ.વેલ્યુ અને ટર્બીડીટી ચેક કરાતી હતી.ચેરમેનના કહેવા મુજબ, વોટર સ્ટેશન માટે આવનારા સમયમાં કેટલાક પેરામીટર્સ બદલવામા આવશે. જેમાં ઈકોલાઈ બેકટેરીયા કે પાણીની અંદરના ટોકસીનને વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઉપર માપવામા આવશે. જેના પરિણામે પાણીમા કોઈ શંકા લાગે તો પાણીના વિતરણને તાકીદે અટકાવાશે. કલોરીન ડોઝિયર મુકી કલોરીન ટેસ્ટ કરાશે.

## GLS યુનિ. પાસે વિદ્યાર્થીઓની બબાલ

# રેસ લગાડવા બાબતે મેસેજમાં બોલાચાલી બાદ એક વિદ્યાર્થીએ અન્યને માથામાં કડું માર્યું, મિત્રએ વચ્ચે પડીને બચાવ્યો....

**અમદાવાદ, તા.09**




અમદાવાદમાં GLS યુનિવર્સિટી બહાર એક વિદ્યાર્થીને અન્ય કેટલાક વિદ્યાર્થીઓએ માર માર્યો હતો. BBA સેમેસ્ટર-2માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીની અન્ય વિદ્યાર્થી સાથે રેસ લગાવવા જેવી બાબતે બોલાચાલી થઈ હતી. રેસ લગાવવા બાબતે મેસેજમાં બોલાચાલી થયા બાદ વિદ્યાર્થી રોહિતને પ્રભજીતસિંગ કલસી સહિતના વિદ્યાર્થીઓએ માર માર્યો હતો. હાથમાં પહેરેલું કડું રોહિતના માથામાં મારતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. અન્ય વિદ્યાર્થીઓએ બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રોહિતે પ્રભજીતસિંગ કલસી સહિત ત્રણ લોકો સામે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રોહિત કુમાવત લો ગાર્ડન પાસે આવેલી GLS કોલેજમાં BBAના સેમેસ્ટર 2માં અભ્યાસ કરે છે. ગત 7 તારીખે રોહિત કુમાવત અને પ્રભજીતસિંગ કલસી વચ્ચે રેસ લગાવવા બાબતે મેસેજમાં બોલાચાલી થઈ હતી. જે બાદ ગઈકાલે(8 જાન્યુઆરી) બપોરના સમયે રોહિત તેના ઘરેથી ક્રેટા ગાડી લઈને કોલેજમાં ફી ભરી હતી તેની રિસિપ્ટ લેવા માટે નીકળ્યો હતો. તેમજ તેની સાથે તેના મિત્ર આદિ મોર્યને લઈને GLS કોલેજ આવી રહ્યો હતો. બપોરના સમયે રોહિતે તેની ગાડી GLS યુનિવર્સિટીના ગેટ નંબર 8ની સામે ગલીમાં પાર્ક કરી કોલેજ તરફ જઈ રહ્યો હતો.

તે સમયે જ રેસ લગાવવા બાબતે મેસેજમાં બોલાચાલી થઈ હતી. તે યુવક પ્રભજીતસિંગ કલસી તેના બે મિત્રો સાથે કોલેજની બહાર આવી રહ્યો હતો. જે બાદ પ્રભજીતસિંગ ગાળો શા માટે બોલે છે તેવું કહી રોહિતને તેની ગાડીની પાછળ લઈ ગયો હતો. જે દરમિયાન પ્રભજીતસિંગે ગાળો આપી હોવાનું રેકોર્ડિંગ હોવાનો પણ દાવો કર્યો હતો. જે બાદ અચાનક ઉશ્કેરાઈ લાફા ઝીંકી હાથમાં પહેરેલું કડું રોહિતના માથામાં માર્યું હતું. તેમજ તેની સાથે આવેલા અન્ય મિત્રોએ પણ રોહિતને બીભત્સ ગાળો આપી ઢોર માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો ફરિયાદીએ આક્ષેપ કર્યો છે. જો કે રોહિતને વધારે માર મારતા તેના મિત્ર આદિએ વચ્ચે પડીને તેને માર ખાતો બચાવ્યો હતો. તેમજ રોહિત ઈજાગ્રસ્ત થતા તેનો મિત્ર આદિ તેને રિક્ષામાં બેસાડીને વી.એસ. હોસ્પિટલ લઈ ગયો હતો. જે બાદ રોહિતે પ્રભજીતસિંગ કલસી સહિત ત્રણ લોકો સામે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# કોર્પોરેશન તંત્ર સફાળુ જાગ્યું, અમદાવાદમાં વોટર જગ સપ્લાયરે પાણીમાં કલોરીન પણ નાંખવુ પડશે

**અમદાવાદ, તા.09**

અમદાવાદમાં વ્યાપક બનતા જતા પાણીજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા કોર્પોરેશન તંત્ર સફાળુ જાગ્યુ છે. શહેરમાં ૧૭૦ જેટલા વોટર જગ સપ્લાયર રજિસ્ટર્ડ છે. આ તમામે તેમના આઉટલેટ સપ્લાય સાથે કલોરીન ઉમેરવુ પડશે. ઉપરાંત કોર્પોરેશનના જે તે ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસરના ગ્રુપમાં તેના ફોટા પણ મોકલવા પડશે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર(હેલ્થ) ભરત પરમારે કહયુ,હાલમા પાણીજન્ય કેસોને ધ્યાનમા રાખીને વોટર જગ સપ્લાયર રહેણાંક અને કોમર્શિયલ એકમોમા પીવાનુ પાણી કલોરીનયુકત પહોંચાડે એ જરુરી છે. તમામ વોટરજગ સપ્લાયર સાથે આ અંગે બેઠક કરી હોવાનો તેમણે દાવો કર્યો હતો.આ ઉપરાંત જે સ્થળે તેઓ વ્યવસાય કરતા હોય તે સ્થળે પાણી ભરતા પહેલા જગને સ્વચ્છ કરી સપ્લાય કરવામા આવતા પાણીમા કલોરીન નિયમ મુજબ છે કે નહીં તે ટેસ્ટ કરી કલોરીન યુકત પાણી સપ્લાય કરવાનુ રહેશે. કોર્પોરેશનની અલગ અલગ ટીમ દ્વારા સમયાંતરે આ તમામ વોટરજગ સપ્લાયરને ત્યાં તપાસ કરાશે.નિયમોનુ પાલન નહીં કરનારા સામે કોર્પોરેશન કાર્યવાહી કરશે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે અનેક ચાલી વિસ્તારમા છેવાડાના વિસ્તારમા પ્રદૂષિત પાણીની સમસ્યા જોવા મળી હોવાનુ કહયુ હતુ. આ પાછળ આગળના ભાગમા રહેનારા પાણી મેળવવા મોટર ચલાવતા હોવાથી અંદરના વિસ્તાર સુધી અપુરતા પ્રેશરથી પણ પાણી પહોંચતુ હોવાનો તર્ક તેમણે વહેતો કર્યો હતો.

# ઉત્તરાયણ પહેલાં પોલીસના 'ઓપરેશન દોરી' અંતર્ગત 409 ગુના નોંધાયા, 477 લોકોની ધરપકડ થઈ, 2.67 કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

**અમદાવાદ, તા.09**

ગુજરાત હાઈકોર્ટમાં વર્ષ 2016માં એડવોકેટ સિદ્ધરાજસિંહ ચુડાસમા દ્વારા ચાઈનીઝ દોરી અને ચાઈનીઝ તુક્કલ ઉપર પ્રતિબંધની માગ સાથેની જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. જે સંદર્ભે હાઈકોર્ટે ઉપરોક્ત સામગ્રી સાથે સિન્થેટિક દોરી પર પણ પ્રતિબંધ મૂક્યો છે. ત્યારે રાજ્ય સરકારની કામગીરી સંદર્ભે ગૃહ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીએ આગામી મકરસંક્રાંતિ પહેલા રાજ્યની પોલીસ દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ, સંગ્રહ, ઉત્પાદન અને વપરાશ સામે કરાયેલી કાર્યવાહીના આંકડાઓ સોગંદનામા દ્વારા રજૂ કર્યા હતા. જે મુજબ રાજ્યમાં સિન્થેટિક દોરીનો પતંગ ચગાવવા માટે ઉત્પાદન વેચાણ સંગ્રહ અને વપરાશ કરતા કિસ્સાઓમાં 409 ગુના નોંધવામાં આવ્યા છે. ચાઈનીઝ દોરીના 71,819 યુનિટ જપ્ત કરવામાં આવ્યા છે. જે કુલ મુદ્દામાલની રકમ 2.67 કરોડ જેટલી થવા જાય છે અને 477 લોકોની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે 342 મિટિંગો જનજાગૃતિ માટે યોજવામાં આવી છે. જાહેર માધ્યમોમાં 37 જાહેરાતો અને 73 ઈન્ટરવ્યૂ આપવામાં આવ્યા છે. 683 જેટલી સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. જ્યારે જાગૃતિ માટે 14 વાહનો રાખવામાં આવ્યા છે. દર



વર્ષે 2000 જેટલા પક્ષીઓ ઉતરાયણમાં ઘાતક દોરીનો ભોગ બને છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસના SP ઓમ પ્રકાશ જાટ દ્વારા ઓપરેશન દોરી અંતર્ગત દાદરા નગર હવેલીની ફેક્ટરી પર દરોડા પાડીને 2 કરોડથી વધુની ચાઈનીઝ દોરીનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ બાબતે વધુ સુનવણી 30 જાન્યુઆરીના રોજ રાખવામાં આવી છે. ગત સુનવણીમાં ઉત્તરાયણમાં વપરાતી ઘાતક ચાઈનીઝ અને કાચ પાયેલા માંજાના મામલે થયેલી અરજીમાં રાજ્ય સરકારના એક સોગંદનામાને હાઈકોર્ટે રેકર્ડ પર લીધું હતું. જેમાં જણાવ્યું હતું કે, ચાઈનીઝ અને કાચ પાયેલા સિન્થેટિક માંજા પરના પ્રતિબંધનો અમલ થઈ રહ્યો છે અને જરૂરી તમામ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારબાદ હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે, ચાઈનીઝ માંજા અને કાચ પાયેલા દોરા પર પ્રતિબંધ અંગે જાન્યુઆરી-2026 માટેનો પરિપત્ર જાહેર કરી દેવામાં આવ્યો છે. આ માટેની જાહેર પ્રસિદ્ધિ પણ સોશિયલ મીડિયા, મીડિયા, રિક્ષા પર જાહેરાતના માધ્યમથી કરવામાં આવી રહી છે. એ ઉપરાંત ઓથોરિટી પ્રતિબંધ વસ્તુઓના ગેરકાયદેસર ઉત્પાદન એકમો ઉપર રેડ પણ પાડી રહ્યા છે. અનેક લોકોની ધરપકડ કરવામાં આવી છે. દર વર્ષે ચાઈનીઝ અને કાચ પાયેલા ઘાતક માંજાના પ્રતિબંધ માટે હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવે છે. આ મામલે હાઈકોર્ટે કાયમી નિકાલની કોશિશ કરી છે. જેના ભાગરૂપે અગાઉ એક આકરો આદેશ પણ કર્યો હતો. જેના પગલે દોરીના ઉત્પાદકોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી અને રજૂઆત કરવામાં આવી હતી કે જો સામાન્ય રીતે રંગાયેલી કે ઘસાયેલી દોરી કે માંજા પર પ્રતિબંધ મૂકી દેવાશે તો તહેવાર નિરર્થક બની જશે. જો કે ત્યારબાદ સામાન્ય દોરા કે માંજા અંગેની સરકારી પરિપત્ર દ્વારા સ્પષ્ટતા થઈ જતાં ઉત્પાદકોને રાહત મળી છે. ઉતરાયણના તહેવાર પહેલાથી જ પતંગ ઉડાડવાનું શરૂ થઈ જાય છે, ત્યારે ચાઈનીઝ દોરી અને ગ્લાસ કોટેડ માંજાથી અનેક લોકો ઘાયલ થતા હોય છે, તેમજ મૃત્યુ પામતા હોય છે. પશુ-પક્ષી ઉપરાંત માણસો પણ ઘાતકી દોરીથી ઈજાગ્રસ્ત થાય છે. ત્યારે વર્ષ 2016માં હાઈકોર્ટમાં ચાઈનીઝ દોરી, નાયલોન દોરી, સિન્થેટિક દોરી અને ગ્લાસ કોટેડ કોટન દોરી અને આગની દુર્ઘટના માટે જવાબદાર ચાઈનીઝ તુક્કલ ઉપર પ્રતિબંધની માગ સાથે જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી.

# સુરતના કાપોદ્રામાં જૂની અદાવતમાં લોહિયાળ ખેલ: ચાર શખસોએ મળીને એક યુવકની ચપ્પુના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી

**સુરત, તા.09**

સુરત શહેરના વરાછા વિસ્તારમાં આવતા કાપોદ્રા ચાર રસ્તા પાસે ગત રાત્રિએ જૂની અદાવતને પગલે બે જૂથો સામસામે આવી ગયા હતા. આ હિંસક અથડામણમાં ચાર શખસોએ મળીને એક યુવકની ચપ્પુના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી છે, જ્યારે અન્ય બે યુવકો ગંભીર રીતે ઘાયલ થયા છે. કાપોદ્રા પોલીસે ગણતરીના કલાકોમાં ચારેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે.



મળતી માહિતી મુજબ મૃતક મંગલ ઉર્ફે બારીક યાદવ અને સામેના પક્ષ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વેર ચાલતું હતું. કાપોદ્રા ચાર રસ્તા પાસે બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડા દરમિયાન ઉશ્કેરાયેલા આરોપીઓએ તારી બહુ ચરબી વધી ગઈ છે તેમ કહી મંગલ પર ચપ્પુ વડે તૂટી પડ્યા હતા. મંગલને શરીરના ભાગે ઉપરાછાપરી ઘા મારવામાં આવતા તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો અને તેનું મોત નીપજ્યું હતું.

આ મારામારીમાં મંગલને બચાવવા વચ્ચે પડેલા અન્ય બે મિત્રોને પણ આરોપીઓએ નિશાન બનાવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સ્મિમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મૃતક મંગલ ઉર્ફે બારીકની વિરુદ્ધ અગાઉ અનેક પોલીસ ફરિયાદો અને ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હત્યા કરનાર આરોપીઓ પણ ગુનાહિત ભૂતકાળ ધરાવે છે. આ ઘટના પાછળ જૂની અદાવત હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.

આ ઘટનાની જાણ થતા જ કાપોદ્રા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. બે આરોપીઓની સુરત શહેરના અલગ-અલગ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી. બાકીના બે આરોપીઓ ભાગીને સુરેન્દ્રનગર પહોંચી ગયા હતા, જેમને પણ પોલીસે લોકેશન ટ્રેસ કરીને ઝડપી પાડ્યા છે. કાપોદ્રા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર